ॐ

ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ વિરચિત

# તત્ત્વજ્ઞાન તરંગિણી


પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ભગવાન શ્રી કુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૧૭૯

ॐ

नमः शुद्धचिद्रूपाय।

## ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ વિરચિત

# તત્ત્વજ્ઞાનતરંગિણી

સહજ ચિદાનંદ.

: અનુવાદક :

**બ્ર. શ્રી વ્રજલાલ ગિરધરલાલ શાહ**

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

| | | | |
|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૨૦૦૦ | વિ સં. ૨૦૪૬ | ઈ.સ. ૧૯૮૯ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૨૦૦૦ | વિ સં. ૨૦૬૫ | ઈ.સ. ૨૦૦૯ |

તત્ત્વજ્ઞાનતરંગિણી (ગુજરાતી)ના
❀ **સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા** ❀
**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ**
(પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૦મી જન્મજયંતીની
સુવર્ણપુરીમાં ઊજવણીની ખુશાલીમાં)


આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૨૪=૫૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૨૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૦=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૧૦=૦૦**

**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
PH (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રકાશકીય નિવેદન

જન્મમરણમય દુઃખપ્રચુર ચતુર્ગતિ-પરિભ્રમણના અંતનો ઉપાય એકમાત્ર જિનેન્દ્રપ્રણીત વીતરાગ ધર્મ છે. વીતરાગ ધર્મનું મૂળ, સ્વ-પરના અને સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાન દ્વારા પ્રગટ થતું, સ્વાનુભૂતિપ્રધાન નિર્મળ સમ્યગ્દર્શન છે. તે પ્રાપ્ત કરવા માટે વિપરીત-અભિનિવેશવિહીન-તત્ત્વજ્ઞાનહેતુક—જીવ આદિ નવ તત્ત્વોના યથાર્થ જ્ઞાનવડે ભેદજ્ઞાનના અભ્યાસ દ્વારા—નિજ-શુદ્ધાત્મજ્ઞાન અત્યંત આવશ્યક છે. સ્વાનુભવસ્યંદી તે પવિત્ર જ્ઞાનના આશ્રયભૂત શુદ્ધાત્મતત્ત્વનું અદ્‌ભુત સ્વરૂપ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે તેમનાં શ્રી સમયસાર આદિ અનેક પરમાગમોમાં દર્શાવ્યું છે. ઉત્તરવર્તી અનેક ગ્રંથકારોએ પણ, ભગવાન કુંદકુંદાચાર્યદેવનું અનુસરણ કરીને તેનું—આત્મહિત માટે મૂળ પ્રયોજનભૂત શુદ્ધાત્મદ્રવ્યનું—નિરૂપણ પોતપોતાના ગ્રંથોમાં કર્યું છે. ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણજીએ પણ આ 'તત્ત્વજ્ઞાન-તરંગિણી' નામના ગ્રંથમાં આત્મદ્રવ્યનું વર્ણન 'શુદ્ધચિદ્રૂપ' શબ્દથી ઘણું સુંદર કર્યું છે કે જેનો રુચિપૂર્વક સ્વાધ્યાય કરતાં, 'શુદ્ધચિદ્રૂપ'ના અનુપમ મહિમાથી ભરપૂર એક મધઉરા સંગીતનો અનુભવ થાય છે.

આ યુગમાં મુમુક્ષુજગતને ભવાંતકારી સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિનું તથા તે બંનેના આલંબનભૂત નિજશુદ્ધાત્મતત્ત્વનું—ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકપરમભાવનું—અચિંત્ય મહત્ત્વ સમજવામાં આવ્યું હોય તો તે બધો પ્રતાપ—બધો ઉપકાર—પરમતારણહાર પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો છે; તેમના જ પુનિત પ્રભાવથી મુમુક્ષુ સમાજમાં સમ્યગ્દર્શનના વિષયભૂત 'શુદ્ધચિદ્રૂપ'ના અભ્યાસની પ્રવૃત્તિ થઈ છે.

'નિજશુદ્ધચિદ્રૂપ'ની રુચિના પોષણ અર્થે, અધ્યાત્મયુગ પ્રવર્તક પરમપૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ સોનગઢમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની મંગલવર્ષિણી છાયામાં પ્રવર્તમાન દેવગુરુભક્તિભીની અનેક ગતિવિધિના અંગભૂત સત્સાહિત્યપ્રકાશનવિભાગ દ્વારા, 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી–જન્મશતાબ્દી' વર્ષના મંગલ અવસરે, આ 'તત્ત્વજ્ઞાન-

તરંગિણી'નો ગુજરાતી ભાષાનુવાદ સંસ્થા દ્વારા પ્રથમ વાર પ્રકાશિત કરતાં અતિ હર્ષ થાય છે.

આ ગદ્યાનુવાદ, 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ—આગાસ' દ્વારા પ્રકાશિત તત્ત્વજ્ઞાન-તરંગિણીના આધારે વઢવાણનિવાસી બ્ર. શ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે કરી આપ્યો છે; તથા આ સંસ્કરણમાં તત્ત્વજ્ઞાન-તરંગિણીનો સ્વ. શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ રચિત ગુજરાતી પદ્યાનુવાદ પણ આપવામાં આવ્યો છે. તેથી ગદ્યાનુવાદ અને પદ્યાનુવાદ કરનાર તે બંને મહાનુભાવોનો તથા ઉક્ત પ્રકાશક સંસ્થાનો અત્રે આભાર માનીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશનની યોજના તથા પ્રૂફસંશોધનકાર્ય શ્રી પવનકુમારજી જૈને, તથા સુંદર મુદ્રણકાર્ય 'કહાન મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈને કરી આપ્યું છે; તેથી તે બંનેનો પણ આભાર માનીએ છીએ.

ટ્રસ્ટના આ અભિનવ પ્રકાશન દ્વારા મુમુક્ષુસમાજ અવશ્ય લાભાન્વિત થાય એ જ આજના પ્રકાશન-અવસરે મંગળ ભાવના.

વિ.સં. ૨૦૪૬, માગશર વદ ૮,
(શ્રી કુંદકુંદ—આચાર્યપદદિન)
'કહાનગુરુ-જન્મશતાબ્દી' વર્ષ

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# પ્રકાશકીય નિવેદન

(દ્વિતીય આવૃત્તિ)


આ ગુજરાતી "તત્ત્વજ્ઞાન તરંગિણી" ગ્રંથની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી તેની દ્વિતીય આવૃત્તિ ફરી છપાવવામાં આવેલ છે. આગળની આવૃત્તિમાં જે મુદ્રણ અશુદ્ધિઓ હતી તે સુધારીને આ આવૃત્તિ મુદ્રિત કરવામાં આવી છે.

મુદ્રણકાર્ય 'કહાન મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈને કાળજીપૂર્વક સારું કરી આપ્યું છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ ગ્રંથના પઠન-પાઠનથી મુમુક્ષુ જીવ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એ જ ભાવના

વિ.સં. ૨૦૬૫, વૈશાખ સુદ ૨,<br>
પૂજ્ય ગુરુદેવશ્રીનો<br>
૧૨૦મો જન્મોત્સવ<br>
તા. ૨૬-૪-૨૦૦૯

સાહિત્યપ્રકાશનસમિતિ<br>
**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**<br>
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)



# વિષયાનુક્રમણિકા


૧. શુદ્ધ ચિદ્રૂપનાં લક્ષણ ---------- ૧
૨. શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનમાં ઉત્સાહ પ્રદાન ---------- ૧૦
૩. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિના ઉપાય ---------- ૨૨
૪. શુદ્ધ ચિદ્રૂપના માર્ગની સુગમતા ---------- ૩૨
૫. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ કદી પૂર્વે કોઈ વાર થઈ નથી ---------- ૪૧
૬. શુદ્ધ ચિદ્રૂપનાં સ્મરણમાં નિશ્ચળતાનો બોધ ---------- ૫૦
૭. શુદ્ધ ચિદ્રૂપના સ્મરણમાં નયોના અવલંબનનું વર્ણન ---------- ૫૮
૮. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે ભેદજ્ઞાનની આવશ્યકતા ---------- ૬૬
૯. શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનને માટે મોહત્યાગની આવશ્યકતા ---------- ૭૪
૧૦. શુદ્ધ ચિદ્રૂપનાં ધ્યાનાર્થે અહંકાર મમકારના ત્યાગનો ઉપદેશ ---- ૮૩
૧૧. શુદ્ધ ચિદ્રૂપના ઉપાસકોની વિરલતાનું વર્ણન ---------- ૮૯
૧૨. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિનું અસાધારણ કારણ રત્નત્રય ---------- ૯૭
૧૩. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે વિશુદ્ધિની ઉપયોગિતા ---------- ૧૦૫
૧૪. અન્ય કાર્યો કરવા છતાં પણ શુદ્ધ ચિદ્રૂપના સ્મરણનો ઉપદેશ ૧૧૩
૧૫. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે પર દ્રવ્યોનાં ત્યાગનો ઉપદેશ------ ૧૨૨
૧૬. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે નિર્જન સ્થાનની આવશ્યકતા ------ ૧૩૦
૧૭. શુદ્ધ ચિદ્રૂપમાં પ્રેમ વધે તે માટે વાસ્તવિક સુખનું પ્રતિપાદન-- ૧૩૭
૧૮. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિનો ક્રમ ---------- ૧૪૫




ॐ

परमात्मने नमः

ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ વિરચિત

# તત્ત્વજ્ઞાન તરંગિણી

## અધ્યાય ૧ લો

### [ શુદ્ધ ચિદ્રૂપનાં લક્ષણ ]

प्रणम्य शुद्धचिद्रूपं सानन्दं जगदुत्तमं।
तल्लक्षणादिकं वच्मि तदर्थी तस्य लब्धये।।१।।

(હરિગીત)

**આનંદનું જે ધામ સર્વોત્તમ જગતમાં જે સદા,**
**તે જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચિદ્રૂપ વંદું ભક્તિથી મુદા;**
**તે સ્વરૂપ પ્રાપ્તિ કારણે તેનો જ અર્થી સર્વદા,**
**લક્ષણ વગેરે ભાખું તેનાં, પામું ચિદ્રૂપ સંપદા. ૧**

**અર્થ :—**આનંદથી પરિપૂર્ણ, જગતમાં સર્વોત્તમ, શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પ્રણામ કરીને તેનો અભિલાષી હું તેની પ્રાપ્તિ માટે તે શુદ્ધ ચિદ્રૂપનાં લક્ષણ આદિને કહું છું. ૧.

पश्यत्यवैति विश्वं युगपन्नोकर्मकर्मणामणुभिः।
अखिलैर्मुक्तो योऽसौ विज्ञेयः शुद्धचिद्रूपः।।२।।

**યુગપદ્ જુવે જાણે જગત, તે શુદ્ધ ચિદ્રૂપ જાણજો;**
**સૌ કર્મ ને નોકર્મ પરમાણુથી મુક્ત પ્રમાણજો. ૨.**

**અર્થ** :—જે સમસ્ત વિશ્વને એકસાથે દેખે છે, જાણે છે, નોકર્મ અને કર્મનાં સમસ્ત પરમાણુઓથી મુક્ત છે, તેને શુદ્ધ ચિદ્રૂપ જાણવો. ૨.

अर्थात् यथास्थितान् सर्वान् समं जानाति पश्यति।
निराकुलो गुणी योऽसौ शुद्धचिद्रूप उच्यते।।३।।

**સર્વે પદાર્થ યથાર્થ યુગપદ્ જે સદા જાણે જુવે,**
**તે શુદ્ધ ચિદ્રૂપ સ્વગુણ નિર્ભર સુખ નિરાકુળ અનુભવે. ૩.**

**અર્થ** :—જે, યથાસ્થિત સર્વ પદાર્થોને એક સાથે જાણે છે અને દેખે છે, આકુળતા રહિત છે, ગુણવાન છે, તેને શુદ્ધ ચિદ્રૂપ કહે છે. ૩.

स्पर्शरसगंधवर्णैः शब्दैर्मुक्तो निरंजनः स्वात्मा।
तेन च खैरग्राह्योऽसावनुभावनागृहीतव्यः।।४।।

**સ્વાત્મા નિરંજન સ્પર્શ રસ રૂપ ગંધ શબ્દ વિહીન એ,**
**તેથી ન ઇન્દ્રિય ગ્રાહ્ય પણ અનુભાવનાએ ગ્રાહ્ય એ. ૪.**

**અર્થ** :—પોતાનો આત્મા સ્પર્શ, રસ, ગંધ, રૂપથી, શબ્દથી રહિત છે, નિરંજન છે અને તેથી ઈન્દ્રિયો વડે ગ્રહાવા યોગ્ય નથી, તે અનુભાવનાથી (આત્મભાવનાથી) ગ્રહણ થવા યોગ્ય છે.

सप्तानां धातूनां पिंडो देहो विचेतनो हेयः।
तन्मध्यस्थोऽवैतीक्षतेऽखिलं यो हि सोहं चित्।।५।।

**તન તો અચેતન સાત ધાતુપિંડ તજવા યોગ્ય તે,**
**તે મધ્ય રહી જાણે જુવે જે તે હું ચિદ્રૂપ મુજ એ. ૫.**

**અર્થ** :—દેહ તે સાત ધાતુઓનો સમૂહ છે, અચેતન છે, હેય છે, તેની મધ્યમાં રહેલો જે સર્વને જાણે છે, દેખે છે તે હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું. ૫.

आजन्म यदनुभूतं तत्सर्वं यः स्मरन् विजानाति।
कररेखावत् पश्यति सोऽहं बद्धोऽपि कर्मणाऽत्यंतं॥६॥

श्रुतमागमात् त्रिलोकत्रिकालजं चेतनेतरं वस्तु।
यः पश्यति जानाति च सोऽहं चिद्रूपलक्षणो नान्यः॥७॥

અનુભવ્યું જે જે જન્મથી તે તે સકલ જાણે સ્મરે,
કરરેખાવત્ દેખે હું તે અતિ કર્મબદ્ધ છતાં ખરે; ૬.

વસ્તુ ત્રિલોક ત્રિકાળવર્તી ચિદ્ અચિદ્ સુણી શાસ્ત્રથી,
જાણે જુવે જે તે હું ચિદ્રૂપ, મુજ લક્ષણ પર નથી. ૭.

**અર્થ** :—જે જન્મથી માંડીને અનુભવેલું સર્વ યાદ કરીને જાણે છે, હાથની રેખા પેઠે દેખે છે, તે હું કર્મોથી અત્યંત બંધાયેલો છું. આગમમાંથી સાંભળેલ, ત્રણ કાળ અને ત્રણ લોકવર્તી ચેતન અને જડ પદાર્થોને જે દેખે છે અને જાણે છે તે ચિદ્રૂપ લક્ષણોવાળો હું છું, અન્ય હું નથી. ૬–૭.

शुद्धचिद्रूप इत्युक्त ज्ञेयाः पंचार्हदादयः।
अन्येऽपि तादृशाः शुद्ध शब्दस्य बहुभेदतः॥८॥

અરિહંત આદિ પંચ જાણો, શુદ્ધ ચિદ્રૂપ જ્યાં કહો,
તેવા બીજા પણ જાણવા, બહુ ભેદ શુદ્ધ તણા લહો. ૮.

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપ એમ કહેતાં પાંચ અરિહંતાદિ જાણવા. શુદ્ધ શબ્દનાં અનેક ભેદ હોવાથી અન્ય પણ તેમના જેવા જાણવા. ૮.

नो दृक् नो धीर्न वृत्तं न तप इह यतो नैव सौख्यं न शक्ति-
र्नादोषो नो गुणीतो न परमपुरुषः शुद्धचिद्रूपतश्च।
नोपादेयोप्यहेयो न न पररहितो ध्येयरूपो न पूज्यो
नान्योत्कृष्टश्च तस्मात् प्रतिसमयमहं तत्स्वरूपं स्मरामि॥६॥

**એ શુદ્ધ ચિદ્રૂપ એ જ સમ્યગ્ જ્ઞાન દર્શન ચરણ છે,**
**તપ સૌખ્ય શક્તિ પરમ પુરુષ સ્વગુણથી પરિપૂર્ણ છે;**
**નહિ ત્યાજ્ય પણ સુગ્રાહ્ય, પર વિણ ધ્યેયરૂપ પ્રપૂજ્ય એ,**
**ઉત્કૃષ્ટ એનાથી અવર ના પ્રતિ સમય સ્મરું સ્વરૂપ એ. ૯.**

**અર્થ** :—અહીં શુદ્ધ ચિદ્રૂપ સિવાય બીજું દર્શન નથી, જ્ઞાન નથી, ચારિત્ર નથી, તપ નથી, સુખ નથી, શક્તિ નથી, અદોષ નથી, એનાથી બીજો ગુણી નથી, પરમ પુરુષ નથી, ઉપાદેય નથી, અહેય છે, પરથી રહિત નથી, ધ્યેયરૂપ નથી, પૂજ્ય નથી અને બીજું ઉત્તમ નથી. તેથી દરેક સમયે હું તે સ્વરૂપને સંભારું છું. ૯.

**ज्ञेयो दृश्योऽपि चिद्रूपो ज्ञाता दृष्टा स्वभावतः।**
**न तथाऽन्यानि द्रव्याणि तस्माद् द्रव्योत्तमोऽस्ति सः ॥१०॥**

**એ જ્ઞેય દૃશ્ય છતાં સ્વભાવે સ્વપરને જાણે જુવે,**
**જડ અન્ય દ્રવ્ય ન તુલ્ય તેની, તેથી દ્રવ્યોત્તમ હુવે. ૧૦.**

**અર્થ** :—ચૈતન્યસ્વરૂપ આત્મા જેમ જ્ઞેય અને દૃશ્ય હોવા છતાં સ્વભાવથી જ્ઞાતા અને દૃષ્ટા છે. તેવી રીતે અન્ય દ્રવ્યો નથી, માટે તે (આત્મા) દ્રવ્યોમાં ઉત્તમ છે. ૧૦.

**स्मृतेः पर्यायाणामवनिजलभृतामिंद्रियार्थागसां च**
**त्रिकालानां स्वान्योदितवचनततेः शब्दशास्त्रादिकानां।**
**सुतीर्थानामस्त्रप्रमुखकृतरुजां क्ष्मारुहाणां गुणानां**
**विनिश्चेयः स्वात्मा सुविमलमतिभिर्दृष्टबोधस्वरूपः ॥११॥**

**પર્યાય બહુવિધ, જલધિગિરિને, ઇન્દ્રિયાર્થ પ્રમુખને,**
**ત્રણ કાળને, નિજ પર વચનને, શબ્દ શાસ્ત્રાદિકને;**
**સુતીર્થ, શસ્ત્રપ્રહાર દુઃખ, તરુ, દોષ ગુણને જે સ્મરે,**
**તે જ્ઞાનદૃગ રૂપ સ્વાત્મનો નિશ્ચય યથાર્થ સુધી કરે. ૧૧.**

**અર્થ** :—પર્યાયોની, પર્વતો અને સમુદ્રોની, ઇન્દ્રિયના વિષયો

અને પાપની, ત્રણે કાળની, પોતે અને બીજાઓએ બોલેલાં વચનોની, વ્યાકરણાદિ શાસ્ત્રોની, સુતીર્થોની, અસ્ત્ર વગેરેથી કરાયેલા ઘાની, રોગની, વૃક્ષોની અને ગુણોની જેને સ્મૃતિ રહે છે. એવા જ્ઞાનદર્શન સ્વરૂપ પોતાના આત્માનો નિર્મળ મતિવાળાઓએ (ભેદજ્ઞાનીઓએ) વિવેકથી નિશ્ચય કરવો જોઈએ. ૧૧.

ज्ञप्त्या दृक् चिदिति ज्ञेया सा रूपं यस्य वर्तते।
स तथोक्तोऽन्यद्रव्येण मुक्तत्वात् शुद्ध इत्यसौ॥१२॥
कथ्यते स्वर्णवत् तज्ज्ञैः सोहं नान्योस्मि निश्चयात्।
शुद्धचिद्रूपोऽहमिति षड्वर्णार्थो निरुच्यते॥१३॥ युग्म॥

(ઝૂલણા)

ચિદ્ કહેતાં કહો જ્ઞાન દર્શન અહો!
રૂપ તે જેનું ચિદ્રૂપ જાણો;
મુક્ત પર દ્રવ્યથી શુદ્ધ કંચન સમો,
શુદ્ધ ચિદ્રૂપ પ્રાજ્ઞે વખાણ્યો;
તે હું નિશ્ચય થકી, અન્ય કદી પણ નહીં,
શુદ્ધ ચિદ્રૂપ એ સ્વરૂપ મારું;
‘શુદ્ધ ચિદ્રૂપ હું’ અક્ષરો ષટ્ કહ્યા,
અર્થ નિરૂક્તિ તે તો વિચારું. ૧૨-૧૩.

**અર્થ** :—ચિદ્ એટલે જ્ઞાન અને દર્શન જાણો. એવું રૂપ જેનું છે, તેને ચિદ્રૂપ કહેવાય છે. તે અન્ય દ્રવ્યથી મુક્ત હોવાથી, તેના જાણનારો તેને સુવર્ણની જેમ શુદ્ધ કહે છે. તે હું છું, નિશ્ચયથી અન્ય હું નથી. ‘શુદ્ધ ચિદ્રૂપ હું’ એ છ અક્ષરનો અર્થ કહેવામાં આવે છે. ૧૨-૧૩.

दृष्टैर्ज्ञातैः श्रुतैर्वा विहितपरिचितैर्निंदितैः संस्तुतैश्च,
नीतैः संस्कार कोटिं कथमपि विकृतिं नाशनं संभवं वै।
स्थूलैः सूक्ष्मैरजीवैरसुनिकरयुतैः खाप्रियैः खप्रियैस्तै-
रन्यैर्द्रव्यैर्न साध्यं किमपि मम चिदानंदरूपस्य नित्यं॥१४॥

**દષ્ટ શ્રુત જ્ઞાત અનુભૂત નિંદિત રૂડા,**
**હોય સંસ્કૃત, વિકૃત પદાર્થો,**
**હો ભલે નષ્ટ ઉત્પન્ન સ્થૂલ સૂક્ષ્મ કે,**
**ચેતનાયુક્ત કે જડ કદા જો;**
**હો ભલે પ્રિય અપ્રિય ઇન્દ્રિયને,**
**અન્ય એ, શ્રેય મારું શું સારે ?**
**હું ચિદાનંદરૂપ આત્મ શાશ્વત અહો!**
**કામ શું અન્ય દ્રવ્યોનું મારે ? ૧૪.**

**અર્થ** :—જોયેલા, જાણેલા, સાંભળેલા, અનુભવેલા, નિંદ્ય કે સ્તુત્ય, સંસ્કાર પામેલા કે વિકૃત થયેલા, નાશ પામેલા કે ઉત્પન્ન થયેલા, સ્થૂળ કે સૂક્ષ્મ, જડ કે ચેતન, ઈન્દ્રિયોને પ્રિય કે અપ્રિય એવા તે અન્ય દ્રવ્યોથી ચિદાનંદરૂપ એવાં મને સદાય કાંઈ પણ પ્રયોજન નથી. ૧૪.

विक्रियाभिरशेषाभिरंगकर्मप्रसूतिभिः ।
मुक्तो योऽसौ चिदानन्दो युक्तोऽनंतदृगादिभिः ॥१५॥

असौ अनेकरूपोऽपि स्वभावादेकरूपभाग् ।
अगम्यो मोहिनां शीघ्रगम्यो निर्मोहिनां विदां ॥१६॥

**અંગ કે કર્મકૃત સર્વ જડ વિકૃતિ,**
**તેથી જે મુક્ત તે સૌખ્યધામી;**
**યુક્ત જ્ઞાનાદિ નિજ ગુણ અનંતે સદા,**
**તે ચિદાનંદ ચૈતન્યસ્વામી;**
**સ્વગુણગણથી અનેકસ્વરૂપી છતાં,**
**એકરૂપી સદા નિજ સ્વભાવે;**
**ગમ્ય નહિ મોહીને, શીઘ્ર નિર્મોહી હા !**
**તત્ત્વજ્ઞાની અનુભૂતિ પાવે. ૧૫-૧૬.**

**અર્થ** :—જે શરીર અને કર્મથી થતી સમસ્ત વિક્રિયાઓથી રહિત છે, તે ચિદાનંદસ્વરૂપ અનંત દર્શનાદિ વડે સહિત છે. ૧૫.

તે અનેક રૂપવાળો હોવા છતાં પણ સ્વભાવથી એકરૂપવાળો છે. તે મોહી જીવોને જણાય તેવો નથી અને નિર્મોહી જ્ઞાનીઓને તરત જ જણાવા–અનુભવવા યોગ્ય છે. ૧૬.

चिद्रूपोऽयमनाद्यंतः स्थित्युत्पत्तिव्ययात्मकः।
कर्मणाऽस्ति युतोऽशुद्धः शुद्धः कर्मविमोचनात्॥१७॥

**આદિ કે અંત વિણ નિત્ય ચિદ્રૂપ એ,**
**સ્થિતિ ઉત્પત્તિ વ્યય ત્રણ સ્વરૂપી;**
**કર્મથી યુક્ત તે શુદ્ધ નહિ, શુદ્ધ જો,**
**કર્મથી મુક્ત સહજાત્મરૂપી. ૧૭.**

**અર્થ** :—આ ચિદ્રૂપ આદિ અને અંત રહિત છે, સ્થિતિ, ઉત્પત્તિ અને નાશવાળો છે, કર્મથી યુક્ત અશુદ્ધ છે, કર્મ છૂટી જવાથી (તે) શુદ્ધ છે. ૧૭.

शून्याशून्यस्थूलसूक्ष्मोस्तिनास्तिनित्याऽनित्याऽमूर्तिमूर्तित्वमुख्यैः।
धर्मैर्युक्तोऽप्यन्यद्रव्यैर्विमुक्तः चिद्रूपोयं मानसे मे सदास्तु॥१८॥

**શૂન્ય, નહિ શૂન્ય, સ્થૂલ સૂક્ષ્મ, અરૂપી રૂપી,**
**અસ્તિ નાસ્તિ, ક્ષણિક સર્વદા જો;**
**મુખ્ય નિજ ધર્મયુત, મુક્ત પરધર્મથી,**
**શુદ્ધ ચિદ્રૂપ મુજ મન વિરાજો. ૧૮.**

**અર્થ** :—શૂન્ય, અશૂન્ય, સ્થૂળ, સૂક્ષ્મ, અસ્તિ, નાસ્તિ, નિત્ય, અનિત્ય, અમૂર્ત, મૂર્ત આદિ ધર્મોથી યુક્ત છે છતાં પણ જે અન્ય દ્રવ્યોથી વિમુક્ત છે; એ ચિદ્રૂપ મારા મનમાં સદા રહે–બિરાજો. ૧૮.

ज्ञेयं दृश्यं न गम्यं मम जगति किमप्यस्ति कार्यं न वाच्यं
ध्येयं श्रव्यं न लभ्यं न च विशदमतेः श्रेयमादेयमन्यत्।
श्रीमत्सर्वज्ञवाणीजलनिधिमथनात् शुद्धचिद्रूपरत्नं
यस्माल्लब्धं मयाहो कथमपि विधिनाऽप्राप्तपूर्वंप्रियं च॥१९॥

શુદ્ધમતિ હું, મને જ્ઞેય નહિ, દૃશ્ય નહિ,
ગમ્ય નહિ, કાર્ય નહિ, વાચ્ય નાંહી;
ધ્યેય નહિ, શ્રવ્ય નહિ, લભ્ય નહિ, શ્રેય નહિ,
નહિ ઉપાદેય કંઈ જગત માંહી;
કેમ કે ભાગ્યથી મેં અપૂરવ અહો,
શુદ્ધ ચિદ્રૂપ પ્રિય રત્ન લાધ્યું;
શ્રીમદ્ સર્વજ્ઞની વાણી અર્ણવ મથી
યત્નથી રત્ન લહી સર્વ સાધ્યું. ૧૯.

**અર્થ** :—નિર્મળ બુદ્ધિવાળા એવા મને (આ) જગતમાં કાંઈ પણ બીજું જોવા જેવું, જાણવા જેવું, સમજવા જેવું, કરવા જેવું, વાણીથી કહેવા જેવું, ધ્યાન કરવા જેવું, સાંભળવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, હિતરૂપ, ગ્રહણ કરવા જેવું છે નહિ, કારણ કે શ્રી સર્વજ્ઞદેવની વાણીરૂપ સમુદ્રના મંથનથી ખરેખર, કોઈ પણ રીતે ભાગ્યથી પૂર્વે નહિ મેળવેલું એવું અને પ્રિય, શુદ્ધચૈતન્યસ્વરૂપ રત્ન મને મળી ગયું છે. ૧૯.

शुद्धचिद्रूपरूपोऽहमिति मम दधे मंक्षु चिद्रूपरूपं
चिद्रूपेणैव नित्यं सकलमलमिदा तेनचिद्रूपकाय।
चिद्रूपाद् भूरिसौख्यात् जगति वरतरात्तस्य चिद्रूपकस्य
माहात्म्यं वैति नान्यो विमलगुणगणे जातु चिद्रूपकेऽज्ञात्॥२०॥

કર્મ દૂરકરણ એ શુદ્ધ ચિદ્રૂપ વડે,
શુદ્ધ ચિદ્રૂપ હું સ્વરૂપ સારું,
શુદ્ધ ચિદ્રૂપ જગશ્રેષ્ઠ સુખધામથી,
શુદ્ધ ચિદ્રૂપને ચિત્ત ધારું;
વિમલ ગુણના નિધિ શુદ્ધ ચિદ્રૂપમાં,
જ્ઞાન જેનું નથી અજ્ઞ એવા,
શુદ્ધ ચિદ્રૂપનું મહાત્મ્ય જાણે નહીં,
તો ઉરે ધારવા શક્ય કેવા? ૨૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અર્થ** :—'શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હું છું' એમ મારા ચિદ્રૂપને, તે સર્વ કર્મને ટાળનાર ચિદ્રૂપ વડે જ, ચિદ્રૂપને માટે, જગતમાં વધારે ચડિયાતા એવા અત્યંત સુખમય ચિદ્રૂપમાંથી નિત્ય ધારણ કરું છું, તે નિર્મળ ગુણના સમૂહરૂપ એવા ચિદ્રૂપમાં અજ્ઞાની હોવાથી અન્ય જીવ કદી પણ તે ચિદ્રૂપનું માહાત્મ્ય જાણતો નથી. ૨૦.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ૨ જો

[ શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનમાં ઉત્સાહ પ્રદાન ]

मृत्पिंडेन विना घटो न न पटस्तंतून् विना जायते
धातुनैर्व विना दलं न शकटः काष्ठं विना कुत्रचित्।
सत्स्वन्येष्वपि साधनेषु च यथा धान्यं न बीजं बिना
शुद्धात्मस्मरणं विना किल मुनेर्मोक्षस्तथा नैव च॥१॥

(હરિગીત)

**સામાન્ય કારણ બહુ છતાં કારણ અસાધારણ વિના,**
**નહિ કાર્યસિદ્ધિ સંભવે, નહિ ધાન્ય સંભવ બીજ વિના,**
**ઘટ માટી વિણ, પટ તંતુ વિણ, ના શકટ કાષ્ટ વિના હુવે,**
**સહજાત્મ સ્મરણ વિણ મુમુક્ષુને ન મુક્તિ સંભવે. ૧**

**અર્થ** :—જેવી રીતે અન્ય સાધનો હોવા છતાં પણ માટીના પિંડા વિના ઘડો ઉત્પન્ન થતો નથી, તંતુ વિના વસ્ત્ર બનતું નથી, દળ (ધાતુના પડ) વિના ધાતુ ઉત્પન્ન થતી નથી, ક્યાંય કાષ્ટ વગર ગાડું થતું નથી અને બીજ વિના ધાન્ય ઉપજતું નથી; તેમ શુદ્ધાત્મસ્વરૂપના સ્મરણ વિના મુનિને ખરેખર મોક્ષ થતો જ નથી. ૧.

बीजं मोक्षतरोर्भवार्णवतरी दुःखाटवीपावको
दुर्गं कर्मभियां विकल्परजसां वात्यागसां रोधनं।
शस्त्रं मोहजये नृणामशुभतापर्यायरोगौषधं
चिद्रूपस्मरणं समस्ति च तपोविद्यागुणानां गृहं॥२॥

**ચિદ્રૂપ સ્મરણ છે સર્વ વિદ્યા તપ અને ગુણગણનિધિ,**
**એ મુક્તિ તરુનું બીજ, દુઃખવન દહન, નાવ ભવોદધિ;**

**છે કર્મભીતને દુર્ગ, વાયુ વિકલ્પ રજ ઉડાડવા,**
**એ દોષ રોકે, મોહ જીતે, અગદ અશુભ નિવારવા. ૨**

**અર્થ** :—ચિદ્રૂપનું સ્મરણ મનુષ્યોને મોક્ષરૂપી વૃક્ષનું બીજ, સંસારરૂપ સમુદ્રમાં નૌકા, દુઃખરૂપી વનને બાળનાર અગ્નિ, કર્મથી ભય પામેલાઓને (આશ્રય સ્થાન સમાન) કિલ્લો, વિકલ્પરૂપ ધૂળને ઉડાડી મૂકવા પાવન, પાપોને રોકનાર, મોહનો જય કરવામાં શસ્ત્ર, નરક, તિર્યંચ આદિ અશુભ પર્યાયરૂપ રોગને ટાળનારું ઔષધ અને તપ, વિદ્યા તથા અનેક ગુણોનું ઘર સમીચીન રીતે છે. ૨.

**क्षुत्तृट्रुग्वातशीतातपजलवचसः शस्त्रराजादिभीभ्यो**
**भार्यापुत्रारिनैः स्वानलनिगडगवाद्यश्वररैकंटकेभ्यः।**
**संयोगायोगदंशिप्रपतनरजसो मानभंगादिकेभ्यो**
**जातं दुःखं न विद्मः क्व च पटति नृणांशुद्धचिद्रूपभाजां।।३।।**

**ભૂખ, તરસ, રોગ, કઠોર વાણી, વાત ઠંડી, ઉષ્ણતા,**
**જલ, શસ્ત્ર, નૃપ ભય, નારી, અંગજ, અગ્નિ, અરિ, ધન હીનતા;**
**ધન, બેડી, કંટક, ડાંસ મચ્છર, માનભંગ વિયોગનાં,**
**જાણું ન, દુઃખ સૌ જાય ક્યાં હા! શુદ્ધ ચિદ્રૂપ ભક્તનાં. ૩**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપને ભજનાર મુષ્યોના ક્ષુધા, તૃષા, રોગ, ઠંડી, ગરમી, વા પાણી અને કઠોર વાણી, રાજાદિના ભય, શસ્ત્રના ભય, સ્ત્રી, પુત્ર, શત્રુ, નિર્ધનતા, અગ્નિ, બેડી, ગાય, અશ્વાદિ, ધન કંટક, સંયોગ-વિયોગ, ડાંસ, પતન, ધૂળ, માનભંગાદિથી ઉપજતું દુઃખ ક્યાં જતું રહે છે તે અમે જાણતા નથી. ૩ .

**स कोपि परमानन्दश्चिद्रूपध्यानतो भवेत्।**
**तदंशोपि न जायेत त्रिजगत्स्वामिनामपि।।४।।**

**અદ્‌ભુત પરમાનંદ એવો, શુદ્ધ ચિદ્રૂપ ધ્યાનથી,**
**પ્રગટે અહા! ના અંશ તેનો, ત્રણ જગત સામ્રાજ્યથી. ૪.**

**અર્થ** :—ચિદ્રૂપના ધ્યાનથી એવો કોઈ પરમાનંદ (પ્રગટ) થાય છે કે તેનો અંશ પણ ત્રણ જગતના સ્વામીઓને ય ઉપજતો નથી. ૪.

सौख्यं मोहजयोऽशुभास्रवहतिर्नाशोऽतिदुष्कर्मणा–
मत्यंतं च विशुद्धता नरि भवेदाराधना तात्त्विकी।
रत्नानां त्रितयं नृजन्मसफलं संसारभीनाशनं
चिद्रूपोहमितिस्मृतेश्च समता सद्भ्यो यशःकीर्त्तनं ।।५।।

**'ચિદ્રૂપ હું' એ સ્મરણથી સમતા વધે યશવિસ્તૃતિ,**
**સુખ પ્રાપ્તિ મોહવિજય અને દુષ્કર્મ આસ્રવની ક્ષતિ;**
**અત્યંત અંતરશુદ્ધ ને તાત્ત્વિક આરાધન બને,**
**ત્રણ રત્ન પ્રાપ્તિ, સફળ નર ભવ, ભવતણો ભય સૌ હણે. ૫**

**અર્થ** :—'હું ચૈતન્યસ્વરૂપ છું' એમ સ્મરણ કરવાથી મનુષ્યને સુખ, મોહનો જય, અશુભ આસ્રવનો નાશ, દુષ્કર્મોનો નાશ અને અત્યંત વિશુદ્ધિ, તત્ત્વની આરાધના, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણ રત્નોની પ્રાપ્તિ, મનુષ્યજન્મની સફળતા, સંસારના ભયનો નાશ, સમતા તથા સજ્જનો દ્વારા યશોગાન પ્રાપ્ત થાય છે. ૫.

वृतं शीलं श्रुतं चाखिलखजयतपोदृष्टिसद्भावनाश्च
धर्मो मूलोत्तराख्या वरगुणनिकरा आगसां मोचनं च।
बाह्यांतः सर्वसंगत्यजनमपि विशुद्धांतरगं तदानी—
मूर्मीणां चोपसर्गस्य सहनमभवच्छुद्धचित्संस्थितस्य ।।६।।

**જે શુદ્ધ ચિદ્રૂપ સ્થિત તે વ્રત શીલ શ્રુત તપ ગુણધરા,**
**ઇન્દ્રિયવિજય સદ્ધર્મ દર્શન ભાવના અઘક્ષય કરા;**
**સૌ બાહ્ય અંતર સંગ ત્યાગી, અંતરંગ વિશુદ્ધિથી,**
**ઉપસર્ગ ઊર્મિ સહન કરતા ધીર નિજબળ વૃદ્ધિથી. ૬.**

**અર્થ** :—શુદ્ધ ચૈતન્યમાં સ્થિતિ કરનાર જીવને તે સમયે ચારિત્ર, શીલ, જ્ઞાન, સમસ્ત ઈન્દ્રિયોનો જય, તપ, દર્શન, ભાવના, ધર્મ, મૂળ

અને ઉત્તર ઉત્તમ ગુણોનો સમૂહ, પાપનું છૂટવું, બાહ્ય અને અભ્યંતર સર્વ સંગનો ત્યાગ, અંતરની વિશુદ્ધિ અને ઉપસર્ગના તરંગો સહન કરવાની શક્તિ (પ્રગટ) થાય છે. ૬.

तीर्थेषूत्कृष्टतीर्थं श्रुतिजलधिभवं रत्नमादेयमुच्चैः
सौख्यानां वा निधानं शिवपदगमने वाहनं शीघ्रगामि।
वात्यां कर्मोधरणो भववनदहने पावकं विद्धि शुद्ध—
चिद्रूपोहं विचारादिति वरमतिमन्त्रक्षराणां हि षटकं॥७॥

'હું શુદ્ધ ચિદ્રૂપ' વર્ણ ષટ્, હે! બુદ્ધિમાન વિચારજો,
ઉત્કૃષ્ટ તીરથ, રત્ન ઉત્તમ, શ્રુતસમુદ્રનું ધારજો;
એ સર્વ–સૌખ્ય–નિધાન વાહન શિવગમનનું શીઘ્ર હા!
સૌ કર્મરજને પવન સમ, ભવ-વન-દહન અગ્નિ મહા. ૭

**અર્થ** :—હે ઉત્તમ મતિમાન્! 'હું શુદ્ધ ચિદ્રૂપ છું' એ છ અક્ષરોના વિચારથી તું જાણ કે તે જ તીર્થોમાં ઉત્કૃષ્ટ તીર્થ છે, શ્રુત સાગરમાંથી નીકળેલું ઉત્તમ ગ્રહવા યોગ્ય રત્ન છે, સૌખ્યોનું નિધાન છે, મોક્ષપદમાં લઈ જનાર ત્વરિત ગતિવાળું વાહન છે, કર્મસમૂહરૂપ ધૂળને ઉડાડી મૂકવા માટે વાયુનો વંટોળ છે, સંસારવનને બાળવા માટે અગ્નિ છે. ૭.

क्व यांति कार्याणि शुभाशुभानि क्व यांति संगाश्चिदचित्स्वरूपाः।
क्व यांति रागादय एव शुद्ध चिद्रूपकोहंस्मरणे न विद्मः॥८॥

ચેતન અચેતન સંગ સૌ, કાર્યો શુભાશુભ જાય ક્યાં?
ન જણાય ચિદ્રૂપસ્મરણથી રાગાદિ ભાગી જાય ક્યાં? ૮

**અર્થ** :—'હું ચિદ્રૂપ છું' એમ સ્મરણ કરતાં શુભ અને અશુભ કર્મો, ચેતન અને અચેતન સંગો (પરિગ્રહો), અને રાગાદિ ક્યાં જતા રહે છે, તે અમે જાણતા નથી. ૮.

मेरुः कल्पतरुः सुवर्णममृतं चिंतामणिः केवलं
साम्यं तीर्थंकरो यथा सुरगवी चक्री सुरेन्द्रो महान्।
भूभृद्भूरुहधातुपेयमणिधीवृत्ताप्तगोमानवा—
मर्त्येष्वेव तथा च चिंतनमिह ध्यानेषु शुद्धात्मनः॥६॥

**તરુ, ધાતુ, પેય, ગિરિ, અમર, નર, ચરણ, મણિ ગૌ, જ્ઞાનમાં;**
**સુરતરુ, કનક, અમૃત, મેરુ, શક્ર, ચક્રી, સામ્યતા;**
**ચિંતામણિ, સુરધેનુ, કેવલ, આપ્તમાં તીર્થંકરો,**
**ઉત્કૃષ્ટ જ્યમ, ત્યમ ધ્યાનમાં શુદ્ધાત્મચિંતન આદરો. ૯**

**અર્થ** :—જેમ પર્વતોમાં મેરુ જ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ જ, ધાતુઓમાં સુવર્ણ જ, પીવા યોગ્ય પદાર્થોમાં અમૃત જ, રત્નોમાં ચિંતામણિરત્ન જ, જ્ઞાનોમાં કેવળજ્ઞાન જ, ચારિત્રોમાં સમતાભાવ, આપ્તોમાં તીર્થંકર જ, ગાયોમાં કામધેનુ જ, મનુષ્યોમાં ચક્રવર્તી જ અને દેવોમાં ઈન્દ્ર જ ઉત્તમ છે. તેવી રીતે આ લોકમાં ધ્યાનોમાં શુદ્ધ આત્માનું ચિંતન ઉત્તમ છે. ૯.

निधानानां प्राप्तिर्न च सुरकुरुरुहां कामधेनोः सुधा–
याश्चिंतारत्नानामसुरसुरनराकाशगेशे दिराणां।
खभोगानां भोगावनिभवनभुवां चाहमिंद्रादिलक्ष्म्या
न संतोषं कुर्यादिह जगति यथा शुद्धचिद्रूपलब्धिः॥१०॥

**જે કલ્પદ્રુમ કે કામધેનુ નિધાનપ્રાપ્તિ કે સુધા,**
**ચિંતામણિ સુર અસુર નર વિદ્યાધરેશ સુખો બધાં;**
**ઐશ્વર્ય અહમિન્દ્રાદિનાં, સૌ ભોગ ભોગભૂમિ તણા,**
**સંતોષ આપે શુદ્ધચિદ્રૂપલબ્ધિ જેવો અન્ય ના. ૧૦.**

**અર્થ** :—આ જગતમાં શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિથી જેવો સંતોષ થાય છે તેવો સંતોષ ધનના ભંડારો, કલ્પવૃક્ષ, કામધેનુ, અમૃત, ચિંતામણિ રત્ન, સુર-અસુર વિદ્યાધરોના ઈન્દ્રોની લક્ષ્મી, ભોગભૂમિમાં પ્રાપ્ત થતા અને સ્વર્ગભૂમિમાં પ્રાપ્ત થતા ભોગો તથા અહમિન્દ્રાદિની લક્ષ્મીની પ્રાપ્તિથી પણ સંતોષ થતો નથી. ૧૦.

ना दुर्वर्णो विकर्णो गतनयनयुगो वामनः कुब्जको वा
छिन्नघ्राणः कुशब्दो विकलकरयुतो वाग्विहीनोऽपि पंगुः।
खंजो निःस्वोऽनधीतश्रुत इह बधिरः कुष्ठरोगादियुक्तः
श्लाघ्यः चिद्रूपचिंतापरः इतरजनो नैव सुज्ञानवद्भिः॥११॥

**નર હોય કાળો, કર્ણહીન, કદ્રૂપ, નકટો, કુબ્જ વા,**
**કુશબ્દ, વામન, પંગુ, ઠંડો, અંધ, મૂંગો, ખંજ વા;**
**નિર્ધન, અભણ, બહેરો, ભલે હો કોઢ, વ્યાધિગ્રસ્ત વા,**
**ચિદ્રૂપચિંતન લીન તો તે શ્લાઘ્ય પ્રાજ્ઞે અન્ય ના. ૧૧**

**અર્થ** :—આ લોકમાં કાળો, કાન વગરનો, આંધળો, ઠીંગણો, ખૂંધો, નકટો, કર્કશ વાણીવાળો, ઠુંઠો, મૂંગો, લંગડો, પાંગળો, નિર્ધન, અભણ, બહેરો કે કોઢાદિ રોગવાળો મનુષ્ય પણ જો ચિદ્રૂપના ચિંતનમાં તત્પર હોય તો સમ્યગ્જ્ઞાનીઓ વડે તે પ્રશંસા પામે છે, બીજો કોઈ મનુષ્ય પ્રશંસાપાત્ર થતો નથી. ૧૧.

रेणूनां कर्मणः संख्या प्राणिनो वेत्ति केवली।
न वेद्मीति क्व यांत्येते शुद्धचिद्रूपचिंतने॥१२॥

(ઝૂલણા)

**જીવ કર્મો ઘણાં ક્ષણ ક્ષણે સંગ્રહે,**
**સર્વ સર્વજ્ઞ-જ્ઞાને જણાયે;**
**શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ ક્ષણ ક્ષણ કર્યે,**
**સ્મરણથી કર્મ તો ક્યાંય જાયે. ૧૨.**

**અર્થ** :—જીવના કર્મના પરમાણુઓની સંખ્યા કેવળજ્ઞાની જાણે છે. એ કર્મ શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન કરતાં, ક્યાં જતાં રહે છે, એ હું જાણતો નથી. ૧૨.

तं चिद्रूपं निजात्मानं स्मर शुद्ध प्रतिक्षणं।
यस्य स्मरणमात्रेण सद्यः कर्मक्षयो भवेत्॥१३॥

શુદ્ધ ચિદ્રૂપ તે આત્મ નિજ ચિંતવો,
સ્મરણ ક્ષણ ક્ષણ કરો શાંત ભાવે;
તે સ્વરૂપના સ્મરણ માત્રથી સદ્ય સૌ,
કર્મ ક્ષય થાય, શિવ સૌખ્ય આવે. ૧૩

**અર્થ** :—જેના સ્મરણ માત્રથી કર્મનો ક્ષય સત્વરે થાય, તે શુદ્ધ ચિદ્રૂપને–પોતાના આત્મસ્વરૂપને તું પ્રતિક્ષણ યાદ કર. ૧૩

उत्तमं स्मरणं शुद्धचिद्रूपोऽहमितिस्मृतेः।
कदापि क्वापि कस्यापि श्रुतं दृष्टं न केनचित्॥१४॥

शुद्धचिद्रूपसदृशं ध्येयं नैव कदाचन।
उत्तमं क्वापि कस्यापि भूतमस्ति भविष्यति॥१५॥

'શુદ્ધ ચિદ્રૂપ હું' સ્મરણ એ વીણ બીજું,
સ્મરણ ઉત્તમ સદા ક્યાંય છે ના;
એ વિના શ્રેષ્ઠ બીજું સ્મરણ ના દીઠું,
કે કદા કર્ણ સુણ્યું કોઈએ ના;
શુદ્ધ ચિદ્રૂપ સમ ધ્યેય ઉત્તમ નહીં,
કોઈને ક્યાંય બીજું કદાપિ;
ભૂત ભાવી અને વર્તમાને અહા!
એ જ સર્વોપરી છે સદાપ. ૧૪-૧૫.

**અર્થ** :—'હું શુદ્ધ ચિદ્રૂપ છું' એ સ્મરણ કરતા બીજું ઉત્તમ સ્મરણ કદીયે કોઈએ, ક્યાંય, કોઈની પાસેથી જોયું નથી. સાંભળ્યું નથી. શુદ્ધ ચિદ્રૂપના જેવું ઉત્તમ ધ્યેય કદી ક્યાંય પણ કોઈને પણ નથી, થયું નથી અને થશે નહિ. ૧૪-૧૫.

ये याता यांति यास्यंति योगिनः शिवसंपदः।
समासाद्ध्यैव चिद्रूपं शुद्धमानंदमन्दिरं॥१६॥

શિવ સંપત્તિ જે યોગિયો પામીઆ,
પામતા, પામશે, તે ત્રિકાળે;

**શુદ્ધ ચિદ્રૂપ આનંદમંદિરને,**
**માત્ર આરાધી સમ્યક્પ્રકારે. ૧૬.**

**અર્થ** :—જે યોગીઓ મોક્ષરૂપી સંપત્તિ પામ્યા છે, પામે છે અને પામશે, તે આનંદના ધામ એવા શુદ્ધચિદ્રૂપનું યથાર્થ આરાધન કરીને જ પામ્યા છે, પામે છે અને પામશે. ૧૬

**द्वादशांगं ततो बाह्यं श्रुतं जिनवरोदितं।**
**उपादेयतया शुद्धचिद्रूपस्तत्र भाषितः ॥१७**

**જિનવરે અંગ દ્વાદશ, બહિરંગ જે,**
**શાસ્ત્ર વિસ્તાર સઘળો પ્રકાશ્યો;**
**શુદ્ધ ચિદ્રૂપ સહજાત્મપદ સુખનિધિ,**
**ત્યાં ઉપાદેય સર્વત્ર ભાખ્યો. ૧૭**

**અર્થ** :—જિનવરોએ કહેલું શ્રુતજ્ઞાન બારઅંગરૂપ અને અંગબાહ્ય જે છે તેમાં ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) એક શુદ્ધ ચિદ્રૂપને કહ્યો છે. ૧૭.

**शुद्धचिद्रूपसद्ध्यानाद् गुणाः सर्वे भवंति च।**
**दोषाः सर्वे विनश्यंति शिवसौख्यं च संभवेत् ॥१८॥**

**શુદ્ધ ચિદ્રૂપનું ધ્યાન સમ્યક્ કર્યે,**
**સર્વ સદ્ગુણ પ્રગટે સ્વભાવે;**
**દોષનો સમૂહ સૌ નાશ પામે અહા!**
**મોક્ષનાં સૌખ્ય અત્યંત પાવે. ૧૮**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપના સદ્ધ્યાનથી સર્વે ગુણો પ્રગટ થાય છે, સર્વ દોષો નાશ પામે છે અને મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. ૧૮.

**चिद्रूपेण च घातिकर्महननाच्छुद्धेन धाम्ना स्थितं**
**यस्मादत्र हि वीतरागवपुषो नाम्नापि नुत्यापि च।**

तद्बिंबस्य तदोकसो झगिति तत्कारायकस्यापि च
सर्वं गच्छति पापमेति सुकृतं तत्तस्य किं नो भवेत्॥१६॥

વીતરાગી વિભુનું સ્મરે નામ જ્યાં,
મૂર્તિ, મંદિર, સ્તુતિને કરે જો;
પાપ સૌ દૂર ટળે, પુણ્ય ઉત્તમ મળે,
શું ન ઉત્કૃષ્ટ ધ્યાને ફળે તો?
શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનથી ત્યાં બધાં,
ઘાતિયાં કર્મનો નાશ થાયે;
જ્ઞાન દર્શન અનંતા સુખે યુક્ત જે,
શુદ્ધ સ્વરૂપે સ્થિતિ ત્યાં પમાયે. ૧૯

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપના ધ્યાન વડે ઘાતિકર્મોનો નાશ થતાં શુદ્ધ સ્વરૂપમાં સ્થિતિ થાય છે. કારણ કે અહીં વીતરાગ ભગવાનના નામ વડે પણ, સ્તુતિ-પ્રણામ વડે, તે વીતરાગબિંબના, તે વીતરાગમંદિરના, તેના કરાવનારનાં પણ સર્વ પાપ સત્વરે દૂર થઈ જાય છે, સર્વ પુણ્ય આવે છે, તો તેનું ધ્યાન કરનારને ક્યું ફળ ન થાય? ૧૯.

कोऽसौ गुणोस्ति भुवने न भवेत्तदा यो
दोषोऽथवा क इह यस्त्वरितं न गच्छेत्।
तेषां विचार्य कथयंतु बुधाश्च शुद्ध–
चिद्रूपकोऽहमिति ये यमिनः स्मरंति॥२०॥

'શુદ્ધ ચિદ્રૂપ હું' સંયમી જે સ્મરે,
સુગુણ એવો શું લોકે ન પામે?
દોષ એવો શું સત્વર ટળે જે નહીં,
બુધ જનો! કહો વિચારી, ન નામે. ૨૦

**અર્થ** :—હે વિદ્વાનો! વિચારીને કહો કે જે સંયમીઓ, 'શુદ્ધ ચિદ્રૂપ હું છું' એવું સ્મરણ કરે છે, તેમને લોકમાં ત્યારે એવો ક્યો ગુણ

છે કે જે ન પ્રગટે અથવા અહીં ક્યો દોષ છે કે જે તરત જ ન ટળી જાય? ૨૦.

तिष्ठंत्वेकत्र सर्वे वरगुणनिकराः सौख्यदानेऽतितृप्ताः
संभूयात्यंतरम्या घरविधिजनिता ज्ञानजायां तुलायां।
पार्श्वेन्यस्मिन् विशुद्धा ह्युपविशतु वरा केवला चेति शुद्ध-
चिद्रूपोहंस्मृतिर्भो कथमपि विधिना तुल्यतां ते न यांति॥२१॥

પુણ્યવશ પ્રાપ્ત અતિ રમ્ય સુખદાયિ સૌ,
શ્રેષ્ઠ ગુણસમૂહ એકત્ર મૂકો;
જ્ઞાનરૂપ ત્રાજુના એક પલ્લે બધા,
અન્ય પલ્લે સ્મરણ માત્ર રાખો;
‘શુદ્ધ ચિદ્રૂપ હું’ સ્મરણ કેવલ અહા!
શુદ્ધ અત્યંત ઉત્તમ વખાણો;
કોઈ રીતે કદી તેની તોલે નહિ,
સમૂહ એ ગુણતણો જરીય જાણો. ૨૧.

**અર્થ** :—અત્યંત રમ્ય, સદ્ભાગ્યે મળેલા, સુખ આપવામાં અત્યંત સમર્થ એવા સર્વ ઉત્તમ ગુણોના સમૂહો, જ્ઞાનજનિત ત્રાજવામાં એક બાજુ એકઠા થઈને રહો, અને બીજી બાજુએ વિશુદ્ધ ઉત્તમ માત્ર હું શુદ્ધ ચિદ્રૂપ છું એ સ્મરણ મૂકો; હે જનો! તે કોઈપણ રીતે સરખા–સમાન થતા નથી. ૨૧

तीर्थतां भूः पदैः स्पृष्टा नाम्ना योऽघचयः क्षयं।
सुरौधो याति दासत्वं शुद्धचिद्रक्तचेतसां॥२२॥

શુદ્ધ ચિદ્રૂપમાં ચિત્ત અનુરક્ત તે,
સંતપદ સ્પૃષ્ટભૂમિ તીર્થ થાયે;
દેવગણ દાસ તેના બનીને રહે,
નામ તેનું સ્મર્યે પાપ જાયે. ૨૨.

**અર્થ** :—શુદ્ધ ચૈતન્યમાં જેમનું ચિત્ત લીન છે એવા સંતોના ચરણ વડે સ્પર્શાયેલી ભૂમિ, તીર્થપણું પામે છે. તેમના નામથી પાપનો સમૂહ નાશ પામે છે અને દેવોનો સમૂહ તેમનું દાસત્વ પામે છે. ૨૨.

शुद्धस्य चित्स्वरूपस्य शुद्धोन्योऽन्यस्य चिंतनात्।
लोहं लोहाद् भवेत्पात्रं सौवर्णं च सुवर्णतः॥२३॥

**લોહથી લોહમય પાત્ર સઘળાં બને,**
**કનકના પાત્ર સૌ કનકરૂપે;**
**શુદ્ધ ચિદ્‌ચિંતને શુદ્ધ પદ સંપજે,**
**અન્ય ચિંતન કરે અન્યરૂપે. ૨૩.**

**અર્થ** :—જેમ લોઢામાંથી લોહમય પાત્ર બને અને સુવર્ણમાંથી સુવર્ણમય પાત્ર બને, તેમ શુદ્ધ ચિત્‌સ્વરૂપના ચિંતનથી શુદ્ધ થાય અને અશુદ્ધના ચિંતનથી આત્મા અશુદ્ધ થાય છે. ૨૩.

मग्ना ये शुद्धचिद्रूपे ज्ञानिनो ज्ञानिनोपि ये।
प्रमादिनः स्मृतौ तस्य तेपि मग्ना विधेर्वशात्॥२४॥

**શુદ્ધ ચિદ્રૂપને જાણનારા મહા,**
**જ્ઞાનીઓ મગ્ન ચિદ્રૂપમાંહીં;**
**કર્મવશ સ્મરણમાં જો પ્રમાદી છતાં,**
**જ્ઞાની તો ગણો મગ્ન ત્યાંહી. ૨૪.**

**અર્થ** :—જે જ્ઞાનીઓ છે તે શુદ્ધ ચિદ્રૂપમાં મગ્ન છે, જે જ્ઞાનીઓ છે છતાં શુદ્ધ ચિદ્રૂપના સ્મરણમાં કર્મવશે પ્રમાદી છે, તે પણ મગ્ન છે. ૨૪.

सप्तधातुमयं देहं मलमूत्रादिभाजनं।
पूज्यं कुरु परेषां हि शुद्धचिद्रूपचिंतनात्॥२५॥


**સાત ધાતુમયી દેહ અશુચિભર્યો,**
**મૂત્ર મલ અશુચિ ભાજન છતાં યે;**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**શુદ્ધ ચિદ્રૂપ ચિંતન વડે પુનિત તે,**
**સર્વને પૂજ્ય કરવો સદા યે. ૨૫.**

**અર્થ** :—સાત ધાતુમય, મળમૂત્રાદિના સ્થાનરૂપ શરીર પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મચિંતનથી બીજાઓને તે પૂજ્ય છે, એમ નિશ્ચય કરો. ૨૫.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ત્રીજો

## [શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિના ઉપાય]

जिनेशस्य स्नानात् स्तुतियजनजपान्मंदिरार्चाविधाना-
च्चतुर्धा दानाद्वाध्ययनखजयतो ध्यानतः संयमाच्च।
व्रताच्छीलात्तीर्थादिकगमनविधेः क्षांतिमुख्यप्रधर्मात्
क्रमाच्चिद्रूपाप्तिर्भवति जगति ये वांछकास्तस्य तेषां॥१॥

(વસંતતિલકા)

**ભાવે જિનેન્દ્ર જય સ્નાત્ર સ્તુતિ પૂજાને,**
**મંદિર–અર્ચન–વિધાન સુપાત્ર દાને;**
**શાસ્ત્રાદિ, અધ્યયન, સંયમ, શીલ, ધ્યાને,**
**અત્યંત આદર કરે ભવિ તીર્થસ્થાને;**
**ઇન્દ્રિયનો વિજયને વ્રત–વર્તનાથી,**
**ક્ષાંતિ પ્રમુખ દશ ધર્મ સુસાધનાથી;**
**ચિદ્રૂપ પ્રાપ્તિ જગમાં જીવ વાંછતા જે,**
**સેવી ઉપાય ક્રમથી પદ પામતા તે. ૧.**

**અર્થ** :—જિનેન્દ્ર ભગવાનનો અભિષેક કરવાથી, સ્તુતિ, પૂજા, જપ કરવાથી, મંદિર–પૂજાના વિધાનથી, ચાર પ્રકારના દાનથી અથવા શાસ્ત્ર–અભ્યાસ અને ઈન્દ્રિયના જયથી, ધ્યાનથી અને સંયમથી, વ્રતથી, શીલથી, તીર્થગમન આદિ વિધિથી, ક્ષમા આદિ ઉત્તમ ધર્મોથી ક્રમે કરીને ચિદ્રૂપની પ્રાપ્તિ, જગતમાં જેઓ તેના વાંછક છે; તેમને થાય છે. ૧.

देवं श्रुतं गुरुं तीर्थं भदंतं च तदाकृतिं।
शुद्धचिद्रूपसद्ध्यानहेतुत्वाद् भजते सुधीः॥२॥

**સદ્દેવ શાસ્ત્ર મુનિ તીર્થ ગુરુ સુજ્ઞાની,**
**કે મૂર્તિ તે તણી વિષે બહુમાન આણી,**
**શુદ્ધાત્મ–ધ્યાન સદુપાય બધા વિચારી,**
**સેવે સદાય અતિ નિર્મલ બુદ્ધિ ધારી. ૨.**

**અર્થ** :—સમ્યગ્જ્ઞાની દેવ-શાસ્ત્ર-ગુરુ, તીર્થરૂપ ભગવંતને તથા તેમની પ્રતિમાને શુદ્ધ આત્મસ્વરૂપના સદ્ધ્યાનના કારણો હોવાથી, ભજે છે. ૨.

अनिष्टान् खहृदामर्थानिष्टानपि भजेत्त्यजेत्।
शुद्धचिद्रूपसद्ध्याने सुधीर्हेतूनहेतुकान्॥३॥

**અર્થો અનિષ્ટ મન ઇન્દ્રિયને છતાં જો,**
**ચિદ્રૂપ–ધ્યાન–સદુપાય, બુધો ભજે તો;**
**જે હોય ઇષ્ટ મન ઇન્દ્રિયને છતાં જો,**
**થાયે અહેતુ ચિદ્ધ્યાન વિષે, તજે તો. ૩.**

**અર્થ** :—ઇન્દ્રિય અને મનને અપ્રિય પદાર્થો હોય પણ જો તે શુદ્ધ ચિદ્રૂપના ઉત્તમ ધ્યાનમાં હેતુ થતા હોય, તો સમ્યગ્દષ્ટિ જીવ તેને ભજે અને (ઇન્દ્રિય–મનને) પ્રિય લાગતાં પદાર્થો પણ (શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનમાં) વિઘ્નરૂપ હોય, તો તેને વિના વિલંબે છોડી દે. ૩.

मुंचेत्समाश्रयेच्छुद्धचिद्रूपस्मरणेऽहितं।
हितं सुधीः प्रयत्नेन द्रव्यादिकचतुष्टयं॥४॥

**ચિદ્રૂપના સ્મરણમાં હિતકારી ધારે,**
**જે દ્રવ્ય, ક્ષેત્ર, વળી કાળ સુભાવ ચારે;**
**તેને પ્રયત્ન કરી પ્રાજ્ઞજનો સુસેવે,**
**તેમાં અહિતકર શીઘ્ર તજે, ન સેવે. ૪.**

**અર્થ** :—પ્રાજ્ઞજન શુદ્ધ ચિદ્રૂપના સ્મરણમાં અહિતકારી દ્રવ્ય,

ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારને બળપૂર્વક તજી દે અને હિતરૂપ દ્રવ્યાદિ ચારને પ્રયત્નપૂર્વક અવલંબે. ૪.

संगं विमुच्य विजने वसंति गिरिगह्वरे।
शुद्धचिद्रूपसंप्राप्त्यै ज्ञानिनोऽन्यत्र निःस्पृहाः ॥५॥

જ્ઞાનીજનો પર વિષે, અતિ નિઃસ્પૃહી જે,
પ્રાપ્તિ સદા વિમલ ચિદ્રૂપની ચહી તે;
સૌ સંગ આસ્રવ મહા ગણીને તજે એ,
એકાંતવાસ ગિરિગહ્વરને ભજે એ. ૫.

**અર્થ** :—જ્ઞાનીજનો પરભાવોમાં નિસ્પૃહ થઈને શુદ્ધ ચિદ્રૂપની સંપ્રાપ્તિ માટે, સંગનો ત્યાગ કરીને, એકાંત ગિરિગુફામાં વસે છે. ૫.

स्वल्पकार्यकृतौ चिंता महावज्रायते ध्रुवं।
मुनीनां शुद्धचिद्रूपध्यानपर्वत भंजने ॥६॥

शुद्धचिद्रूपसद्ध्यानभानुरत्यंतनिर्मलः।
जनसंगतिसंजातविकल्पाब्दैस्तिरोभवेत् ॥७॥

ચિંતા જરાય પર કાર્યની વજ્ર ભારે,
ચિદ્રૂપ ધ્યાન ગિરિ એ મુનિનો વિદારે;
ચિદ્રૂપ ધ્યાન રવિ નિર્મળ તે છવાયે,
વિકલ્પ મેઘ જનસંગતિજન્ય આવ્યે. ૬–૭.

**અર્થ** :—મુનિઓને શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનરૂપ પર્વત તોડવાને માટે અલ્પ કાર્ય અંગે કરેલી ચિંતા નિશ્ચયથી મહાન વજ્ર જેવી બને છે. ૬.

મનુષ્યોના સંગથી ઉત્પન્ન થતા વિકલ્પરૂપ વાદળો વડે, અત્યંત નિર્મળ, શુદ્ધ આત્મધ્યાનરૂપ સૂર્ય ઢંકાઈ જાય છે. ૭.

अभव्ये शुद्धचिद्रूपध्यानस्य नोद्भवो भवेत्।
वंध्यायां किल पुत्रस्य विषाणस्य खरे यथा ॥८॥

दूरभव्यस्य नो शुद्धचिद्रूपध्यानसंरुचिः
यथाऽजीर्णविकारस्य न भवेदन्नसंरुचिः ।।९।।

શુદ્ધાત્મનું અભવિને નહિ ધ્યાન હોવે,
વંધ્યા યથા સુત નહીં, ખર શ્રૃંગ પાવે;
શુદ્ધાત્મ-ધ્યાન રુચિ ના દૂરભવ્ય પામે,
થાયે અજીર્ણ રુચિ અન્નની ત્યાં વિરામે. ૮–૯.

**અર્થ** :—જેમ વંધ્યા સ્ત્રીમાં પુત્રની તથા ગધેડામાં શિંગડાની ખરેખર ઉત્પત્તિ થતી નથી, તેમ અભવ્ય જીવમાં શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનની ઉત્પત્તિ થતી નથી. ૮.

જેવી રીતે અજીર્ણના રોગીને ભોજન લેવાની સાચી રુચિ થતી નથી, તેવી રીતે દૂરભવ્યમાં (જેનો મોક્ષ નિકટ નથી તેવા જીવમાં) શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાનમાં યથાર્થ રુચિ થતી નથી. ૯.

भेदज्ञानं विना शुद्धचिद्रूपज्ञानसंभवः।
भवेन्नैव यथा पुत्रसंभूतिर्जनकं विना।।१०।।

कर्मांगाखिलसंगे, निर्ममतामातरं विना।
शुद्धचिद्रूपसद्ध्यानपुत्रसूतिर्न जायते।।११।।

સંતાન સંભવ નહીં જ્યમ વિણ તાત,
ના ભેદજ્ઞાન વિણ શુદ્ધ સ્વરૂપ જ્ઞાત;
સૌ સંગ–કર્મ–તન–નિર્મમતા જનેતા,
શુદ્ધાત્મધ્યાન–સુત–સંભવ તે વિના ના. ૧૦–૧૧

**અર્થ** :—જેમ પિતા વિના પુત્રનો જન્મ થાય જ નહિ, તેમ ભેદજ્ઞાન વિના શુદ્ધ ચિદ્રૂપના જ્ઞાનનો સંભવ થાય જ નહિ. ૧૦.

કર્મ, શરીર અને સમસ્ત સંગમાં, નિર્મમતારૂપ માતા વિના શુદ્ધ ચિદ્રૂપના સદ્ધ્યાનરૂપ પુત્રનો જન્મ થતો નથી. ૧૧.

तत्तस्य गतचिंता निर्जनताऽऽसन्न भव्यता।
भेदज्ञानं परस्मिन्निर्ममता ध्यानहेतवः ॥१२॥

**ચિંતા અભાવ વળી નિર્જનવાસ ભાવે,**
**આસન્નભવ્યપણું, ભેદ વિબોધ પાવે;**
**દેહાદિ સર્વ પરમાંથી મમત્વ જાયે,**
**એ ધ્યાન હેતુ નરરત્ન વિષે સુહાયે. ૧૨.**

**અર્થ** :—તેથી ચિંતાનો અભાવ, એકાંતવાસ, સમીપ મુક્તિગામીપણું, ભેદ–વિજ્ઞાન, પરમાં નિર્મમતા, તેના ધ્યાનના હેતુઓ છે. ૧૨.

नृस्त्रीतिर्यग्सुराणां स्थितिगतिवचनं नृत्यगानं शुचादि
क्रीड़ाक्रोधादि मौनं भयहसनजरारोदनस्वापशूकाः।
व्यापाराकाररोगं नुतिनतिकदनं दीनतादुःखशंकाः
श्रृंगारादीन् प्रपश्यन्नमिह भवे नाटकं मन्यते ज्ञः ॥१३॥

(શાર્દૂલવિક્રીડિત)

**સંસારે નર નારી દેવ પશુનાં, સ્થિતિ ગતિ ગાનને,**
**વાણી નૃત્ય ક્રીડા પીડા રુદનને ક્રોધાદિને મૌનને;**
**આકૃતિ સ્તુતિ સૌ પ્રવૃત્તિ ભીતિને વ્યાધિ જરા દુઃખને,**
**જોતા નાટક માનિ જ્ઞાની સમ તે શૃંગાર કે શોકને. ૧૩.**

**અર્થ** :—આ સંસારમાં મનુષ્ય, સ્ત્રી, પશુ અને દેવોની સ્થિતિ, ગતિ, વચનને, નૃત્યને, ગીતને, શોક આદિને, ક્રીડાને, ક્રોધને, મૌનને, ભય, હાસ્ય, જરા, રુદન, નિદ્રા તથા જુગુપ્સાને, વ્યાપાર, આકૃતિ, રોગને, સ્તુતિ, પ્રણામ, પીડાને, દીનતા, દુઃખ, શંકાને, ભોજનને, શૃંગારાદિને વાસ્તવિક રૂપે જોતાં જ્ઞાની નાટક માને છે. ૧૩.

चक्रींद्रयोः सदसि संस्थितयोः कृपा स्या-
त्तद्भार्ययोरतिगुणान्वितयोर्घृणा च।

सर्वोत्तमेंद्रियसुखस्मरणेऽतिकष्टं
यस्योद्धचेतसि स तत्त्वविदां वरिष्ठः ॥१४॥

ચક્રી ઇન્દ્રસભા વિરાજિત અહા! દેખી દયા આવતી,
રાણી કે શચિ સુંદરાંગી રતિશી, જોતાં ઘૃણા જાગતી;
સર્વોત્કૃષ્ટ સુખો સ્મર્યે વિષયનાં આપે સ્મૃતિ દુઃખની,
ચિત્તે એ પ્રગટ્યો વિવેક નર તે તત્ત્વજ્ઞ શિરોમણિ. ૧૪.

**અર્થ** :—જેમના ઉચ્ચ ચિત્તમાં, સભામાં વિરાજિત ચક્રવર્તી કે ઈન્દ્રની ઉપર દયા આવે, રતિ સમાનરૂપ અને અતિશય ગુણયુક્ત તેમની સ્રીઓ, ચક્રવર્તીની પટરાણી તથા ઈન્દ્રની ઈન્દ્રાણીની ઉપર અણગમો આવે તથા સર્વોત્તમ ઈન્દ્રિય સુખના સ્મરણથી અત્યંત કષ્ટ થાય, તે તત્ત્વજ્ઞાનીઓમાં સર્વોત્તમ છે. ૧૪.

रम्यं वल्कलपर्णमंदिरकरीरं कांजिकं रामठं
लोहं ग्रावनिषादकुश्रुतमटेद् यावन्न यात्यंबरं।
सौधं कल्पतरुं सुधां च तुहिनं स्वर्णं मणिं पंचमं
जैनीवाचमहो तथेंद्रियभवं सौख्यं निजात्मोद्भवं॥१५॥

(હરિગીત)

દિવ્ય વસ્રો મહેલ સુરતરુ કે સુધા કંચન મણિ,
જિનેન્દ્રવાણી આત્મસુખને જ્યાં સુધી પામ્યા નથી;
ત્યાં સુધી વલ્કલ પર્ણકુટી કરીર કાંજી લોહને,
પથ્થર કુશ્રુતિ વિષયસુખ અતિ રમ્ય લાગે લોકને. ૧૫.

**અર્થ** :—જેમ, જ્યાં સુધી જીવને દિવ્ય વસ્ર, મહેલ, કલ્પતરુ, અમૃત, કપૂર, સુવર્ણ, મણિરત્ન, કોયલનો સ્વર અને જિનેન્દ્રની દિવ્યવાણી પ્રાપ્ત થતી નથી; ત્યાં સુધી આશ્ચર્યની વાત છે કે તે વલ્કલને (ઝાડની છાલના વસ્રો), ઘાસપર્ણની ઝુંપડી, કેરડા, રાખ, હિંગ, લોઢું, પથ્થર, હાથીનો કર્કશ સ્વર અને કુશાસ્રને રમ્ય માનીને તેને માટે ભટકે

છે, તેવી રીતે જ્યાં સુધી જીવને નિજ આત્મિક સુખની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી જીવ ઈન્દ્રિયજનિત સુખ તરફ ભટકે છે. ૧૫.

केचिद् राजादिवार्तां विषयरतिकलाकीर्तिरैप्राप्तिचिंतां
संतानोद्भूत्युपायं पशुनगविगवां पालवं चान्ससेवां।
स्वापक्रीडौषधादीन् सुरनरमनसां रंजनं देहपोषं
कुर्वंतोऽस्यंति कालं जगति च विरलाः स्वस्वरूपोपलब्धिं।।१६।।

**રાજાદિની વિકથા વિષે ઇન્દ્રિયરતિ કીર્તિ કલા,**
**ધન તનય ઇચ્છા, અન્ય સેવા, પશુ વૃક્ષ પક્ષીની લલા;**
**ઔષધ શયન ક્રીડા શરીર–પોષણ મનુજ સુર રંજને,**
**સૌ વ્યર્થ કાલ વીતાવતા, વિરલા જ ચિદ્રૂપ ચિંતને. ૧૬.**

**અર્થ** :—જગતમાં કેટલાક જીવો રાજાદિની વાર્તા, વિષયભોગ, સ્ત્રીરતિ, કલા, કીર્તિ અને ધનપ્રાપ્તિની ચિંતા, સંતાનની ઉત્પત્તિના ઉપાય, પશુ, વૃક્ષ, પક્ષી, ગાય, બળદના પાલન અને અન્યની સેવા, નિદ્રા, ક્રીડા, ઔષધ આદિ સુર અને નરોના મનને રંજન, દેહનું પોષણ કરતાં થકાં કાળને ગુમાવી દે છે અને અતિ અલ્પ જીવો સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં કાળ વીતાવે છે. ૧૬.

वाचांगेन हृदा शुद्धचिद्रूपोहमिति ब्रुवे।
सर्वदानुभवामीह स्मरामीति त्रिधा भजे।।१७।।

शुद्धचिद्रूपसद्ध्यानहेतुभूतां क्रियां भजेत्।
सुधीः कांचिच्च पूर्वं तद्ध्याने सिद्धे तु तां त्यजेत्।।१८।।

(માલિની)

**તન મન વચને હું, શુદ્ધ ચિદ્રૂપ સેવું,**
**અનુભવું સ્મરું ગાઉં ભક્તિથી નિત્ય ધ્યાવું;**
**સહજ સ્વરૂપધ્યાને કાર્યકારી ક્રિયા જે,**
**વિમલ-મતિ ભજે સૌ ધ્યાન સિદ્ધે તજે તે. ૧૭-૧૮**

**અર્થ** :—અહીં, વાણીથી, શરીરથી, ચિત્તથી શુદ્ધ ચિદ્રૂપ હું છું એમ ઉચ્ચારુ, અનુભવું, સ્મરણ કરું; એમ ત્રણ પ્રકારે હમેશાં ભજું. ૧૭.

સમ્યગ્જ્ઞાની શુદ્ધ ચિદ્રૂપના સદ્ધ્યાનમાં કારણભૂત કોઈ પણ ક્રિયાને પ્રથમ ભજે, પરંતુ તે ધ્યાનની સિદ્ધિ થતાં ક્રિયાને તજી દે. ૧૮.

अंगस्यावयवैरंगमंगुल्याद्यैः परामृशेत्।
मत्याद्यैः शुद्धचिद्रूपावयवैस्तं तथा स्मरेत्॥१६॥

ज्ञेये दृश्ये यथा स्वे स्वे चित्तं ज्ञातरि दृष्टरि।
दद्याच्चेन्ना तथा विंदेत्परं ज्ञानं च दर्शनं॥२०॥

**જ્યમ શરીર–અવયવ અંગુલિ આદિથી તન લક્ષાય છે,**
**ચિદ્–અંગ મત્યાદિ સુજ્ઞાને સ્વરૂપ સ્મૃતિ પમાય છે;**
**પર જ્ઞેય–દૃશ્યે જન દિયે મન તેમ જો સ્વરૂપે દીએ,**
**જ્ઞાતા તથા દૃષ્ટા વિષે તો જ્ઞાન દર્શન વર લીએ. ૧૯-૨૦**

**અર્થ** :—શરીરના આંગળી આદિ અવયવો વડે શરીરનું અનુમાન થાય છે અને પછી સ્પર્શાય છે, તેમ શુદ્ધ ચિદ્રૂપના અવયવો મતિજ્ઞાન આદિ વડે તે શુદ્ધ ચિદ્રૂપને સ્મરવું, ધ્યાવું જોઈએ. ૧૯.

જેમ મનુષ્ય પોતાના જ્ઞેય અને દૃશ્યમાં ચિત્તને જોડે છે તેમ જો તે જ્ઞાતાદૃષ્ટા એવા સ્વમાં ચિત્ત જોડે, તો તે ઉત્કૃષ્ટ જ્ઞાન અને દર્શનની પ્રાપ્તિ કરે છે. ૨૦.

उपायभूतमेवात्र शुद्धचिद्रूपलब्धये।
यत् किंचित्तत् प्रियं मेऽस्ति तदर्थित्वान्न चापरं॥२१॥

चिद्रूपः केवलः शुद्ध आनंदात्मेत्यहं स्मरे।
मुक्त्यै सर्वज्ञोपदेशः श्लोकार्द्धेन निरूपितः॥२२॥

**હું શુદ્ધ ચિદ્રૂપ અર્થી, સદુપાયો બધા તે તે ચહું,**
**છે તે જ પ્રિય મુજને ઘણા, તેથી અવર કદી ના ચહું;**

**ચિદ્રૂપ કેવલ શુદ્ધ હું આનંદધામ સદા સ્મરું,**
**શ્લોકાર્ધથી સર્વજ્ઞ ભાષિત બોધ મોક્ષાર્થ ધરું. ૨૧-૨૨**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે અહીં જે કંઈ પણ કારણરૂપ હોય તે મને–હું તેનો જ અભિલાષી હોવાથી–પ્રિય છે અને અન્ય પ્રિય નથી.

હું ચૈતન્યસ્વરૂપ, એકલો, નિર્મળ, આનંદસ્વરૂપ છું, એમ સ્મરણ કરું છું. અર્ધ શ્લોકમાં આ મુક્તિ માટેનો સર્વજ્ઞનો ઉપદેશ કહેલો છે. ૨૧–૨૨.

**बहिश्चितः पुरः शुद्धचिद्रूपाख्यानकं वृथा।**
**अंधस्य नर्त्तनं गानं बधिरस्य यथा भुवि॥२३॥**

**अंतश्चितः पुरः शुद्धचिद्रूपाख्यानकं हितं।**
**बुभुक्षिते पिपासार्त्तेऽन्नं जलं योजितं यथा॥२४॥**

**જ્યમ અંધ આગળ નૃત્ય કે ગીત બધિર આગળ વ્યર્થ છે,**
**ત્યમ શુદ્ધ ચિદ્રૂપનું કથન બહિરાત્મ આગળ વ્યર્થ છે;**
**ભૂખ્યા કને જ્યમ અન્ન કે તરસ્યા કને જળ હિત કરે,**
**ત્યમ અંતરાત્મા સમીપ ચિદ્રૂપ-કથન હિતકર છે ખરે. ૨૩-૨૪**

**અર્થ** :—જેમ લોકમાં આંધળાની આગળ નાચ અને બહેરાની આગળ ગાન નકામા છે, તેમ અજ્ઞાની પાસે શુદ્ધ આત્મસ્વરૂપનું વ્યાખ્યાન નિરર્થક છે. ૨૩.

જેમ ભૂખ્યા પાસે મૂકેલું અન્ન, તરસથી પીડાતા પાસે જળ, હિતરૂપ થાય છે; તેવી રીતે અંતરાત્માની પાસે શુદ્ધ ચિદ્રૂપનું વ્યાખ્યાન સફળ થાય છે. ૨૪.

**उपाया बहवः संति शुद्धचिद्रूपलब्धये।**
**तद्ध्यानेन समो नाभूदुपायो न भविष्यति॥२५॥**

(અનુષ્ટુપ)

**શુદ્ધ ચિદ્રૂપ પ્રાપ્તિના ઉપાયો બહુ સર્વદા,**
**છતાં તદ્‌ધ્યાન જેવો ના થયો છે ના થશે કદા. ૨૫**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે ઘણા ઉપાયો છે. (પણ) તેનો ધ્યાન જેવો (બીજો કોઈ) ઉપાય થયો નથી, (છે નહિ) અને થશે નહિ. ૨૫.



# અધ્યાય ૪ થો

## [શુદ્ધ ચિદ્રૂપના માર્ગની સુગમતા]

**न क्लेशो न धनव्ययो न गमनं देशांतरे प्रार्थना**
**केषांचिन्न बलक्षयो न न भयं पीडा परस्यापि न।**
**सावद्यं न न रोग जन्मपतनं नैवान्यसेवा न हि**
**चिद्रूपस्मरणे फलं बहु कथं तन्नाद्रियंते बुधाः॥१॥**

(વસંતતિલકા)

**ચિદ્રૂપના સ્મરણમાં ફળ છે ઘણેરું,**
**ના દુઃખ દ્રવ્યવ્યય વ્યાધિ વિદેશ કેરું;**
**જન્માદિ ભીતિ પરસેવ પ્રયાચના ના,**
**ના પાપ તાપ બુધ! આદર કાં ધરો ના? ૧.**

**અર્થ** :—ચિદ્રૂપના સ્મરણમાં ક્લેશ નથી, ધન ખરચવું પડતું નથી, પરદેશમાં જવું પડતું નથી, કોઈની પાસે યાચના કરવી પડતી નથી, બળનો ક્ષય થતો નથી, ભય થતો નથી શત્રુ તરફથી પીડા થતી નથી, પાપ લાગતું નથી, રોગ, જન્મ કે મરણ થતાં નથી, બીજાઓની સેવા પણ કરવી પડતી જ નથી. (અને) ફળ ઘણું છે (તો) હે વિદ્વજ્જનો! તમે તેમાં કેમ આદર ઉત્સાહ ધરતા નથી? ૧.

**दुर्गमा भोगभूः स्वर्गभूमिर्विद्याधरावनिः।**
**नागलोकधरा चातिसुगमा शुद्धचिद्धरा॥२॥**

**રે! પ્રાપ્તિ ભોગભૂમિની, સુરલોક કેરી,**
**વિદ્યાધરો તણી ભૂમિ, ભૂમિ નાગ કેરી.**
**છે એ નહીં સુગમ તો, જરી જો વિચારો,**
**ચિદ્રૂપ પ્રાપ્તિ સુગમ તેથી સ્વકાર્ય સારો. ૨**

**અર્થ** :—ભોગભૂમિ, સ્વર્ગલોક, વિદ્યાધરોની ભૂમિ, નાગલોકની પૃથ્વી પ્રાપ્ત થવી મુશ્કેલ છે. શુદ્ધ ચૈતન્યરૂપ ભૂમિ (દશા) અત્યંત સુગમ છે. ૨.

तत्साधने सुखं ज्ञानं मोचनं जायते समं।
निराकुलत्वमभयं सुगमा तेम हेतुना।।३।।

**તે આત્મ સાધન કર્યે સુખ જ્ઞાન થાયે,**
**તે સાથ મુક્તિ અહિંયાં જ અનુભવાયે;**
**આકુલતા રહિત એ સહજાત્મ પ્રાપ્તિ,**
**તેથી ગણી સુગમ તે, રહી જ્યાં ન ભીતિ. ૩.**

**અર્થ** :—તેના સાધનમાં સુખ, જ્ઞાન, કર્મથી મુક્તિ, નિરાકુળતા, નિર્ભયતા એક સાથે ઉત્પન્ન થાય છે, તે કારણથી શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ સુગમ છે. ૩.

अत्राश्मागुरुनागफेनसदृशं स्पर्शेन तस्यांशतः
कौमाराम्रकसीसवारिसदृशं स्वादेन सर्वं वरं।
गंधेनैव घृतादि वस्त्रसदृशं दृष्ट्या च शब्देन च
कर्कर्यादि च मानसेन च यथा शास्त्रादि निश्चीयते।।४।।

स्मृत्या दृष्टनगाब्धिभूरुहपुरीतिर्यग्नराणां तथा
सिद्धांतोक्तसुराचलह्रदनदीद्वीपादिलोकस्थितेः।
खार्थानां कृतपूर्वकार्यविततेः कालत्रयाणामपि
स्वात्मा केवलचिन्मयोऽशकलनात् सर्वोऽस्य निश्चीयते।।५।। युग्मं।।

**પાષાણ આદિ પરખો જ્યમ અંશ સ્પર્શે,**
**આમ્રાદિ સારી ગણીએ જ્યમ સ્વાદ અંશે.**
**વસ્ત્રાદિ દ્રષ્ટિથી, ઘૃતાદિ જણાય ગંધે,**
**શાસ્ત્રાદિ નિશ્ચય મને, ગીત ઘંટ શબ્દે. ૪.**

**પૂર્વે દીઠેલ ત્યમ વારિધિ વૃક્ષને જે,**
**કે ગ્રામ માનવ પશુ સઘળાં સ્મરે છે;**
**શાસ્ત્રોથી સાંભળી નદી હ્રદ મેરુ સર્વે,**
**દ્વીપાદિ લોકસ્થિતિ જે સ્મૃતિમાં ધરે છે;**
**ઇન્દ્રિયના વિષય કાર્ય કરેલ પૂર્વે,**
**જેને ત્રિકાળ ઉરમાં વળી યાદ આવે;**
**અંશે અનુભવી સ્મૃતિ થકી તે કળાયે,**
**સંપૂર્ણ ચિન્મય નિજાત્મ પ્રતીત થાયે. ૫.**

**અર્થ** :—જેમ અન્ન, પથ્થર, અગરૂ, અફીણ અને તેવા બીજા પદાર્થોને તે દરેકના આંશિક સ્પર્શથી તે દરેક સંપૂર્ણપણે ઓળખાય છે. કેરી, કસીસ, જળ જેવા પદાર્થોને દરેકના સ્વાદથી (ચાખવાથી) સંપૂર્ણપણે ઓળખી શકાય છે. ઘી વગેરે પદાર્થોને ગંધ વડે જ, વસ્ત્ર જેવા પદાર્થોને દૃષ્ટિ વડે (જોવાથી) અને ઝાલર, ઘંટ, ગીત આદિને શબ્દ સાંભળવાથી ઓળખી શકાય છે તથા શાસ્ત્રાદિનો મન વડે નિશ્ચય થાય છે, વળી પૂર્વે જોયેલા પર્વત, સમુદ્ર, વૃક્ષ, નગર, પશુ અને મનુષ્યોની સિદ્ધાંત (શાસ્ત્ર)માં કહેલા મેરુ, સરોવર, નદી, દ્વીપ આદિ લોકસ્થિતિની, ઈન્દ્રિયોના વિષયોની, પૂર્વે કરેલા કાર્યોની પરંપરાની ત્રણે કાળ સંબંધી ઓળખાણ (નિશ્ચય) થઈ શકે છે; તેવી જ રીતે શુદ્ધ ચિદ્રૂપની સ્મૃતિ વડે, અંશે અનુભવથી તેનું સંપૂર્ણપણું જે પોતાનો આત્મા-કેવળ જ્ઞાનમય છે, તેનો નિશ્ચય કરાય છે. ૪–૫.

द्रव्यं क्षेत्रं च कालं च भावमिच्छेत् सुधीः शुभं।
शुद्धचिद्रूपसंप्राप्ति हेतुभूतं निरंतरं ॥६॥

न द्रव्येन न कालेन न क्षेत्रेण प्रयोजनं।
केनचिन्नैव भावेन लब्धे शुद्धचिदात्मके ॥७॥

**તો દ્રવ્યક્ષેત્ર શુભ કાળ સ્વભાવ સર્વે,**
**ચિદ્રૂપ પ્રાપ્તિ સદુપાય સદાય સેવે;**

તે બુદ્ધિમાન સહજાત્મસ્વરૂપ પામ્યે,
દ્રવ્યાદિનું પછી નહિ કંઈ કામ નામે. ૬–૭.

**અર્થ** :—સમ્યગ્જ્ઞાની શુદ્ધ આત્મદશાની અખંડ પ્રાપ્તિના કારણરૂપ શુભ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને નિરંતર ઇચ્છે. ૬

શુદ્ધ ચૈતન્ય આત્મદશા પામ્યા પછી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી (કાંઈ) પ્રયોજન નથી જ. ૭.

परमात्मा परंब्रह्म चिदात्मा सर्वदृक् शिवः।
नामानीमान्यहो शुद्धचिद्रूपस्यैव केवलं ॥८॥

(ઝૂલણા)

સર્વ દ્રષ્ટા પરબ્રહ્મ પરમાતમા,
તે ચિદાત્મા પ્રભુ શિવ કહાયે;
શુદ્ધ ચિદ્રૂપ કેવલ અહા! જાણીએ,
નામ તેનાં જ સૌ એ ગણાયે. ૮.

**અર્થ** :—પરમાત્મા, પરંબ્રહ્મ, ચિદાત્મા, સર્વદ્રષ્ટા, કલ્યાણસ્વરૂપ, આ (બધા) નામો ખરેખર ફક્ત શુદ્ધ ચિદ્રૂપનાં જ છે. ૮.

मध्ये श्रुताब्धेः परमात्मनाम—रत्नव्रजं वीक्ष्य मया गृहीतं।
सर्वोत्तमत्वादिदमेव शुद्धचिद्रूपनामातिमहार्घ्यरत्नं ॥९॥

નામ પરમાત્મનાં, સમૂહ રત્નો તણો,
શાસ્ત્ર રત્નાકરે શોભતો હા!
શુદ્ધ ચિદ્રૂપ ઉત્તમ મહામૂલ્ય ત્યાં,
ભાળીને મેં ગ્રહ્યું રત્ન તો આ. ૯.

**અર્થ** :—વીતરાગ પ્રવચનરૂપ સમુદ્રની મધ્યમાં પરમાત્માના નામરૂપ રત્નનો સમૂહ જોઈને જે માત્ર આ શુદ્ધ ચિદ્રૂપ નામનું મહામૂલ્યવાન રત્ન સર્વોત્તમ હોવાથી મેં તેનું ગ્રહણ કર્યું છે. ૯

नाहं किंचिन्न मे किंचिद् शुद्धचिद्रूपकं विना।
तस्मादन्यत्र मे चिंता वृथा तत्र लयं भजे॥१०॥

શુદ્ધ ચિદ્રૂપ વિણ અન્ય તે હું નહીં,
તે વિના અન્ય કંઈ મારું નાંહી;
તેથી અન્યત્ર ચિંતા બધી વ્યર્થ ત્યાં,
થાઉં તલ્લીન ચિદ્રૂપમાંહી. ૧૦.

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપ વિના કાંઈ પણ હું નથી, કંઈ પણ મારું નથી, તેના સિવાય બીજે મારી ચિંતા નકામી છે; તેથી હું તેમાં લય પામવાનો પ્રયત્ન કરું છું. ૧૦.

अनुभूय मया ज्ञातं सर्वं जानाति पश्यति।
अयमात्मा यदा कर्मप्रतिसीरा न विद्यते॥११॥

કર્મ વાદળ વિષે આત્મરવિ જ્યાં છૂપ્યો,
જ્ઞાન દર્શન દ્યુતિ અલ્પ ભાસે;
અનુભવે જાણ્યું મેં, કર્મ પડદો ખસ્યે,
પૂર્ણ તે જ્ઞાન દર્શન પ્રકાશે. ૧૧.

**અર્થ** :—જ્યારે કર્મરૂપ પડદો નથી હોતો ત્યારે આ આત્મા સર્વને જાણે છે અને દેખે છે, એમ મેં અનુભવ કરીને જાણ્યું છે. ૧૧.

विकल्पजालजंबालान्निर्गतोऽयं सदा सुखी।
आत्मा तत्र स्थितो दुःखीत्यनुभूय प्रतीयतां॥१२॥

अनुभूत्या मया बुद्धमयमात्मा महाबली।
लोकालोकं यतः सर्वमंतर्नयति केवलः॥१३॥

કલ્પના જાલ સેવાલમાંથી યદિ,
આત્મરૂપ આ વિભુ ઉપર આવે;
તો સદા તે સુખી, તે વિના ત્યાં દુઃખી,
અનુભવે સુજ્ઞ સૌ પ્રતીત પાવે.

**અનુભવે જાણ્યું મેં આ ચિદાત્મા અહો !**
**શું અનુપમ મહા શક્તિધારી !**
**લોક ને સૌ અલોકાદિ સર્વસ્વને,**
**જાણી નિજમાં શમે, જ્ઞાનભારી ! ૧૨–૧૩.**

**અર્થ** :—વિકલ્પોની જાળરૂપ સેવાળમાંથી બહાર નીકળેલો આ આત્મા સદા સુખી (છે) અને ત્યાં રહેલો દુ:ખી છે, એમ અનુભવીને નિશ્ચય કરો.

મેં અનુભવથી જાણ્યું છે કે આ આત્મા મહાન શક્તિશાળી છે, કારણ કે પોતે એકલો જ, સર્વ લોક-અલોકને અંતરમાં (જ્ઞાનમાં) સમાવી દે છે. ૧૨–૧૩.

**स्मृतिमेति यतो नादौ पश्चादायाति किंचिन।**
**कर्मोदयविशेषोऽयं ज्ञायते हि चिदात्मनः ॥१४॥**
**विस्फुरेन्मानसे पूर्वं पश्चान्नायाति चेतसि।**
**किंचिद्वस्तु विशेषोऽयं कर्मणः किं न बुध्यते ॥१५॥**

**પ્રથમ સ્મરતાં સ્મૃતિમાં ન આવે કંઈ,**
**જે ધીમેથી પછી યાદ આવે;**
**કર્મનો ઉદય ત્યાં આ ચિદાત્મા તણો,**
**સ્પષ્ટ તે કોઈ પ્રકારે જણાયે;**
**પ્રથમ મનમાં સ્ફુરે સ્મરણ કંઈ વસ્તુનું,**
**પછીથી સંભારતાં સાંભરે ના;**
**એ જ કો કર્મનો ભેદ વિદ્વજ્જનો,**
**કેમ નિશ્ચય કરો અંતરે ના ? ૧૪–૧૫.**

**અર્થ** :—કેમ કે પ્રથમ સ્મરણમાં આવતું નથી, પછીથી કંઈક આવે છે, ખરેખર આ ચિદાત્માનો કર્મોદયનો પ્રકાર જણાય છે. ૧૪.

પહેલાં કંઈક વસ્તુ મનમાં યાદ આવે, પાછળથી ચિત્તમાં યાદ આવે નહિ, આ કર્મની વિશેષતા કેમ ખ્યાલમાં આવતી નથી? ૧૫.

सर्वेषामपि कार्याणां शुद्धचिद्रूपचिंतनं।
सुखसाध्यं निजाधीनत्वादीहामुत्र सौख्यकृत्॥१६॥

प्रोद्यन्मोहाद् थया लक्ष्म्यां कामिन्यां रमते च हृत्।
तथा यदि स्वचिद्रूपे किं न मुक्तिः समीपगा॥१७॥

સર્વ કાર્યો વિષે સાધ્ય સુગમ દીસે,
શુદ્ધચિદ્રૂપ ચિંતન વિચારો.
અવર પરતંત્ર, સ્વાધીન નિજ ધ્યાન તો,
લોક પરલોક સુખકર સ્વીકારો. ૧૬.

મોહ ઉદયે મહામત્ત હા! ચિત્ત આ,
કામિની કનકમાં રક્ત નિત્યે;
તેમ જો ચિત્ત નિજ ચિદ્સ્વરૂપમાં ધરો,
કેમ તો મુક્તિના સમીપ વર્તે! ૧૭.

**અર્થ** :—બધા કાર્યોમાં શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન આ લોક અને પરલોકમાં સુખ આપનાર, પોતને આધીન હોવાથી સરળતાથી સધાય તેવું છે. ૧૬.

જેમ મોહથી મત્ત મન કંચન અને કામિનીમાં રમે છે, તેમ જો પોતાના શુદ્ધ આત્મામાં રમે, તો શું મોક્ષ સમીપ ન આવે? ૧૭.

विमुच्य शुद्धचिद्रूपचिंतनं ये प्रमादिनः।
अन्यत् कार्यं च कुर्वंति ते पिबंति सुधां विषं॥१८॥

विषयानुभवे दुःखं व्याकुलत्वात् सतां भवेत्।
निराकुलत्वतः शुद्धचिद्रूपानुभवे सुखं॥१९॥

શુદ્ધ ચિદ્રૂપ ચિંતન તજી અન્ય જે,
કાર્ય કરવા પ્રમાદી પ્રવર્તે;
તે જનો પાન પીયૂષનું છોડીને,
વિષપાને અહો કેમ વર્તે?

**વિષયસુખ અનુભવે વ્યાકુલિત મન બને,**
**દુ:ખ ત્યાં તેથી તત્ત્વજ્ઞ માને;**
**શુદ્ધ ચિદ્રૂપ અનુભવે સુખ મહા!**
**ત્યાં નિરાકુલતા નિત્ય માણે. ૧૮-૧૯.**

**અર્થ** :—જે પ્રમાદીઓ શુદ્ધ ચિદ્રૂપનું ચિંતન છોડીને અન્ય કાર્ય કરે છે, તેઓ અમૃત છોડીને વિષનું પાન કરે છે. ૧૮.

વિષયોના અનુભવમાં વ્યાકુળતા હોવાથી સંતોને દુ:ખ થાય છે, શુદ્ધ આત્માના અનુભવમાં નિરાકુળતા હોવાથી સુખ થાય છે. ૧૯.

रागद्वेषादिजं दुःखं शुद्धचिद्रूपचिंतनात्।
याति तच्चिंतनं न स्याद् यतस्तद्‌गमनं विना॥२०॥

आनन्दो जायतेत्यंतः शुद्धचिद्रूपचिंतने।
निराकुलत्वरूपो हि सतां यत्तन्मयोऽस्त्यसौ॥२१॥

**રાગદ્વેષાદિથી ઉપજે દુ:ખ જે,**
**શુદ્ધ ચિદ્રૂપ ચિંતનથી જાયે;**
**કેમ કે તે ગયા વિણ ચિંતન કદી,**
**શુદ્ધ ચિદ્રૂપનું ના પમાયે;**
**શુદ્ધ ચિદ્રૂપના ચિંતને સંતને,**
**કોઈ અત્યંત આનંદ આવે;**
**તે નિરાકુળતારૂપ આનંદ છે,**
**એક તન્મયપણે ચિદ્–સ્વભાવે. ૨૦-૨૧.**

**અર્થ** :—રાગ-દ્વેષાદિથી ઉત્પન્ન થતું દુ:ખ શુદ્ધ–આત્મસ્વરૂપના ચિંતનથી દૂર થઈ જાય છે, કારણ કે તેના દૂર થયા વિના તેનું (ચિદ્રૂપનું) ચિંતન થતું નથી.

ખરેખર સંતોને શુદ્ધ આત્માનું ચિંતન કરતાં નિરાકુળતારૂપ અત્યંત આનંદ પ્રગટે છે, કારણ કે તે ચિદ્રૂપ આનંદમય છે. ૨૧.

तं स्मरन् लभते ना तमन्यदन्यच्च केवलं।
याति यस्य पथा पांथस्तदेव लभते पुरं॥२२॥

शुद्धचिद्रूपसंप्राप्तिर्दुर्गमा मोहतोंऽगिनां।
तज्जयेऽत्यंत सुगमा क्रियाकांडविमोचनात्॥२३॥

**જે સ્મરે સ્વરૂપ, તે જ પ્રાપ્તિ કરે,**
**અન્ય સ્મરણે જનો અન્ય પામે;**
**પથિક જે નગરનો માર્ગ લઈ સંચરે,**
**ત્યાં જ પહોંચે, નહીં અન્ય ગ્રામે.**
**શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ દુર્ગમ અહા!**
**મોહવશ પ્રાણીને સુગમ ક્યાંથી?**
**મોહના વિજયથી, વિણ ક્રિયાકાંડ પણ,**
**પ્રાપ્તિ તેની અતિ સુગમતાથી. ૨૨-૨૩.**

**અર્થ** :—મનુષ્ય તેનું સ્મરણ કરતાં તેને પામે છે અને અન્યનું સ્મરણ કરતાં કેવળ અન્યને પામે છે; જેમ વટેમાર્ગુ જે નગરના માર્ગે જાય છે, તે જ નગરમાં તે પહોંચે છે. ૨૨.

પ્રાણીઓને મોહથી શુદ્ધ આત્મસ્વરૂપની યથાર્થ પ્રાપ્તિ મુશ્કેલ છે અને તેનો (મોહનો) જય કરવાથી (અન્ય) ક્રિયાકાંડ કર્યા વગર પણ (તેની પ્રાપ્તિ) અત્યંત સુગમ છે. ૨૩.



# અધ્યાય ૫ મો

## [શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ કદી પૂર્વે કોઈ વાર થઈ નથી]

**रत्नानामौषधीनां वसनररसरुजामन्नधातूपलानां**
**स्त्रीभाश्वानां नराणां जलचरवयसां गोमहिष्यादिकानां।**
**नामोत्पत्त्यर्घतार्थान् विशदमतितया ज्ञातवान् प्रायशोऽहं**
**शुद्धचिद्रूपमात्रं कथमहह निजं नैव पूर्वं कदाचित्॥१॥**

(ઝૂલણા)

**રત્ન ઔષધિ બહુ વસ્ત્ર રસ વ્યાધિઓ,**
**અન્ન પથ્થર અને ધાતુઓનાં;**
**પુરુષ સ્ત્રી અશ્વ ગજ પક્ષી જલચર તથા,**
**ગાય ભેંસાદિ પર વસ્તુઓનાં;**
**નામ, ઉત્પત્તિ, કિંમત, પ્રયોજન બધું,**
**તીક્ષ્ણ બુદ્ધિ કરી બહુય જાણ્યું;**
**કિંતુ નિજ શુદ્ધ ચિદ્રૂપને મેં અહો!**
**પૂર્વ કાલે કદી ના પિછાણ્યું! ૧.**

**અર્થ** :—રત્નોનાં, ઔષધોનાં, વસ્ત્ર, રસ, રોગનાં, અન્ન, ધાતુ, પથ્થરોનાં, સ્ત્રી, હાથી ને અશ્વોનાં, મનુષ્યોનાં, જળચર અને નભચર (પક્ષીઓ)નાં, ગાય, ભેંસ આદિનાં નામ, ઉત્પત્તિ, મૂલ્ય, પ્રયોજન તીક્ષ્ણ બુદ્ધિ વડે કરી મેં ઘણું કરીને જાણ્યા છે. અહો! ખેદ છે કે કોઈ રીતે માત્ર પોતાના શુદ્ધ ચિદ્રૂપને પૂર્વે કદી પણ જાણ્યું નથી? ૧.

**पूर्वं मया कृतान्येव चिंतनान्यप्यनेकशः।**
**न कदाचिन्महामोहात् शुद्धचिद्रूपचिंतनं॥२॥**

अनंतानि कृतान्येव मरणानि मयापि न।
कुत्रचिन्मरणे शुद्धचिद्रूपोऽहमिति स्मृतं।।३।।

અન્ય પણ બહુ બહુવિધ ચિંતન કર્યાં,
પૂર્વમાં આત્મહિત શ્રેણી કાપી;
શુદ્ધ ચિદ્રૂપનું પણ ન ચિંતન કર્યું,
મેં મહામોહવશ થઈ કદાપિ;
મરણ પણ પૂર્વમાં મેં અનંતાં કર્યાં,
સ્વરૂપને ભૂલી પરને હું માની;
એક પણ મરણ કાળે સ્મરણના કર્યું,
શુદ્ધ ચિદ્રૂપ હું એમ જાણી. ૨–૩.

**અર્થ** :—પૂર્વે મેં અનેક વાર ચિંતન પણ કર્યાં છે, પરંતુ મહામોહથી શુદ્ધ આત્માનું ચિંતન કદાપિ થયું નથી. ૨.

અનંતવાર મરણ પણ મેં કર્યાં છે, પરંતુ કોઈ પણ મરણ વખતે મેં 'હું શુદ્ધ ચિદ્રૂપ છું' એમ સ્મરણ કર્યું નથી. ૩.

सुरद्रुमा निधानानि चिंतारत्नं द्युसद्गवी।
लब्धा च न परं पूर्वं शुद्धचिद्रूपसंपदा।।४।।

द्रव्यादिपंचथा पूर्वं परावर्त्ता अनंतशः।
कृतास्तेष्वेकशो न स्वं स्वरूपं लब्धवानहं।।५।।

કલ્પતરુ કામધેનુ, નિધાનો વળી,
રત્નચિંતામણિ દિવ્ય વિભૂતિ;
મેં લહી પૂર્વમાં, શુદ્ધ ચિદ્રૂપ રૂપ,
અનુપ સંપત્તિની કદી ન પ્રાપ્તિ;
દ્રવ્ય આદિ પરાવર્તનો પંચ તે,
મેં અનંતાં કર્યાં પૂર્વકાળે;

તે વિષે એક પણ વાર નિજ સ્વરૂપને,
હું ન પામ્યો ભમ્યો ભ્રાન્તિજાળે. ૪–૫.

**અર્થ** :—(મને) પૂર્વે કલ્પવૃક્ષ, ધનના ભંડાર, ચિંતામણિ રત્ન, કામધેનુ વગેરે મળ્યા, પરંતુ શુદ્ધચિદ્રૂપ સંપત્તિ મળી નથી. ૪.

(મેં) પૂર્વે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ નામના પાંચ પરાવર્તન (સંસાર ભ્રમણ) અનંતવાર કર્યા છે, તેમાં એકવાર પણ મને મારું સ્વરૂપ મળ્યું નથી. ૫.

इन्द्रादीनां पदं लब्धं पूर्वं विद्याधरेशिनां।
अनंतशोऽहमिंद्रस्य स्वस्वरूपं न केवलं।।६।।

मध्ये चतुर्गतीनां च बहुशो रिपवो जिताः।
पूर्वं न मोहप्रत्यर्थी स्वस्वरूपोपलब्धये।।७।।

મેં અનંતી અહો ! વાર વળી પૂર્વમાં,
ઈન્દ્ર, વિદ્યાધર સ્વામી ધાયો;
તેમ અહમિન્દ્રનાં પદ મહા ભોગવ્યાં,
માત્ર સ્વસ્વરૂપને કદી ન પામ્યો,
ચાર ગતિ ભ્રમણમાં બહુ બહુ શત્રુઓ,
બહુ બહુ વાર જીત્યા તથાપિ;
શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ,
મોહ શત્રુ ન જીત્યો કદાપિ. ૬-૭.

**અર્થ** :—(મને) પૂર્વે ઈન્દ્રાદિનાં, અનંતવાર વિદ્યાધરોના અધિપતિનાં (અને) અહમિંદ્રનું પદ પણ મળ્યું (છે) માત્ર સ્વસ્વરૂપ મળ્યું નથી. પૂર્વે ચારગતિમાં (મેં) અનેકવાર શત્રુઓને જીત્યા (પણ) સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે (બાધારૂપ એવા) મોહ શત્રુને જીત્યો નથી. ૬-૭

मया निःशेषशास्त्राणि व्याकृतानि श्रुतानि च।
तेभ्यो न शुद्धचिद्रूपं स्वीकृतं तीव्रमोहिना॥८॥

वृद्धसेवा कृता विद्वन्महतां सदसि स्थितः।
न लब्धं शुद्धचिद्रूपं तत्रापि भ्रमतो निजं॥९॥

**સર્વ શાસ્ત્રો ભણ્યો, શ્રવણ અતિ અતિ કર્યું;**
**બોધ પણ અન્યને ખૂબ દીધો;**
**તીવ્ર મોહે છતાં તે મહીંથી નહીં,**
**શુદ્ધ ચિદ્રૂપ નિજ ગ્રહણ કીધો.**
**વૃદ્ધસેવા કરી, સાધુસંગે ફર્યો,**
**જ્ઞાની પાસે સભામધ્ય બેઠો;**
**તે છતાં ત્યાંથી પણ શુદ્ધ ચિદ્રૂપને,**
**ના લહ્યું, ભ્રમ અનાદિ ન નાઠો. ૮-૯.**

**અર્થ** :—મેં સંસારમાં સર્વ શાસ્ત્રો સાંભળ્યા અને તેમના વિષે વ્યાખ્યાન કર્યા, પરંતુ તીવ્ર મોહી એવા મેં તે શાસ્ત્રોમાંથી શુદ્ધ ચિદ્રૂપનું ગ્રહણ કર્યું નહિ. ૮.

(મેં) વૃદ્ધોની સેવા કરી, (હું) વિદ્વાન, મહાત્માઓની સભામાં બેઠો, (છતાં) ત્યાં ભમીને પણ મેં પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી નહિ. ૯.

मानुष्यं बहुशो लब्धमार्ये खंडे च सत्कुलं।
आदिसंहननं शुद्धचिद्रूपं न कदाचन॥१०॥

शौचसंयमशीलानि दुर्धराणि तपांसि च।
शुद्धचिद्रूपसद्ध्यानमंतरा धृतवानहं॥११॥

**આર્યખંડે બહુ વાર નર ભવ લહ્યો,**
**જન્મ ઉત્તમ કુલે પણ હું પામ્યો;**

**પ્રથમ સંહનન પણ વાર બહુ મેં લહ્યું,**
**શુદ્ધ ચિદ્રૂપ ના કદીય પામ્યો.**

**શૌચ સંયમ તથા શીલ તપ આદર્યાં,**
**સર્વ દુષ્કર વ્રતો પણ ધર્યાં મેં;**
**એક નિજ શુદ્ધ ચિદ્રૂપના ધ્યાન વિણ,**
**સર્વ સાધન નિરર્થક કર્યાં મેં. ૧૦-૧૧.**

**અર્થ** :—આર્યદેશમાં મનુષ્યપણું, વજ્રર્ષભનારાચસંહનન, ઉત્તમ ફળ. એ બધુ મને અનેકવાર મળ્યું છે, પરંતુ શુદ્ધ ચિદ્રૂપ કદી મળ્યું નથી. ૧૦.

શુદ્ધ ચિદ્રૂપના ઉત્તમ ધ્યાન વિનાના શૌચ, શીલ, સંયમ તથા દુર્ધર તપ મેં ધારણ કર્યાં છે. ૧૧.

एकेंद्रियादिजीवेषु पर्यायाः सकला धृताः ।
अजानता स्वचिद्रूपं परस्पर्शादिजानता ।।१२।।

ज्ञातं दृष्टं मया सर्वं सचेतनमचेतनं ।
स्वकीयं शुद्धचिद्रूपं न कदाचिच्च केवलं ।।१३।।

**સર્વ એકેન્દ્રિયાદિ વિષે બહુ ભમ્યો,**
**બહુ ધર્યા સર્વ પર્યાય ત્યાં મેં;**
**સ્પર્શ રસ આદિ પરના બહુ જાણતાં,**
**નિજ ચિદ્રૂપ જાણ્યું ન ત્યાં મેં.**
**અન્ય ચેતન અચેતન પદાર્થો વળી,**
**સર્વ જાણ્યા દીઠા બાહ્યદૃષ્ટિ;**
**માત્ર નિજ શુદ્ધ ચિદ્રૂપને જાણવા,**
**દેખવા ના ખુલી આત્મદૃષ્ટિ. ૧૨-૧૩.**

**અર્થ** :—પોતાના આત્મસ્વરૂપને જાણ્યા વિના અને પરના સ્પર્શ, રસ, રૂપ આદિને જાણતાં મેં એકેન્દ્રિયાદિમાં સર્વ અવસ્થાઓ ધારણ કરી છે. ૧૨.

મેં બધા ચેતન, અચેતન (પદાર્થો)ને જોયા અને જાણ્યા; ફક્ત પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને કદી જાણ્યું નથી. ૧૩.

**लोकज्ञाति श्रुतसुरनृपति श्रेयसां भामिनीनां**
**यत्यादीनां व्यवहृतिमखिलां ज्ञातवान् प्रायशोऽहं।**
**क्षेत्रादीनामशकलोजगतो वा स्वभावं च शुद्ध–**
**चिद्रूपोऽहं ध्रुवमिति न कदा संसृतौ तीव्रमोहात्।।१४।।**

**લોક જ્ઞાતિ તથા શાસ્ત્ર સુર નૃપતણિ,**
**નીતિરીતિ જાણી મેં સર્વ પ્રાયે;**
**સ્ત્રી, મુનિ આદિના અખિલ વ્યવહારને,**
**તેમ મેં જાણ્યો મુખ્યતાયે;**
**ક્ષેત્ર નદી આદિ સૌ જગત સંપૂર્ણના,**
**જાણવા ભાવ હું બહુ ય શાણો;**
**તીવ્ર મોહે છતાં ભવ વિષે હા કદી,**
**શુદ્ધ ચિદ્રૂપ હું ધ્રુવ ન જાણ્યો. ૧૪.**

**અર્થ** :—સંસારમાં લોક, જ્ઞાતિ, શાસ્ત્ર, દેવ રાજા આદિની સંપતિ, શ્રેય (કલ્યાણ), સ્ત્રી અને મુનિઓના સમસ્ત વ્યવહારોનું અથવા દેશ, નગર, નદી, પર્વત આદિના ભાગોનું, જગતમાં સ્વભાવનું મેં ઘણું કરીને જ્ઞાન કર્યું, (મેળવ્યું) પરંતુ તીવ્ર મોહને લીધે 'હું ચેતનસ્વરૂપ આત્મા છું' એમ ખરેખર કદી જાણ્યું નહિ. ૧૪.

**शीतकाले नदीतीरे वर्षाकाले तरोरधः।**
**ग्रीष्मे नगशिरोदेशे स्थितो न स्वे चिदात्मनि।।१५।।**

**विहितो विविधोपायैः कायक्लेशो महत्तमः।**
**स्वर्गादिकांक्षया शुद्धं स्वस्वरूपमजानता।।१६।।**

**अधीतानि च शास्त्राणि बहुवारमनेकशः।**
**मोहतो न कदा शुद्धचिद्रूपप्रतिपादकं।।१७।।**

(શિખરિણી)

શિયાળામાં ઊભો સરિતાતટમાં શીત સહતો,
વળી વર્ષાકાળે તરુવરતળે સ્થિતિ ધરતો;
ઉનાળે અદ્રિના શિખર પર તાપે તપ તપ્યો,
ચિદાત્મામાં કિંતુ નિજ સ્થિતિ કરી હું ન વિરમ્યો. ૧૫.

તનુ ક્લેશે, ઈચ્છી સુરસુખ, તપ્યો ઘોર તપ હું,
ન જાણ્યું, શુદ્ધાત્મસ્વરૂપ સુખ તો તે ક્યમ ચહું ?
ઘણી રીતે શાસ્ત્રો, ફરી ફરી ઘણાં હું ભણી ગયો,
છતાં શાસ્ત્રો બોધે સ્વરૂપ તે મોહે નહિ ગણ્યો. ૧૬-૧૭.

**અર્થ** :—શિયાળામાં હું નદીના કિનારા ઉપર, વર્ષા ઋતુમાં વૃક્ષની નીચે, ઉનાળામાં પર્વતના શિખર પ્રદેશમાં રહ્યો; પરંતુ પોતાના ચૈતન્યસ્વરૂપ આત્મામાં રહ્યો નહિ. ૧૫.

મેં શુદ્ધ સ્વસ્વરૂપને ન જાણતાં, સ્વર્ગાદિની ઇચ્છાથી વિવિધ ઉપાયો દ્વારા મહાન કાયક્લેશ કર્યો. ૧૬.

તથા ઘણી વાર અનેક પ્રકારે શાસ્ત્રો ભણ્યા, પરંતુ મોહવશ થઈને શુદ્ધ આત્માના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર કદી ભણ્યો નહિ. ૧૭.

न गुरुः शुद्धचिद्रूपस्वरूपप्रतिपादकः।
लब्धो मन्ये कदाचितं विनाऽसौ लभ्यते कथं॥१८॥

सचेतने शुभे द्रव्ये कृता प्रीतिरचेतने।
स्वकीये शुद्धचिद्रूपे न पूर्वं मोहिना मया॥१९॥

ગુરુ જ્ઞાની શુદ્ધ સ્વરૂપ નિજ બોધે પ્રવીણ જે,
મળ્યા નો તો ક્યાંથી સ્વરૂપ નિજ પામું હું વિણ તે ?
કરી પ્રીતિ સારા જીવ અજીવ દ્રવ્યે પર છતાં,
કરી ના મોહે મેં, વિમલ નિજ રૂપે ઠરી જતાં. ૧૮-૧૯.

**અર્થ** :—મને લાગે છે કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનું નિરૂપણ કરનાર સદ્‌ગુરુ (મને) કદી મળ્યા નથી. તે સદ્‌ગુરુ વિના આ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ કેમ કરીને થાય? ૧૮.

મનને પ્રિય એવા સચેતન, અચેતન પદાર્થોમાં મોહી એવા મેં પૂર્વે પ્રીતિ કરી પણ આત્માને પ્રિય એવા શુદ્ધ ચિદ્રૂપમાં પ્રીતિ કરી નહિ. ૧૯.

दुष्कराण्यपि कार्याणि हा शुभान्यशुभानि च।
बहूनि विहितानीह नैव शुद्धात्मचिंतनं।।२०।।

पूर्वं या विहिता क्रिया किल महामोहोदयेनाखिल
मूढत्वेन मयेह तत्र महतीं प्रीतिं समातन्वता।
चिद्रूपाभिरतस्य भाति विषवत् सा मंदमोहस्य मे
सर्वस्मिन्नधुना निरीहमनसोऽतोधिग् विमोहोदयं।।२१।।

व्यक्ताव्यक्तविकल्पानां वृंदैरापूरितो भृशं।
लब्धस्तेनावकाशो न शुद्धचिद्रूप चिंतने।।२२।।

**ઘણાં એવાં કીધાં શુભ અશુભ કાર્યો કઠિન હા!**
**છતાં શુદ્ધાત્માનું કદી નહિ કર્યું ચિંતન મહા.**
**ક્રિયા પૂર્વે જે જે સકલ કરી મેં મોહ ઉદયે,**
**રતિ વિસ્તારી ત્યાં અતિશય મહા મૂઢ મતિયે;**
**હવે ભાસે તે સૌ વિષ સમ મને મોહ વિઘરચે,**
**સ્વરૂપે લાગ્યો હું નિરીહ પરમાં, મોહ ધિક્ એ.**
**મને વ્યક્તાવ્યક્ત પ્રતિપળ વિકલ્પે પૂરણને,**
**મળી ના નિવૃત્તિ નિજ વિમલ ચિદ્રૂપ મનને. ૨૦-૨૧-૨૨.**

**અર્થ** :—અહા! મેં અહીં અનેક શુભ અને અશુભ દુષ્કર કાર્યો કર્યાં છે, પણ શુદ્ધ આત્માનું ચિંતન નથી જ કર્યું. ૨૦.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પૂર્વે મહા મોહના ઉદયે મૂઢતાથી તેમાં અત્યંત પ્રીતિ કરનાર એવા મેં જે ક્રિયા અહીં ખરેખર કરી છે, તે બધી ક્રિયા મોહ જેનો મંદ થયો છે અને ચિદ્રૂપમાં રતિ થઈ છે એવા મને સર્વમાં નિસ્પૃહબુદ્ધિથી થવાથી હવે ઝેર જેવી લાગે છે, તેથી અત્યંત મોહના ઉદયને ધિક્કાર છે. ૨૧.

હું વ્યક્ત અને અવ્યક્ત વિકલ્પોના સમૂહથી અત્યંત ભરેલો છું, તેથી મને શુદ્ધ ચિદ્રૂપના ચિંતવનમાં અવકાશ મળ્યો નથી. ૨૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ૬ ઠ્ઠો

## [શુદ્ધ ચિદ્રૂપનાં સ્મરણમાં નિશ્ચળતાનો બોધ]

जानंति ग्रहिलं हतं ग्रहगणैर्ग्रस्तं पिशाचैरुजा
मग्नं भूरि परीषहैर्विकलतां नीतं जराचेष्टितं।
मृत्यासन्नतया गतं विकृतितां चेद् भ्रांतिमंतं परे
चिद्रूपोऽहमिति स्मृतिप्रवचनं जानंतु मामंगिनः ॥१॥

**ચિદ્રૂપ ચિંતન તત્પર મુજને દુર્ભગ ભ્રમિત ભલે જન કહે,**
**કે ઉન્મત્ત, પિશાચે પીડિત, વ્યાધિગ્રસ્ત વિપરીત ગ્રહે;**
**મંદ પ્રબળ પરિષહથી વિકૃત જરા મરણ સન્મુખ ગણે,**
**ચિદ્રૂપ હું એ સ્મૃતિ વચનરૂપ, રે! જન જાણો તથ્યપણે. ૧.**

**અર્થ** :—જો અન્ય પ્રાણીઓ મને ગ્રહો વડે ગ્રહાયેલો, હણાયેલો, ભૂત પિશાચ વડે પકડાયેલો, રોગથી પીડિત, અત્યંત પરિષહોથી વિકલ થયેલો અને વૃદ્ધાવસ્થા પામેલો, મૃત્યુની નજદીક પહોંચેલો, વિકૃત અવસ્થા પામેલો, ભ્રાંતિવાળો માને છે તો તમે એમ સમજો કે હું તો ચૈતન્યસ્વરૂપ છું—એ સ્મરણમાં રાખવા યોગ્ય ઉત્તમ પ્રવચનરૂપ–શુદ્ધ ચિદ્રૂપ છું. ૧.

उन्मत्तं भ्रांतियुक्तं गतनयनयुगं दिग्विमूढं च सुप्तं
निश्चिंतं प्राप्तमूर्च्छं जलवहनगतं बालकावस्थमेतत्।
स्वस्याधीनं कृतं वा ग्रहिलगतिगतं व्याकुलं मोहधूर्त्तैः
सर्वं शुद्धात्मदृग्भीरहितमपि जगद् भाति भेदज्ञचित्ते ॥२॥

**શુદ્ધ આત્મદર્શન હીન જગ આ ભેદ જ્ઞાનીને ચિત્ત દીસે,**
**હા! ઉન્મત્ત ભ્રમિત નેત્રહીણ દિગ્મૂઢ ગાઢ સુષુપ્તિ વિષે;**

**પાગલ મૂર્છાગત અવિચારી, જલપ્રવાહમાં વહી જતું,**
**અજ્ઞ બાલસમ મોહ ઠગોને વશ વ્યાકુલ વિશેષ થતું. ૨.**

**અર્થ** :—શુદ્ધ આત્મદર્શનથી રહિત, આ સર્વ જગત્ પણ ભેદજ્ઞાનીના ચિત્તમાં ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, બન્ને નેત્રરહિત, દિશા ભૂલેલું, ગાઢ નિદ્રામાં સૂતેલું, અવિચારી, મૂર્ચ્છા પામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું અથવા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલું હોય તેવું અને મોહ ઠગે પોતાને આધીન કરેલું, વ્યાકુળ થયેલું જણાય છે. ૨.

**स्त्रीणां भर्त्ता बलानां हरय इव धरा भूपतीनां स्ववत्सो**
**धेनूनां चक्रवाक्या दिनपतिरतुलश्चातकानां घनार्णः।**
**कासाराद्यब्धराणाममृतमिव नृणां वा निजौकः सुराणां**
**वैद्यो रोगातुराणां प्रिय इव हृदि मे शुद्धचिद्रूपनामा।।३।।**

**સ્ત્રીના ચિત્ત વિષે પ્રિય ભર્તા, બલભદ્રોને પ્રાણ હરિ,**
**ભૂપને ભૂમિ, વત્સ ધેનુને, ચક્રવાકને તિમિરારિ;**
**ચાતકને જલધર, દેવોને સ્વર્ગ, જનોને પ્રિય સુધા,**
**પ્રિય વિમલ ચિદ્રૂપ મુજ ચિત્તે, રોગાતુરને વૈદ્ય યથા. ૩.**

**અર્થ** :—સ્ત્રીઓના ચિત્તને જેમ પતિ, બળભદ્રોને વાસુદેવ, રાજાઓને પૃથ્વી, ગાયોને પોતાના વાછરડાં, ચક્રવાકીને સૂર્ય, ચાતકોને મેઘનું પાણી, જળચરોને તળાવ આદિ, મનુષ્યોને અમૃત અથવા દેવોને સ્વર્ગ, રોગથી પીડાયેલાઓને વૈદ્ય અનુપમ પ્રિય હોય છે; તેમ મારા હૃદયમાં શુદ્ધચિદ્રૂપ જેનું નામ છે એવો આત્મા અત્યંત પ્રિય છે. ૩.

**शापं वा कलयंति वस्तुहरणं चूर्णं बधं ताडनं**
**छेदं भेदगदादिहास्यदहनं निदाऽऽपदापीडनं।**
**पव्यग्न्यब्ध्यगपंककूपवनभूक्षेपापमानं भयं**
**केचिच्चेत् कलयंतु शुद्धपरमब्रह्मस्मृतावन्वहं।।४।।**

**પરમ બ્રહ્મ ચિંતન તલ્લીન હું મને કોઈ ભય શાપ દીએ,**
**વસ્તુહરણ, ચૂરણ, વધ, તાડન, છેદ, ભેદ, બહુ દુઃખ દીએ;**
**ગિરિ અગ્નિ અબ્ધિ નવ કૂપે ફેંકે વજ્રો હણે ભલે,**
**ભલે હાસ્ય નિંદાદિ કરો, પણ અલ્પચિત્ત મુજ નહિ મળે. ૪.**

**અર્થ** :—શુદ્ધ પરમાત્માની સ્મૃતિમાં સર્વદા લીન એવા મને જો કોઈ શાપ આપે અથવા વસ્તુઓનું હરણ કરે, ચૂરચૂર કરે, વધ કરે, તાડન કરે, છેદે, ભેદે, ગદાદિથી મારે, બાળે, મશ્કરી કરે, નિંદે, પીડે, વજ્ર મારા ઉપર ફેંકે, અગ્નિમાં, સમુદ્રમાં, પર્વત કે વૃક્ષ ઉપરથી નીચે ફેંકે, કાદવમાં, કૂવામાં, વનમાં કે ભૂમિ ઉપર ફેંકે, અપમાનિત કરે કે ભય ઉપજાવે તો ભલે તેમ કરો. ૪.

**चंद्रार्कभ्रमवत्सदा सुरनदीधारौघसंपातव–**
**ल्लोकेस्मिन् व्यवहारकालगतिवद् द्रव्यस्य पर्यायवत्।**
**लोकाधस्तलवातसंगमनवत् पद्मादिकोद्भूतिवत्**
**चिद्रूपस्मरणं निरंतरमहो भूयाच्छिवाप्त्यैमम्॥५॥**

**ચંદ્ર સૂર્ય ગતિ જેમ નિરંતર, સુર નદીવહન સદાય યથા,**
**પલ પલ કાલ ગતિ સમ લોકે, દ્રવ્ય વિષે પર્યાય સદા;**
**લોક નીચે ઘન આદિ પવનવત્ જલમાં કમલોત્પત્તિ યથા,**
**ચિદ્રૂપસ્મરણ નિરંતર ચિત્તે શિવદાયી મુજ બનો તથા. ૫.**

**અર્થ** :—આ લોકમાં સદાય સૂર્ય ચંદ્રના ભ્રમણની પેઠે, ગંગા નદીના પ્રવાહના વહનની માફક, વ્યવહારકાળની ગતિની પેઠે, દ્રવ્યની પર્યાયની જેમ, લોકની નીચે ધનવાત, તનવાત વગેરે પવનોના નિરંતર ગમનની માફક, (સરોવરોમાં) કમળ આદિની નિરંતર ઉત્પત્તિ થયા કરે છે તેમ અહો, મારા મનમાં પણ નિરંતર શુદ્ધ આત્માનું સ્મરણ થયા કરો કે જેથી મને મોક્ષરૂપ પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય. ૫.

**इति हृत्कमले शुद्धचिद्रूपोऽहं हि तिष्ठतु।**
**द्रव्यतो भावतस्तावद् यावदंगे स्थितिर्मम॥६॥**

दृश्यंतेऽतीव निःसाराः क्रिया वागंगचेतसां।
कृतकृत्यत्वतः शुद्धचिद्रूपं भजता सता।।७।।

દ્રવ્યભાવથી તન કારાગૃહ વિષે સ્થિતિ છે ત્યાં સુધી તો,
'હું સહજાત્મસ્વરૂપ' સ્મરણ એ હૃદયકમલમાં નિત્ય રહો;
તન મન વચનતણી સૌ ચેષ્ટા દીસે અતીવ અસાર અહા!
શુદ્ધ ચિદાત્મસ્વરૂપને ભજતાં, સાર ગ્રહ્યો, હું કૃતાર્થ મહા. ૬-૭

**અર્થ** :—જ્યાં સુધી મારી દ્રવ્યથી અને ભાવથી શરીરમાં સ્થિતિ છે, ત્યાં સુધી 'શુદ્ધ ચિદ્રૂપ હું છું' એ સ્મરણ મારા હૃદયકમળમાં નિશ્ચયે રહો. ૬.

શુદ્ધ ચિદ્રૂપને ભજતાં થકાં કૃતકૃત્યતા પ્રાપ્ત થવાથી વચન, શરીર અને મનની ક્રિયાઓ અત્યંત અસાર જણાય છે. ૭.

किंचित्कदोत्तमं क्वापि न यतो नियमान्नमः।
तस्मादनंतशः शुद्धचिद्रूपाय प्रतिक्षणं।।८।।

बाह्यांतः संगमंगं नृसुरपतिपदं कर्मबंधादिभावं
विद्याविज्ञानशोभाबलभवखसुखं कीर्तिरूपप्रतापं।
राज्यागाख्यागकालास्त्रवकुपरिजनं वाग्मनोयानधीद्धा-
तीर्थेशत्वं ह्यनित्यं स्मर परमचलं शुद्धचिद्रूपमेकं।।९।।

બાહ્યાભ્યંતર સંગ ક્ષણિક સૌ, શરીર, નરેન્દ્ર, સુરેન્દ્ર પદો,
કર્મભાવ, વિદ્યા, બળ, શોભા, જન્મ, રૂપ, યશ, વિષય સુખો;
રાજપાટ વિજ્ઞાન પ્રતાપો ગિરિ તરુ નામ ધરા સ્વજનો,
આસ્રવ, કાળ, વચન મન વાહન બુદ્ધિ નશ્વર સર્વ ગણો.
કાંતિ દીપ્તિ તીર્થપતિપદ પણ નહિ નિત્ય અહો! જગમાં,
ચિદ્રૂપ શુદ્ધ સદા સર્વોત્તમ અચલિત તેથી ધરું ઉરમાં;
કિંચિત્ ક્યાંય કદી નહિ નિશ્ચે ચિદ્રૂપથી જગ પ્રવર અહો!
તેથી અનંત પ્રણામ સદા મુજ તે ચિદ્રૂપને ક્ષણ ક્ષણ હો. ૮-૯.

**અર્થ** :—જે કારણથી, નિશ્ચયથી, ક્યાંય પણ ક્યારેય, કંઈ પણ (બીજું) ઉત્તમ નથી, તે કારણે, શુદ્ધચિદ્રૂપને ક્ષણે ક્ષણે અનંતવાર નમસ્કાર હો. ૮.

બાહ્ય અને અંતરંગ પરિગ્રહ, શરીર, નરેન્દ્ર અને સુરેન્દ્રનાં પદ, કર્મબંધ આદિ ભાવ, વિદ્યા, વિજ્ઞાન–કળા કૌશલ્યા, શોભા, બળ, જન્મ, ઈન્દ્રિયોનાં સુખ, કીર્તિ, રૂપ, પ્રતાપ, રાજ્ય, પર્વત, નામ, વૃક્ષ, કાળ, આસ્રવ, પૃથ્વી, પરિવાર, વાણી, મન, વાહન, બુદ્ધિ, દીપ્તિ, તીર્થંકરપણું નિશ્ચયથી અનિત્ય છે, (તેથી) પરમ અચલ એવા એક શુદ્ધચિદ્રૂપનું સ્મરણ કર. ૯.

**रागाद्या न विधातव्याः सत्यसत्यपि वस्तुनि।**
**ज्ञात्वा स्वशुद्धचिद्रूपं तत्र तिष्ठ निराकुलः ॥१०॥**

**સર્વ શુભાશુભ વસ્તુ પ્રતિ કદી, ન કરો રાગાદિ ભાવ,**
**જાણી નિર્મલ નિજ ચિદ્રૂપ ત્યાં, સ્થિર નિરાકુળ થાય;**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૦.**

**અર્થ** :—સારા કે ખોટા અથવા વર્તમાન, તેમજ ભૂત-ભવિષ્યના પદાર્થોમાં પણ રાગ-દ્વેષ આદિ કર્તવ્ય નથી. પોતાના શુદ્ધ ચેતનસ્વરૂપ આત્માને જાણીને ત્યાં નિરાકુળ સુખસ્વરૂપે સ્થિર થા. ૧૦.

**चिद्रूपोऽहं स मे तस्मात्तं पश्यामि सुखी ततः।**
**भवक्षितिर्हितं मुक्तिर्निर्यासोऽयं जिनागमे ॥११॥**

**ચિદ્રૂપ હું તે મારું તેથી તે, જોઉં તો સુખ થાય;**
**ભવ ક્ષય મુક્તિ શ્રેય પમાય, તે સાર જિનાગમાંય.**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૧.**

**અર્થ** :—હું ચૈતન્યસ્વરૂપ છું, તે (આત્મા) મારો છે, માટે હું તેને જોઉં છું એટલે સુખી છું. આ ભવનો ક્ષય, આત્મહિત, મોક્ષ છે, એ જિનાગમનું રહસ્ય–સાર છે. ૧૧.

चिद्रूपे केवले शुद्धे नित्यानंदमये यदा।
स्वे तिष्ठति तदा स्वस्थं कथ्यते परमार्थतः॥१२॥

ચિદ્રૂપ કેવલ શુદ્ધસ્વરૂપ એ નિત્યાનંદે પ્રપૂર્ણ,
તે નિજ સ્વરૂપે રે સ્થિર તો નિશ્ચયે, સ્વસ્થ કહ્યો સંપૂર્ણ.
નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૨.

**અર્થ** :—જ્યારે આત્મા નિત્યાનંદમય કેવળ પોતાના શુદ્ધચિદ્રૂપમાં સ્થિર થાય છે, ત્યારે પરમાર્થથી સ્વસ્થપણે સમાધિરૂપ કહેવાય છે. ૧૨.

निश्चलः परिणामोऽस्तु स्वशुद्धचिति मामकः।
शरीरमोचनं यावदिव भूमौ सुराचलः॥१३॥

નિર્મળ નિજ ચિદ્રૂપ વિષે રહો, નિશ્ચલ મુજ પરિણામ;
દેહ જતાં પણ એ ન ચળો કદા, મેરુ ચલે નહિ નામ.
નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૩.

**અર્થ** :—જ્યાં સુધી શરીર છૂટ્યું નથી, ત્યાં સુધી પૃથ્વી ઉપર મેરુ પર્વતની જેમ, સ્વ શુદ્ધ આત્મામાં મારા પરિણામ નિશ્ચલ રહો. ૧૩.

सदा परिणतिर्मेऽस्तु शुद्धचिद्रूपकेऽचला।
अष्टमीभूमिकामध्ये शुभा सिद्धशिला यथा॥१४॥

નિર્મલ નિજ ચિદ્રૂપ વિષે સદા, મુજ પરિણતિ હો અકંપ;
જેમ વિરાજે રે અષ્ટમી ભૂમિમાં, સિદ્ધશિલા નિષ્કંપ.
નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૪.

**અર્થ** :—જેમ આઠમી ભૂમિ (પૃથ્વી)ના અગ્રભાગે મોક્ષસ્થાનમાં પવિત્ર સિદ્ધશિલા નિશ્ચળ છે, તેમ શુદ્ધ ચિદ્રૂપમાં મારા ભાવ સદા નિશ્ચળ રહો. ૧૪.

चलंति सन्मुनीन्द्राणां निर्मलानि मनांसि न।
शुद्धचिद्रूपसद्ध्यानात् सिद्धक्षेत्राच्छिवा यथा॥१५॥

**નિર્મળ ચિદ્રૂપ ધ્યાન થકી કદી સંત મુનિવર્ય ચિત્ત;**
**લેશ ચળે ના સિદ્ધિક્ષેત્રથી સિદ્ધો જયમ ત્યાં સુસ્થિત.**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૫.**

**અર્થ** :—જેમ સિદ્ધક્ષેત્રથી સિદ્ધો ચળતા નથી તેમ શુદ્ધ આત્માના ઉત્તમ ધ્યાનથી, મુનીન્દ્રોનાં નિર્મળ મન ચળતાં નથી. ૧૫.

**मुनीश्वरैस्तथाभ्यासो दृढः सम्यग्विधीयते।**
**मानसं शुद्धचिद्रूपे यथाऽत्यंतं स्थिरीभवेत्॥१६॥**

**શુદ્ધ સ્વરૂપે રે નિશ્ચલ ધ્યાનનો, સમ્યગ્ દૃઢ અભ્યાસ;**
**સેવો એવો રે જ્ઞાની મુનીશ્વરો, અચલ લહે નિજવાસ.**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૬.**

**અર્થ** :—મુનિવરો સ્વ શુદ્ધ આત્મામાં મનની એકાગ્રતારૂપ એવો દૃઢ સમ્યક્ અભ્યાસ કરે છે, કે જેથી તે અત્યંત સ્થિર થાય છે. ૧૬.

**सुखे दुःखे महारोगे क्षुधादीनामुपद्रवे।**
**चतुर्विधोपसर्गे च कुर्वे चिद्रूपचिंतनं॥१७॥**

**સુખ દુઃખ સમયે રે મહાવ્યાધિ વિષે, ભીષણ ઉપદ્રવ માંય;**
**ઉપસર્ગાદિ રે આવ્યે ના ચૂકું, ચિદ્રૂપ ચિંતન જરાય.**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૭.**

**અર્થ** :—સુખમાં, દુઃખમાં, મહારોગમાં, ભૂખ આદિ ઉપદ્રવોમાં અને ચાર પ્રકારના ઉપસર્ગ આવી પડે, ત્યારે શુદ્ધઆત્માનું ચિંતન કરું. ૧૭.

**निश्चलं न कृतं चित्तमनादौ भ्रमतो भवे।**
**चिद्रूपे तेन सोढानि महादुःखान्यहो मया॥१८॥**

**નિજ ચિદ્રૂપમાં રે નિશ્ચલ ચિત્ત હા! ન ધર્યું મેં કોઈવાર;**
**ભમતાં ભવમાં રે, તેથી અનાદિથી દુઃખ પામ્યો હું અપાર.**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૮.**

**અર્થ** :—અનાદિથી સંસારમાં ભમતાં મેં ચિદ્રૂપમાં ચિત્તને નિશ્ચલ કર્યું નહિ, તેથી અહોહો! આશ્ચર્ય છે કે મેં મહાન દુઃખો સહન કર્યાં. ૧૮.

ये याता यांति यास्यंति निर्वृत्तिं पुरुषोत्तमाः।
मानसं निश्चलं कृत्वः स्वे चिद्रूपे न संशयः ॥१६॥

**જે નરરત્નો રે મુક્તિમાં ગયા, જાયે, જાશે સદાય;**
**નિજ ચિદ્રૂપે રે નિશ્ચલ મન કરી, સૌ નિઃશંક શિવ થાય.**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૧૯.**

**અર્થ** :—જે ઉત્તમ પુરુષો મોક્ષે ગયા છે, જાય છે અને જશે તે સર્વે પોતાના ચૈતન્યસ્વરૂપ આત્મામાં મનને એકાગ્ર કરીને (ગયા છે, જાય છે અને જશે) એમાં સંશય નથી. ૧૯.

निश्चलोंऽगी यदा शुद्धचिद्रूपोऽहमिति स्मृतौ।
तदैव भावमुक्तिः स्यात्क्रमेण द्रव्यमुक्तिभाग् ॥२०॥

**'નિર્મલ ચિદ્રૂપ હું' જન એમ જ્યાં સ્મરણે નિશ્ચલ થાય;**
**ભાવમુક્તિ તો ત્યાં જ ક્રમે પછી દ્રવ્યે મુક્તિ વરાય.**
**નિર્મળ ચિદ્રૂપ નિશ્ચલ સેવીએ. ૨૦.**

**અર્થ** :—'હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા છું' એમ સ્મરણ કરતાં જ્યારે આત્મદ્રવ્ય નિશ્ચળ થાય છે, ત્યારે જ ભાવમોક્ષ થાય છે અને અનુક્રમે દ્રવ્યમોક્ષને યોગ્ય (પણ) થાય છે. ૨૦.

# અધ્યાય ૭ મો

[શુદ્ધ ચિદ્રૂપના સ્મરણમાં નયોના અવલંબનનું વર્ણન]

न यामि शुद्धचिद्रूपे लयं यावदहं दृढं।
न मुंचामि क्षणं तावद् व्यवहारावलंबनं।।१।।

**નિર્મળ ચિદ્રૂપમાં નિશ્ચલપણે, લય જ્યાં સુધી ન પમાય;**
**ત્યાં સુધી અવલંબન વ્યવહારનું, ક્ષણ પણ દૂર ન કરાય,**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૧.**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપમાં જ્યાં સુધી હું દૃઢ લય ન પામું, ત્યાં સુધી વ્યવહારનો આશ્રય ક્ષણ પણ છોડું નહિ. ૧.

अशुद्धं किल चिद्रूपं लोके सर्वत्र दृश्यते।
व्यवहारनयं श्रित्वा शुद्धं बोधदृशा क्वचित्।।२।।

**અસહજ ચિદ્રૂપ લોકવિષે બધે, વ્યવહારે તો જણાય;**
**નિશ્ચયનયરૂપ જ્ઞાનદૃષ્ટિ થકી, શુદ્ધ ક્વચિત્ દેખાય.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૨.**

**અર્થ** :—વ્યવહારનયના આશ્રયથી જોતાં લોકમાં સર્વત્ર ખરેખર અશુદ્ધ ચિદ્રૂપ દેખાય છે. નિશ્ચયદૃષ્ટિથી જોતાં શુદ્ધ ચિદ્રૂપ ક્યાંક ક્યારેક જણાય છે.

चिद्रूपे तारतम्येन गुणस्थानाच्चतुर्थतः।
मिथ्यात्वाद्युदयाद्यख्यमलापायाद् विशुद्धता।।३।।

**મિથ્યાત્વાદિ રે પ્રકૃતિરૂપ જ્યાં મલક્ષય આરંભ થાય;**
**ચિદ્રૂપ શુદ્ધિ રે ક્રમથી ચતુર્થ એ, ગુણસ્થાનેથી ગણાય.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૩.**

**અર્થ** :—મિથ્યાત્વ આદિના ઉદયરૂપ મિથ્યાત્વ મોહનીય વગેરે (અને અનંતાનુબંધી ક્રોધ વગેરે કષાય) મળ દૂર થવાથી ચોથા ગુણસ્થાનથી માંડીને તારતમ્યતાથી ચિદ્રૂપમાં વિશુદ્ધતા આવીને વધે છે. ૩.

मोक्षस्वर्गार्थिनां पुंसां तात्त्विकव्यवहारिणां।
पंथाः पृथक् पृथक् रूपो नागरागारिणामिव।।४।।

**જુદા ગામે રે જાતા પથિકના જુદા માર્ગો ભળાય;**
**મોક્ષાર્થી નિશ્ચય, વ્યવહારને, સ્વર્ગાર્થી તેમ ચહાય.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૪.**

**અર્થ** :—મોક્ષના ઈચ્છુક પુરુષોનો અને સ્વર્ગના ઈચ્છક પુરુષોનો અનુક્રમે નિશ્ચયના આશ્રયરૂપ તાત્ત્વિક અને વ્યવહારના આશ્રયરૂપ અતાત્ત્વિક જુદા જુદા નગરમાં જનાર પથિકોની જેમ ભિન્ન-ભિન્નરૂપ માર્ગ છે. ૪.

चिंताक्लेशकषायशोकबहुले देहादिसाध्यात्परा-
धीने कर्मनिबन्धनेऽतिविषमे मार्गे भयाशान्विते।
व्यामोहे व्यवहारनामनि गतिं हित्वा व्रजात्मन् सदा
शुद्धे निश्चयनामनीह सुखदेऽमुत्रापि दोषोज्झिते।।५।।

**હે! આત્મન્ એ ક્લેશ કષાયયુત વિષમ અતિ વ્યવહાર;**
**ચિંતા આશારે શોક ભયે ભર્યો, સ્વાધીન વળી નહિ લગાર.**
**કર્મ નિબંધન ને વ્યામોહકર, જાણી તજ વ્યવહાર;**
**દોષ રહિત નિશ્ચય ભજ શુદ્ધ એ લોકદ્વયે સુખકાર.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૫.**

**અર્થ** :—ચિંતા, ક્લેશ, ક્રોધાદિ કષાય, શોકાદિ અત્યંત જેમાં છે તે દેહાદિથી સાધ્ય હોવાથી પરાધીન, કર્મ નિબંધન રૂપ, ભય અને આશાયુક્ત, મૂંઝવણ કરનાર, વ્યવહાર નામના અતિ વિષમ માર્ગમાં

ચાલવાનું છોડીને હે આત્મન્! આ લોકમાં અને પરલોકમાં પણ સુખ આપનાર દોષરહિત, શુદ્ધ નિશ્ચય નામના માર્ગમાં તું સદા ગમન કર. ૫.

**न भक्तवृंदैर्न च शिष्यवर्गैर्न पुस्तकाद्यैर्न च देहमुख्यैः।**
**न कर्मणा केन ममास्ति कार्यं विशुद्धचित्यस्तु लयः सदैव।।६।।**

**ભક્તજનો પુસ્તક તન આદિનું, શિષ્ય સમૂહનું શું કામ?**
**ચિદ્રૂપ નિર્મળમાં લય હો સદા, કર્મ અવરનું ન કામ.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૬.**

**અર્થ** :—માટે ભક્તોના સમૂહથી, શિષ્યવર્ગથી, પુસ્તકાદિથી કે કોઈ કર્મથી કાંઈ કામ નથી, (ફક્ત) વિશુદ્ધ ચૈતન્યમાં સદા મારી પરિણતિનો લય થાવ. ૬.

**न चेतसा स्पर्शमहं करोमि सचेतनाचेतनवस्तुजाते।**
**विमुच्य शुद्धं हि निजात्मतत्त्वं क्वचित्कदाचित्कथमप्यवश्यं।।७।।**

**શુદ્ધ નિજાતમ તત્ત્વ તજી કદી, કોઈ રીતે હું ક્યાંય;**
**જડ ચેતનરૂપ વસ્તુ સમૂહને, મનથી ન સ્પર્શું અવશ્ય,**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૭.**

**અર્થ** :—નિજ શુદ્ધાત્મતત્ત્વને છોડીને સચેતન અને અચેતન એવા સર્વ પદાર્થ સમૂહમાં ક્યારેય, કદાપિ, કોઈ પણ રીતે હું મનથી અવશ્ય સ્પર્શ કરું નહિ. ૭

**व्यवहारं समालंब्य येऽक्षि कुर्वंति निश्चये।**
**शुद्धचिद्रूपसंप्राप्तिस्तेपामेवेतरस्य न।।८।।**

**અવલંબીનેરે જે વ્યવહારને, નિશ્ચયમાં દે લક્ષ;**
**નિર્મળ ચિદ્રૂપ પ્રાપ્તિ તે લહે, બીજાને નહિ અવશ્ય.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૮.**

**અર્થ** :—જેઓ વ્યવહારને અવલંબીને નિશ્ચયમાં દૃષ્ટિ કરે છે, તેમને જ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ થાય છે, બીજાને થતી નથી. ૮

संपर्कात् कर्मणोऽशुद्धं मलस्य वसनं यथा।
व्यवहारेण चिद्रूपं शुद्धं तन्निश्चयाश्रयात्॥९॥

મલ સંબંધે રે વસ્ત્ર મલીન દીસે, ત્યમ વ્યવહારે અશુદ્ધ;
કર્મ સંબંધે રે ચિદ્રૂપ જોઈએ, નિશ્ચય દૃષ્ટિથી શુદ્ધ.
નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૯.

**અર્થ** :—જેમ વ્યવહારનયથી મલના સંબંધથી વસ્ત્રને મલિન કહેવાય છે અને નિશ્ચયદૃષ્ટિના આશ્રયથી તે શુદ્ધ થાય છે, તેમ કર્મના સંબંધથી આત્માને વ્યવહારથી અશુદ્ધ કહેવાય છે અને નિશ્ચયનયના આશ્રયથી તે શુદ્ધ થાય છે. ૯.

अशुद्धं कथ्यते स्वर्णमन्यद्रव्येण मिश्रितं।
व्यवहारं समाश्रित्य शुद्धं निश्चयतो यथा॥१०॥

युक्तं तथाऽन्यद्रव्येणाशुद्धं चिद्रूपमुच्यते।
व्यवहारनयात् शुद्धं निश्चयात् पुनरेव तत्॥११॥

અન્ય દ્રવ્યથી રે યુક્ત સુવર્ણ તે જ્યમ વ્યવહારે અશુદ્ધ;
નિશ્ચયદૃષ્ટિથી અન્ય જણાયના માત્ર કનક તો શુદ્ધ.
નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૧૦.

અન્ય દ્રવ્યયુત તેમ અશુદ્ધ તે, વ્યવહારે ચિદ્રૂપ;
તે જ ચિદાત્મા નિશ્ચયદૃષ્ટિથી ભાસે શુદ્ધ સ્વરૂપ.
નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૧૧.

**અર્થ** :—જેમ અન્ય દ્રવ્ય સાથે મેળવાયેલું સુવર્ણ વ્યવહારનો આશ્રય કરીને અશુદ્ધ કહેવાય છે, નિશ્ચયથી (તે) શુદ્ધ કહેવાય છે. ૧૦.

તેમ અન્ય દ્રવ્યથી યુક્ત ચિદ્રૂપ વ્યવહારનયથી અશુદ્ધ કહેવાય છે અને નિશ્ચયથી તે જ શુદ્ધ કહેવાય છે. ૧૧.

बाह्यांतरन्यसंपर्को येनांशेन वियुज्यते।
तेनांशेन विशुद्धिः स्याद् चिद्रूपस्य सुवर्णवत्॥१२॥

**બાહ્ય અભ્યંતર અન્ય સંબંધ તે જે જે અંશ મુકાય;**
**તે તે અંશે રે ત્યાં ચિદ્રૂપની શુદ્ધિ કનકવત્ થાય.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૧૨.**

**અર્થ** :—સોનાની પેઠે આત્માને જેટલે અંશે બાહ્ય અને અંતર અન્ય દ્રવ્યનો સંબંધ છૂટે છે, તેટલા અંશે વિશુદ્ધિ થાય છે. ૧૨.

शुद्धचिद्रूपसद्ध्यानपर्वतारोहणं सुधीः।
कुर्वन् करोति सुदृष्टिर्व्यवहारावलंबनं॥१३॥

आरुह्य शुद्धचिद्रूप ध्यानपर्वतमुत्तमं।
तिष्ठेद् यावत्त्यजेत्तावद् व्यवहारावलंबनं॥१४॥

**નિર્મળ ચિદ્રૂપના સદ્ધ્યાનરૂપ, ગિરિ પર ચઢતાં સુસંત;**
**સમ્યગ્દષ્ટિ રે સદ્વ્યવહારને, અવલંબે મતિમંત.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૧૩.**

**નિર્મળ ચિદ્રૂપ ધ્યાનગિરિ વરે, ચઢીને દૃઢ સ્થિર થાય;**
**ત્યારે આલંબન વ્યવહારનું, સર્વ પ્રકારે મુકાય.**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૧૪.**

**અર્થ** :—સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દષ્ટિ શુદ્ધ ચિદ્રૂપના ઉત્તમ ધ્યાનરૂપ પર્વત ઉપર ચઢતાં, વ્યવહારનો આશ્રય લે છે. ૧૩.

જ્યારે ઉત્તમ શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાનરૂપ પર્વત ઉપર ચડીને સ્થિર થાય, ત્યારે તે વ્યવહારનો આશ્રય તજી દે. ૧૪.

शुद्धचिद्रूपसद्ध्यानपर्वतादवरोहणं।
यदान्यकृतये कुर्यात्तदा तस्यावलंबनं॥१५॥

**નિર્મળ ચિદ્રૂપ ધ્યાન ગિરિ થકી ઉતરે જો કોઈ કાળ;**
**કાર્ય પ્રસંગે રે તો વ્યવહાર સદ્ અવલંબે તત્કાળ,**
**નિર્મળ ચિદ્રૂપમાં લય હો સદા. ૧૫.**

**અર્થ** :—જ્યારે અન્ય પ્રયોજનાર્થે શુદ્ધ ચિદ્રૂપના ઉત્તમ ધ્યાનરૂપ પર્વતથી ઉતરવાનું બને, ત્યારે તે વ્યવહારનું અવલંબન કરે. ૧૫.

**याता यांति च यास्यंति ये भव्या मुक्तिसंपदं।**
**आलंब्य व्यवहारं ते पूर्वं पश्चाच्चनिश्चयं॥१६॥**

**कारणेन विना कार्यं न स्यात्तेन विना नयं।**
**व्यवहारं कदोत्पत्तिर्निश्चयस्य न जायते॥१७॥**

**મુક્તિશ્રીને જે વર્યા મનમોહન મેરે,**
**વરતા વળી વરનાર રે; મનમોહન મેરે;**
**પ્રથમ ભજી વ્યવહાર સત્ મનમોહન મેરે;**
**ગ્રહી નિશ્ચય પછી સાર રે, મનમોહન મેરે. ૧૬.**

**કારણ વિણ કદી કાર્યની મનમોહન મેરે,**
**સિદ્ધિ નહિ જેમ થાય રે, મનમોહન મેરે;**
**સદ્ વ્યવહાર વિના કદી મનમોહન મેરે;**
**નિશ્ચય નહિ સધાય રે; મનમોહન મેરે. ૧૭.**

**અર્થ** :—જે ભવ્ય જીવો મુક્તિ સંપત્તિને પામ્યા છે, પામે છે અને પામશે તે પ્રથમ સત્ વ્યવહારને આલંબીને અને પછી નિશ્ચયને અવલંબીને પામ્યા છે. ૧૬.

કારણ વગર કાર્ય થાય નહિ, તેથી સત્ વ્યવહારનય વિના નિશ્ચયની ઉત્પત્તિ કદી થતી નથી. ૧૭.

**जिनागमे प्रतीतिः स्याज्जिनस्याचरणेऽपि च।**
**निश्चयं व्यवहारं तन्नयं भज यथाविधि॥१८॥**

**નિશ્ચય ને વ્યવહાર નય મનમોહન મેરે,**
**યથાવિધિ ભજ ચંગ રે, મનમોહન મેરે;**
**જિનવચને જિનચરણમાં મનમોહન મેરે,**
**પ્રતીતિ જેમ અભંગ રે, મનમોહન મેરે. ૧૮.**

**અર્થ** :—ઉપર કહ્યા મુજબ તું નિશ્ચય અને વ્યવહારનયનું વિધિ પ્રમાણે ગ્રહણ કર કે, જેથી જિન પ્રણીત આગમમાં અને (સ્વરૂપરમણતારૂપ) જિનના આચરણમાં પણ શ્રદ્ધા થાય. ૧૮.

**व्यवहारं विना केचिन्नष्टा केवलनिश्चयात्।**
**निश्चयेन विना केचित् केवलव्यवहारतः ।।१६।।**

**નિશ્ચયમાત્રથી બહુ થયા મનમોહન મેરે,**
**નષ્ટ, વિના વ્યવહાર રે; મનમોહન મેરે;**
**નિશ્ચયવિણ ત્યમ નષ્ટ બહુ મનમોહન મેરે,**
**માત્ર ગ્રહી વ્યવહાર રે, મનમોહન મેરે. ૧૯.**

**અર્થ** :—કેટલાક વ્યવહાર વિના માત્ર નિશ્ચયનું ગ્રહણ કરવાથી નાશ પામી ગયા, કેટલાક નિશ્ચય વગર, કેવળ વ્યવહારને ગ્રહવાથી નષ્ટ થઈ ગયા. ૧૯.

**द्वाभ्यां दृग्भ्यां विना न स्यात् सम्यग्द्रव्यावलोकनं।**
**यथा तथा नयाभ्यां चेत्युक्तं स्याद्वादवादिभिः ।।२०।।**

**દ્રવ્ય યથાર્થ જણાય ના મનમોહન મેરે,**
**બે નયનો વિણ તેમ રે, મનમોહન મેરે;**
**બન્ને નય સુતત્ત્વ ગ્રહે મનમોહન મેરે,**
**કહે સ્યાદ્વાદી એમ રે, મનમોહન મેરે. ૨૦.**

**અર્થ** :—જેમ બે નેત્રો વગર યથાર્થ રીતે પદાર્થનું અવલોકન થાય નહિ, તેમ બે નયો વિના યથાર્થ અવલોકન થાય નહિ, તેમ સ્યાદ્વાદ મતના જાણકારોએ કહ્યું છે. ૨૦.

निश्चयं क्वचिदालंब्य व्यवहारं क्वचिन्नयं।
विधिना वर्त्तते प्राणी जिनवाणीविभूषितः ।।२१।।

નિશ્ચય અવલંબને ક્વચિત્ મનમોહન મેરે,
ક્વચિત્ ભજે વ્યવહાર રે, મનમોહન મેરે;
જિનવાણી ભૂષિત જનો, મનમોહન મેરે,
વર્તે વિધિ ગ્રહી સાર રે, મનમોહન મેરે. ૨૧.

**અર્થ** :—જિનવાણીથી વિભૂષિત પ્રાણી ક્યારેક નિશ્ચયને અવલંબીને અને ક્યારેક વ્યવહારને અવલંબીને વર્તે છે. ૨૧.

व्यवहाराद्बहिः कार्यं कुर्याद्विधिनियोजितं।
निश्चयं चांतरं धृत्वा तत्त्वेदी सुनिश्चलं ।।२२।।

તત્ત્વજ્ઞાની અંતર વિષે મનમોહન મેરે,
ધરી નિશ્ચય સુસ્થિર રે મનમોહન મેરે;
બાહ્ય ક્રિયા વ્યવહારથી મનમોહન મેરે,
કરતા વિધિ વશ ધીર રે મનમોહન મેરે. ૨૨.

**અર્થ** :—તત્ત્વજ્ઞાની નિશ્ચયને અંતરમાં અત્યંત નિશ્ચલપણે ધારણ કરીને પ્રારબ્ધયોગે સંપ્રાપ્ત બાહ્ય કાર્ય બહારથી વ્યવહારને અવલંબીને કરે. ૨૨.

शुद्धचिद्रूपसंप्राप्तिनयाधीनेति पश्यतां।
नयादिरहितं शुद्धचिद्रूपं तदनंतरं ।।२३।।

નિર્મલ ચિદ્રૂપ પ્રાપ્તિ તો મનમોહન મેરે,
દેખો નય આધીન રે, મનમોહન મેરે;
પછી શુદ્ધ ચિદ્રૂપ તો મનમોહન મેરે,
વિમલ નયાદિ વિહીન રે મનમોહન મેરે. ૨૩.

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ નયોને આધીન છે એમ જુઓ. ત્યાર પછી આત્મસ્વરૂપ નયાદિ રહિત છે. ૨૩. **

# અધ્યાય ૮ મો

[શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે ભેદજ્ઞાનની આવશ્યકતા]

छेत्रीसूचिक्रकचपवनैः सीसकाग्न्यूषयंत्रै–
स्तुल्या पाथः कतकफलबद्धंसपक्षिस्वभावा।
शस्त्रीजायुस्वधितिसदृशा टंकवैशाखबद्वा
प्रज्ञा यस्योद्भवति हि भिदे तस्य चिद्रूपलब्धिः।।१।।

**છીણી સોય પવન કરવત સમ કોલુ અગ્નિ સીસા જેવી,**
**હંસ પક્ષી ક્ષીર ગ્રહે ભિન્ન, જળ કરે કતક નિર્મળ તેવી;**
**ઔષધિ, અસિ, પરશુ, છરી, મંથન-દંડ પદાર્થો ભિન્ન કરે,**
**તેમ સ્વ-પર ભેદે પ્રજ્ઞા નિજ વર્તે તો ચિદ્સ્વરૂપ વરે. ૧.**

**અર્થ** :—જેને જડ ચેતનના ભેદ પાડવા માટે છીણી, સોય, કરવત, પવન સમાન, સીસું, અગ્નિ, કોલુ (શેરડી પીલવાનો સંચો)ના જેવી, પાણી, ફટકડી જેવી, હંસ પક્ષીના સ્વભાવ જેવી, છરી, આયુષ્ય આપનાર ઔષધ, પરશુ જેવી, ટાંકણા કે રવૈયા (દહીંનું મંથન કરનાર મેરુદંડ) જેવી પ્રજ્ઞા (વિવેકવાળું જ્ઞાન) પ્રગટ થાય છે, તેને નિશ્ચયથી ચિદ્રૂપની પ્રાપ્તિ થાય છે. ૧.

स्वर्णं पाषाणसूताद्वसनमिव मलात्ताम्रऱूप्यादि हेम्नो
वा लोहादग्निरिक्षो रस इह जलवत्कर्दमात्केकिपक्षात्।
ताम्रं तैलं तिलादेः रजतमिव किलोपायतस्ताम्रमुख्यात्
दुग्धान्नीरं घृतं च क्रियत इव पृथक् ज्ञानिनात्मा शरीरात्।।२।।

**જેમ કનક-પાષાણથી કંચન, વસ્ત્રથી મેલ ઉપાય વડે,**
**લોહથી અગ્નિ, ઇક્ષુથી રસ, કે ચાંદી કનકથી ભિન્ન પડે;**

**ક્ષીરથી નીર, કર્દમથી જળ, ને તલથી તેલ જુદાં નીકળે,**
**તેમ જ્ઞાની પ્રજ્ઞાએ, ચિદ્રૂપ, નિજ તનથી વિભિન્ન કળે. ૨.**

**અર્થ** :—આ જગતમાં જેમ સુવર્ણ–પાષાણમાંથી સુવર્ણ, મેલથી વસ્ત્ર, સુવર્ણમાંથી તાંબુ રૂપું વગેરે અથવા લોહમાંથી અગ્નિ, શેરડીમાંથી રસ, કાદવમાંથી જળ, મોરના પીંછામાંથી ત્રાંબુ, તલ આદિમાંથી તેલ, તાંબા વગેરે ધાતુમાંથી જેમ ચાંદી, દૂધમાંથી પાણી અને ઘી ઉપાય કરીને પૃથક્ કરવામાં આવે છે; તેમ જ્ઞાની વડે આત્માને શરીરથી ભિન્ન કરવામાં આવે છે.

देशं राष्ट्रं पुराद्यं स्वजनवनधनं वर्णपक्षं स्वकीय–
ज्ञातिं संबंधिवर्गं कुलपरिजनकं सोदरं पुत्रजाये।
देहं हृद्वाग्निभावान् विकृतिगुणविधीन् कारकादीनि भित्वा
शुद्धं चिद्रूपमेकं सहजगुणनिधिं निर्विभागं स्मरामि।।३।।

**દેશ રાજ્ય પુર વર્ણ પક્ષકે પરિજન વન ધન કુલ સ્વજનો,**
**પુત્ર ભ્રાત ભાર્યા સંબંધી, સ્વકીય જ્ઞાતિ તન મન વચનો;**
**સર્વ વિભાવ કારક પર મુજથી વિકૃત–હેતુ ભિન્ન કરું,**
**નિર્વિભાગ નિર્મલ નિજ ચિદ્રૂપ એક સહજ ગુણ નિધિ સ્મરું. ૩.**

**અર્થ** :—દેશને, રાજ્યને, પુર-નગર આદિને, સ્વજન, વન, ધનને, બ્રાહ્મણ આદિ વર્ણના પક્ષને, પોતાની જ્ઞાતિને, સંબંધી વર્ગને, કુળ પરિવારને, ભાઈને, સ્ત્રી-પુત્રને, શરીરને, મનને, વાણીરૂપ વિભાવોને વિકાર કરનારા કર્તા, કર્મ, કરણ આદિ કારકોને ભિન્ન કરીને, અખંડ, એક સ્વાભાવિક ગુણના ધામરૂપ, શુદ્ધ ચિદ્રૂપને હું સ્મરું છું. ૩.

स्वात्मध्यानामृतं स्वच्छं विकल्पानपसार्य सत्।
पिवति क्लेशनाशाय जलं शैवालवत्सुधीः।।४।।

**સૌ વિકલ્પ–સેવાલ ખસેડી, નિર્મલ જલવત્ જ્ઞાનીજનો;**
**સ્વાત્મધ્યાન નિર્મલ અમૃતને, પીવે ક્લેશ હરવા ભવનો. ૪.**

**અર્થ** :—નિર્મળ મતિમાન સંત પુરુષ, ક્લેશનો નાશ કરવા માટે વિકલ્પોને સેવાળ માફક દૂર કરીને, નિર્મળ જળની જેમ સ્વાત્મધ્યાન રૂપ અમૃતનું પાન કરે છે. ૪.

**नात्मध्यानात्परं सौख्यं नात्मध्यानात् परं तपः।**
**नात्मध्यानात्परो मोक्षपथः क्वापि कदाचन।।५।।**

**આત્મધ્યાનથી અધિક કદાપિ કોઈ સ્થળે સુખ સત્ય નથી;**
**તપ પણ તેમ જ મોક્ષમાર્ગ પણ આત્મધ્યાનથી શ્રેષ્ઠ નથી. ૫.**

**અર્થ** :—ક્યાંય પણ, કદી પણ, આત્મધ્યાનથી ચડિયાતું બીજું કોઈ સુખ નથી, આત્મધ્યાનથી શ્રેષ્ઠ તપ નથી, આત્મધ્યાન સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. ૫.

**केचित्प्राप्य यशः सुखं वरवधूं रायं सुतं सेवकं**
**स्वामित्वं वरवाहनं बलसुहृत्पांडित्यरूपादिकं।**
**मन्यंते सफलं स्वजन्ममुदिता मोहाभिभूता नरा।**
**मन्येऽहं च दुरापयात्मवपुषोर्ज्ञप्त्या भिदः केवलं।।६।।**

**સુંદર રમણી સુખ યશ ધન કે પુત્ર મિત્ર ભૃત્યાદિ કદા,**
**સ્વામિપણું વાહન પંડિતતા, બળ સુંદર રૂપ પ્રાપ્ત યદા;**
**તો તે પામ્યે મોહવશે જન હર્ષિત નરભવ સફળ ગણે,**
**આત્મા દેહ જુદા એ દુર્લભ જ્ઞાનથી ધન્ય ગણું હું મને. ૬**

**અર્થ** :—કેટલાક મોહને વશ થયેલા જનો યશ, સુખ, સારી સ્ત્રી, ધન, પુત્ર, સેવક, સ્વામીત્વ, ઉત્તમ વાહન, બળ, મિત્ર, પાંડિત્ય, રૂપાદિ પ્રાપ્ત કરવાથી હર્ષિત થયેલા ઉત્તમ મનુષ્ય ભવને સફળ (થયો) ગણે છે અને હું આત્મા અને શરીરના ભેદના દુર્લભ જ્ઞાન વડે કેવળ બધું ઉપચાર રૂપ માનું છું. ૬.

**तावत्तिष्ठंति चिद्भूमौ दुर्भेद्याः कर्मपर्वताः।**
**भेदविज्ञानवज्रं न यावत्पतति मूर्द्धनि।।७।।**

**ત્યાં સુધી ચિદ્રૂપ ભૂમિ ઉપર બહુ કર્મગિરિ દુર્ભેદ્ય દીસે,**
**જ્યાં સુધી ભેદ વિજ્ઞાન વજ્રના એકાએક પડે શીર્ષે. ૭.**

**અર્થ** :—જ્યાં સુધી મસ્તક ઉપર ભેદવિજ્ઞાનરૂપ વજ્ર પડતું નથી, ત્યાં સુધી કર્મપર્વતો દુર્ભેદપણે ચૈતન્યરૂપ ભૂમિમાં ઊભા રહે છે. ૭.

**दुर्लभोऽत्र जगन्मध्ये चिद्रूपरुचिकारकः।**
**ततोऽपि दुर्लभं शास्त्रं चिद्रूपप्रतिपादकं॥८॥**

**ततोऽपि दुर्लभो लोके गुरुस्तदुपदेशकः।**
**ततोऽपि दुर्लभं भेदज्ञानं चिंतामणिर्यथा॥९॥**

**દુર્લભ આ જગ મધ્ય અતિશય ચિદ્રૂપમાં રુચિ લાવે જે,**
**તેથી અતિ દુર્લભ સત્શાસ્ત્રો ચિદ્રૂપ સ્પષ્ટ બતાવે જે;**
**દુર્લભ પણ તેથી ગુરુ જ્ઞાની, ચિદ્રૂપ નિશદિન બોધે જે,**
**સૌથી ચિંતામણિ સમ દુર્લભ ભેદજ્ઞાન ઉર શોધે તે. ૮-૯.**

**અર્થ** :—આ જગતમાં, ચૈતન્યસ્વરૂપી રુચિ કરનાર–કરાવનાર દુર્લભ છે, ચૈતન્યસ્વરૂપનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રો તેના કરતાં પણ દુર્લભ છે. લોકમાં તેનો ઉપદેશ આપનાર ગુરુ તેથી પણ દુર્લભ છે અને ચિંતામણિ રત્નની જેમ ભેદજ્ઞાન તેના કરતાં પણ દુર્લભ છે. ૮-૯.

**भेदो विधीयते येन चेतनाद्देहकर्मणोः।**
**तज्जातविक्रियादीनां भेदज्ञानं तदुच्यते॥१०॥**

**દેહ કર્મકૃત સર્વ વિકારો તે જડ, ચેતન આપ અહો!**
**જડ ચેતન એ ભિન્ન કરે તે ભેદજ્ઞાન મુજ ઉર રહો. ૧૦.**

**અર્થ** :—જેનાથી ચૈતન્યસ્વરૂપ આત્માથી શરીરનો, કર્મનો અને તેનાથી થતા સર્વ વિકારોનો ભેદ કરવામાં આવે છે, તેને ભેદજ્ઞાન કહે છે. ૧૦.

स्वकीयं शुद्धचिद्रूपं भेदज्ञानं विना कदा।
तपःश्रुतवतां मध्ये न प्राप्तं केनचित् क्वचित्॥११॥

क्षयं नयति भेदज्ञश्चिद्रूपप्रतिघातकं।
क्षणेन कर्मणां राशिं तृणानां पावको यथा॥१२॥

**સ્વકીય શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિ, તપ કે શ્રુત અભ્યાસી જનો,**
**કોઈ ક્યાંય પણ કદી ન લહે વિણ ભેદજ્ઞાન, શ્રમ વ્યર્થ ગણો;**
**તૃણરાશિને અગ્નિ દહે તેમ ભેદજ્ઞાની ક્ષણમાં કરતા,**
**ચિદ્રૂપઘાતક કર્મસમૂહનો નાશ, સ્વરૂપ મુક્તિ વરતા. ૧૧-૧૨.**

**અર્થ** :—તપ અને શાસ્ત્રજ્ઞાનીઓમાંથી કોઈએ ભેદજ્ઞાન વિના, નિજ શુદ્ધ ચિદ્રૂપની ક્યાંય, કદી પણ પ્રાપ્તિ કરી નથી. ૧૧.

ભેદજ્ઞાની, જેમ અગ્નિ ઘાસના સમૂહને (બાળીને નષ્ટ કરે છે) તેમ આત્મસ્વરૂપનો ઘાત કરનાર કર્મસમૂહનો ક્ષણમાત્રમાં નાશ કરે છે.

अच्छिन्नधारया भेदबोधनं भावयेत् सुधीः।
शुद्धचिद्रूपसंप्राप्त्यै सर्वशास्त्रविशारदः॥१३॥
संवरोनिर्जरा साक्षात् जायते स्वात्मबोधनात्।
तद्भेदज्ञानतस्तस्मात्तच्च भाव्यं मुमुक्षुणा॥१४॥

**સર્વ શાસ્ત્રમાં નિપુણ અહો! મતિમાન ચહો ચિદ્રૂપ યદા,**
**ભાવો ભેદવિજ્ઞાન ભાવના એક અખંડિત મને સદા;**
**સ્વાત્મજ્ઞાનથી પ્રગટે સંવર તેમ નિર્જરા પ્રબળ અહા!**
**ભેદજ્ઞાનથી આત્મજ્ઞાન તે ત્યાં જ મુમુક્ષુની સતત સ્પૃહા. ૧૩-૧૪.**

**અર્થ** :—સર્વ શાસ્ત્રોમાં નિપુણ એવા ભેદજ્ઞાનીએ શુદ્ધચિદ્રૂપની સમ્પ્રાપ્તિ માટે અખંડિત ધારાએ ભેદજ્ઞાને ભાવવું. ૧૩.

આત્મજ્ઞાનથી સાક્ષાત્ સંવર અને નિર્જરા થાય છે તે આત્મજ્ઞાન ભેદજ્ઞાનથી થાય છે, માટે મુમુક્ષુએ તે ભેદજ્ઞાનને ભાવવું. ૧૪.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



लब्धा वस्तुपरीक्षा च शिल्पादि सकला कला।
वह्वी शक्तिर्विभूतिश्च भेदज्ञप्तिर्न केवला॥१५॥

વસ્તુ પરીક્ષા રે શિલ્પકળાદિમાં નિપુણ થયો બહુ વાર,
શક્તિ વિભૂતિ રે બહુ લહી; માત્રના ભેદજ્ઞપ્તિ કોઈ વાર.
ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૧૫.

**અર્થ** :—વસ્તુની પરીક્ષા શિલ્પ આદિ સર્વ કળા તેમ જ બહુ શક્તિ અને વિભૂતિ (આ જીવને) મળી છે, માત્ર ભેદજ્ઞાન પ્રાપ્ત થયું નથી. ૧૫.

चिद्रूपच्छादको मोहरेणुराशिर्नं बुध्यते।
क्व यातीति शरीरात्मभेदज्ञानप्रभंजनात्॥१६॥

આત્મ શરીરના રે ભેદવિજ્ઞાનરૂપ, વાયુ બળે ક્યાંય જાય,
મોહરેણુ ચય ચિદ્રૂપ ઢાંકતો, તે તો જરી ના જણાય,
ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૧૬.

**અર્થ** :—શરીર અને આત્માના ભેદજ્ઞાનરૂપ પવનથી, ચૈતન્યસ્વરૂપ આવરણ કરનાર (ઢાંકનાર) મોહકર્મનાં પરમાણુનો સમૂહ ક્યાં ઊડી જાય છે, તેની ખબર પડતી નથી. ૧૬.

भेदज्ञानं प्रदीपोऽस्ति शुद्धचिद्रूपदर्शने।
अनादिजमहामोहतामसच्छेदनेऽपि च॥१७॥

તિમિર અનાદિ રે જે મહામોહનું, છેદે એ બળવાન,
નિર્મલ ચિદ્રૂપ દર્શન હેતુ એ, ભેદજ્ઞપ્તિ દીપ જાણ.
ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૧૭.

**અર્થ** :—ભેદજ્ઞાન શુદ્ધચિદ્રૂપના દર્શનમાં અને અનાદિના મહામોહરૂપ અંધકારને છેદવામાં દીપક છે. ૧૭.

भेदविज्ञाननेत्रेण योगी साक्षादवेक्षते।
सिद्धस्थाने शरीरे वा चिद्रूपं कर्मणोज्झितं॥१८॥

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ભેદજ્ઞાનરૂપ ચક્ષુ અપૂર્વથી, યોગી જુવે સાક્ષાત્,**
**સિદ્ધિક્ષેત્રે રે તેમ શરીરમાં, ચિદ્રૂપ કર્મો રહિત;**
**ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૧૮.**

**અર્થ** :—ભેદવિજ્ઞાનરૂપ નેત્રથી યોગી સિદ્ધસ્થાનમાં અથવા શરીરમાં કર્મરહિત શુદ્ધચિદ્રૂપને સાક્ષાત્ જુવે છે. ૧૮.

**मिलितानेकवस्तूनां स्वरूपं हि पृथक् पृथक्।**
**स्पर्शादिभिर्विदग्धेन निःशंकं ज्ञायते यथा।।१९।।**

**तथैव मिलितानां हि शुद्धचिद्देहकर्मणां।**
**अनुभूत्या कथं सद्भिः स्वरूपं न पृथक् पृथक्।।२०।।युग्मं।।**

**ભેગી મળેલી રે વસ્તુ ઘણી છતાં, ભિન્નરૂપે ઓળખાય,**
**પ્રવીણ પુરુષને રે સ્પર્શાદિકથી, જેમ તે જુદી ગ્રહાય;**
**ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૧૯.**

**તેમ મળેલાં રે કર્મ, શરીર ને નિર્મળ ચિદ્રૂપ છતાં ય,**
**અનુભવથી કેમ ભિન્ન વિભિન્ન તે, સંતોને ન જણાય?**
**ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૨૦.**

**અર્થ** :—જેમ ચતુર પુરુષ ભેગી મળેલી અનેક વસ્તુઓનું સ્વરૂપ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ વડે જુદું જુદું નિશ્ચયથી જાણી લે છે, તેવી જ રીતે ભેગા મળેલાં શુદ્ધ આત્મા અને દેહ, કર્મ આદિનું સ્વરૂપ સત્પુરુષો અનુભૂતિ દ્વારા ભિન્ન-ભિન્ન કેમ ન જાણી લે? (અવશ્ય જાણે જ) ૧૯-૨૦.

**आत्मानं देहकर्माणि भेदज्ञाने समागते।**
**मुक्त्वा यांति यथा सर्पा गरुडे चंदनद्रुमं।।२१।।**

**ગરુડ જુવે ત્યાં રે ચંદન તરુ તજી, સર્પ સમૂહ જ્યમ પલાય,**
**ભેદવિજ્ઞાને રે કર્મ શરીર તેમ, આત્માથી દૂર થાય.**
**ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૨૧.**

**અર્થ** :—જેમ ગરુડ પાસે આવી પહોંચતાં સર્પો ચંદનવૃક્ષને છોડીને જતાં રહે છે તેમ ભેદજ્ઞાનની પ્રાપ્ત થતાં દેહ, કર્મ આત્માને છોડીને દૂર થઈ જાય છે. ૨૧.

भेदज्ञानबलात् शुद्धचिद्रूपं प्राप्य केवली।
भवेद्देवाधिदेवोऽपि तीर्थकर्त्ता जिनेश्वरः ॥२२॥

**ભેદ જ્ઞાનનારે બલથી પામીને, કેવલી ચિદ્રૂપ શુદ્ધ,**
**તીર્થંકર જિનેન્દ્ર બને મહા, દેવ દેવોના પ્રસિદ્ધ.**
**ભેદવિજ્ઞાને રે ચિદ્રૂપ સેવીએ. ૨૨.**

**અર્થ** :—ભેદજ્ઞાનના બળથી જીવ શુદ્ધ ચિદ્રૂપને પામીને કેવળજ્ઞાની, તીર્થંકર, જિનેશ્વર અને દેવાધિદેવ પણ થાય છે. ૨૨.



# અધ્યાય ૯ મો

[શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનને માટે મોહત્યાગની આવશ્યકતા]

अन्यदीया मदीयाश्च पदार्थाश्चेतनेतराः।
एतेऽदश्चिंतनं मोहो यतः किंचिन्न कस्यचित्॥१॥

**જડ ચેતનરૂપ સર્વ પદાર્થો, એ મારા કે અન્યતણા;**
**એવું ચિંતન મોહમાત્ર છે, જહાં કોઈનું કિંચિત્ ના. ૧.**

**અર્થ** :—આ ચેતન તથા જડપદાર્થો મારા તથા અન્યના છે, આવું ચિંતવન તે મોહ છે, કારણ કે કાંઈ પણ કોઈનું ય નથી. ૧.

दत्तो मानोऽपमानो मे जल्पिता कीर्त्तिरुज्ज्वला।
अनुज्ज्वलापकीर्त्तिर्वा मोहस्तेनेति चिंतनं॥२॥

**માન મળ્યું અપમાન થયું મુજ, ઉજ્જ્વલ યશ ફેલ્યો આજે,**
**મુજ અપયશ આણે વિસ્તાર્યો, મોહ ચિંતના એ ગાજે. ૨.**

**અર્થ** :—તેણે મારું માન કે અપમાન કર્યું, મારો ઉજ્જ્વળ યશ અથવા મલિન અપયશ ફેલાવ્યો; આ પ્રકારનું ચિંતન કરવું તે મોહ છે. ૨.

किं करोमि क्व यामीदं क्व लभेय सुखं कुतः।
किमाश्रयामि किं वच्मि मोहचिंतनमीदृशं॥३॥

**શું કરું? ક્યાં જઉં? આ ક્યાં પામું? સુખ ક્યાંથી? એ વિકલ્પ ઘણા,**
**રહુ આશ્રયે કોના કહું શું? એ સૌ ચિંતન મોહતણાં. ૩.**

**અર્થ** :—(હું) શું કરું? ક્યાં જાઉં? ક્યાંથી આ પામું? (મને) ક્યાંથી સુખ મળે? (મળશે) કોનો આશ્રય કરું? (હું) શું બોલું? આવા પ્રકારનું ચિંતન (પણ) મોહ છે. ૩.

चेतनाचेतने रागो द्वेषो मिथ्यामतिर्मम।
मोहरूपमिदं सर्वंचिद्रूपोऽहं हि केवलः।।४।।

જડ ચેતનરૂપ સર્વ અન્યમાં રાગ-દ્વેષ મિથ્યામતિ તે,
એ સૌ મોહરૂપ હું કેવલ ચિદ્રૂપ તેથી સ્મરું અતિ તે. ૪.

**અર્થ** :—ચેતન અને જડ પદાર્થોમાં રાગ અને દ્વેષ (કરવા તે) મારી મિથ્યાબુદ્ધિ છે; આ બધું મોહનું સ્વરૂપ છે, હું કેવળ ચિદ્રૂપ જ છું. ૪.

देहोऽहं मे स वा कर्मोदयोऽहं वाप्यसौ मम।
कलत्रादिरहं वा मे मोहोऽदश्चिंतनं किल।।५।।

શરીર હું છું; તે મારું છે, કર્મ ઉદય હું, તે મારો,
સ્ત્રી આદિકમાં હું મારું, એ ચિંતન જાણો મોહ ખરો. ૫.

**અર્થ** :—હું શરીર છું, અથવા તે મારું છે, હું કર્મનો ઉદય છું, અથવા તે પણ મારો છે, સ્ત્રી આદિ હું છું અથવા તે મારાં છે. આવું ચિંતન (કરવું તે) ખરેખર મોહ છે. ૫.

तज्जये व्यवहारेण संत्युपाया अनेकशः।
निश्चयेनेति मे शुद्धचिद्रूपोऽहं स चिंतनं।।६।।

તે જય કરવા કાજ ઉપાયો છે બહુવિધિ વ્યવહાર કહે;
હું નિર્મલ ચિદ્રૂપ, તે મારું, ચિંતન નિશ્ચય એ જ ગ્રહે. ૬.

**અર્થ** :—તેના જયમાં વ્યવહારથી અનેક ઉપાયો છે (પણ) નિશ્ચયથી 'હું શુદ્ધ ચિદ્રૂપ છું', 'તે જ મારું છે', એવું ચિંતન એ એક જ ઉપાય છે. ૬.

धर्मोद्धारविनाशनादि कुरुते कालो यथा रोचते
स्वस्यान्यस्य सुखासुखं वरखजं कर्मैव पूर्वार्जितं।

अन्ये येऽपि यथैव संति हि तथैवार्थाश्च तिष्ठंति ते
तच्चिंतामिति मा विधेहि कुरु ते शुद्धात्मनश्चिंतनं।।७।।

**ધર્મ ઉન્નતિ કે નાશાદિ કાલ પ્રમાણે થયા કરે,**
**ઇન્દ્રિય સુખ દુઃખ સૌ નિજપરનાં પૂર્વ ઉપાર્જિત કર્મ ખરે;**
**અન્ય પદાર્થો પણ જે જેવા તે તેવા જ રહે ત્યારે,**
**ચિંતા વ્યર્થ તજી તેની કર શુદ્ધ આત્મ-ચિંતન પ્યારે. ૭.**

**અર્થ** :—જેમ કાળને ગમે છે તેમ ધર્મનો ઉદ્ધાર વિનાશ આદિ (તે) કરે છે. પોતાનું અને અન્યનું ઉત્તમ ઇન્દ્રિયજનિત સુખ-દુઃખ (મળે છે તે) પૂર્વે ઉપાર્જેલું કર્મ જ છે, બીજા પદાર્થો પણ જે જેમ છે તે તેમ જ રહે છે, માટે આવી (સ્વ-પર સંયોગી પદાર્થોને ફેરવવાની) ચિંતા ન કર. (ફક્ત) તારા શુદ્ધ આત્માનું ચિંતન (તું) કર. ૭.

दुर्गंधं मलभाजनं कुविधिना निष्पादितं धातुभि-
रंगं तस्य जनैर्निजार्थमखिलैराख्या धृता स्वेच्छया।
तस्याः किं मम वर्णनेन सतत किं निंदनेनैव च
चिद्रूपस्य शरीरकर्मजनिताऽन्यस्याप्यहो तत्त्वतः।।८।।

**અશુભ કર્મકૃત સાત ધાતુમય મલભાજન દુર્ગંધ ભર્યું,**
**આ તન, તેનું વર્ણન સૌએ સ્વાર્થ કાજ સ્વેચ્છિત કર્યું;**
**તે વર્ણન સ્તુતિ કે નિન્દાનું, કાંઈ પ્રયોજન શું મારે?**
**શરીર કર્મકૃત સર્વવિકારો, જડ, મુજ ચિદ્રૂપ ભિન્ન ખરે. ૮.**

**અર્થ** :—શરીર દુર્ગંધવાળું, મલનું સ્થાન, સાત ધાતુ વડે અશુભ કર્મે રચેલું છે, સર્વ જનોએ તેની કથા પોત–પોતાના સ્વાર્થ માટે પોતાની કલ્પના પ્રમાણે કરી છે. પણ અહો! નિશ્ચયથી (તત્ત્વદૃષ્ટિએ) શરીર, કર્મ અને તેનાથી થતા સર્વ વિકારોથી ભિન્ન ચિદ્રૂપ એવા મને તેના (તે પ્રશંસાના) સતત વર્ણનથી અને નિંદાથી શું પ્રયોજન છે? ૮.

कीर्तिं वा पररंजनं खविषयं केचिन्निजं जीवितं
संतानं च परिग्रहं भयमपि ज्ञानं तथा दर्शनं।
अन्यस्याखिलवस्तुनो रुगयुतिं तद्धेतुमुद्दिश्य च
कर्युः कर्म विमोहिनो हि सुधियश्चिद्रूपलब्ध्यै परं ।।९।।

**વિષયો, પરરંજન, યશપ્રાપ્તિ, નિજ જીવન રક્ષા કરવા,**
**પુત્ર પરિગ્રહ પ્રાપ્તિ કાજે કિંવા દર્શન જ્ઞાન થવા;**
**ભય વ્યાધિ પરિહરવા અથવા સર્વ અન્ય વસ્તુ અર્થે,**
**કરે કર્મ મોહી જીવ કિન્તુ પ્રાજ્ઞ કરે સૌ આત્માર્થે. ૯.**

**અર્થ** :—કેટલાક મોહી જીવો કીર્તિને, પરરંજનને, ઇન્દ્રિયના વિષયને, પોતાના જીવનને, સંતાન અને પરિગ્રહને, ભયને, જ્ઞાન તથા દર્શનને, અન્ય વસ્તુની પ્રાપ્તિને, રોગના વિયોગને અને તેના હેતુને ઉદ્દેશીને કાર્ય કરતા હોય છે, પરંતુ ખરેખર બુદ્ધિમાનો ચિદ્રૂપની પ્રાપ્તિ માટે કાર્ય કરે (છે). ૯.

कल्पेशनागेशनरेशसंभवं चित्ते सुखं मे सततं तृणायते।
कुस्त्रीरमास्थानकदेहदेहजात् सदेतिचित्रं मनुतेऽल्पधीः सुखं ।।१०।।

**સર્વ નરેન્દ્ર ચક્રવર્ત્યાદિક કે ધરણેન્દ્ર સુરેન્દ્રતણાં,**
**દિવ્ય સુખો તૃણ તુલ્ય નિરંતર, ભાસે મુજને તુચ્છ ઘણાં;**
**કાંતા કનક ભૂમિ ગૃહ તનકે તનયાદિ દુઃખરૂપ બધાં,**
**છતાં અલ્પબુદ્ધિ સુખરૂપ તે માને એ આશ્ચર્ય સદા. ૧૦.**

**અર્થ** :—મારા ચિત્તમાં કલ્પવાસી દેવોના ઇન્દ્રને, નાગેન્દ્રને, નરેન્દ્રને પ્રાપ્ત થતું સુખ નિરંતર તૃણ સમાન તુચ્છ લાગે છે, અલ્પ બુદ્ધિમાન હંમેશાં ભૂમિ, સ્ત્રી, લક્ષ્મી, ઘર, શરીર, પુત્રથી સુખ માને છે; એ આશ્ચર્યકારક છે. ૧૦.

न बद्धः परमार्थेन बद्धो मोहवशाद् गृही।
शुकवद् भीमपाशेनाथवा मर्कटमुष्टिवत् ।।११।।

પરમાર્થે નહિ બદ્ધ બેડીથી, પણ બંધાયા દૃઢ પાશે,
શુકવત્ કે મર્કટમુષ્ટિવત્ અહો! ગૃહસ્થો મોહવશે. ૧૧.

**અર્થ** :—ગૃહસ્થ મોહવશે પોપટની માફક ભયંકર પાશથી અથવા વાંદરાની મૂઠીની જેમ બંધાયેલો છે, છતાં તે પરમાર્થે બંધાયેલો નથી. ૧૧.

श्रद्धानां पुस्तकानां जिनभवनमठांतेनिवास्यादिकानां
कीर्त्तेरक्षार्थकानां भुवि झटिति जनो रक्षणे व्यग्रचितः।
यस्तस्य क्वात्मचिंता क्व च विशदमतिः शुद्धचिद्रूपकाप्तिः
क्व स्यात्सौख्यं निजोत्थं क्व च मनसि विचिंत्येति कुर्वंतु यत्नं॥१२॥

ધર્મ કાર્ય પુસ્તક જિનમંદિર આશ્રમવાસ સુકીર્તિ ચહે,
તેનાં રક્ષણમાં તત્પર જીવ જગમાં નિત્ય ઉપાધિ વહે;
એમ જનોનાં વ્યગ્ર ચિત્ત ત્યાં આત્મચિંતના ક્યાં થાયે?
મતિ નિર્મળતા ભેદજ્ઞાન કે ચિદ્રૂપ કદી ન પ્રગટાયે,
તો તે વિણ નિજ સ્વાત્મિક સુખનો ક્યાં આસ્વાદ કદી આવે?
એમ વિચારી જન અતિ યત્ને મનમાં ચિદ્રૂપને ધ્યાવે. ૧૨.

**અર્થ** :—જગતમાં સંઘ સમુદાયના, પુસ્તકોના, જિનમંદિર, મઠ, અંતેવાસી શિષ્ય આદિના, કીર્તિની રક્ષાના હેતુના રક્ષણ કરવામાં જે જીવો શીઘ્ર વ્યાકુળ મનવાળા હોય છે તેને આત્મચિંતન ક્યાંથી હોય? નિર્મળ મતિ ક્યાંથી હોય? શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી હોય? અને આત્માથી ઉત્પન્ન થતું સુખ પણ ક્યાંથી હોય? એમ મનમાં વિચારીને પુરુષાર્થ કરો. ૧૨.

अहं भ्रांतः पूर्वं तदनु च जगत् मोहवशतः
परद्रव्ये चिंतासततकरणादाभवमहो।
परद्रव्यं मुक्त्वा विहरति चिदानंदनिलये
निजद्रव्ये यो वै तमिह पुरुषं चेतसि दधे॥१३॥

**પરદ્રવ્યોની સતત ચિંતના, કરી મોહવશ અહો! અપાર!**
**ભમ્યો પૂર્વથી આ ભવ સુધી હું, જગત જીવ પણ મુજ અનુસાર;**
**ચિદાનંદ મંદિર નિજદ્રવ્યે, જે વિહરે કરીને પરત્યાગ,**
**આતમરામી પુરુષ હવે હું, ચિત્ત ધરું કરી પ્રેમ અથાગ. ૧૩.**

**અર્થ** :—અહો! મોહને વશ થઈને હું પરદ્રવ્યમાં સતત ચિંતા કરતાં પૂર્વથી માંડીને આ ભવપર્યંત ભટક્યો અને મોહને વશ થઈને જગત પણ તે પ્રકારે ભટક્યું. ખરેખર જે પરદ્રવ્યથી મુક્ત થઈને ચૈતન્ય આનંદના ધામ એવા નિજ આત્મદ્રવ્યમાં વિહાર કરે છે, તે પુરુષને હવે હું ચિત્તમાં ધારણ કરું છું. ૧૩.

हित्वा यः शुद्धचिद्रूपस्मरणं हि चिकीर्षति।
अन्यत्कार्यमसौ चिंतारत्नमश्मग्रहं कुधीः ॥१४॥

स्वाधीनं च सुखं ज्ञानं परं स्यादात्मचिंतनात्।
तन्मुक्त्वाः प्राप्तुमिच्छंति मोहतस्तद्विलक्षणं॥१५॥

**નિર્મળ ચિદ્રૂપ સ્મરણ તજીને, અન્ય કાર્ય કરવા મન થાય,**
**તજી ચિંતામણિ તે દુર્બુદ્ધિ, પથ્થર ગ્રહવાને લલચાય;**
**સુખ સ્વાધીન વર જ્ઞાન અનંતું, આત્મચિંતનાથી પ્રગટાય,**
**તે છોડીને મોહવશે, જીવ તેનાથી વિપરીત દુઃખ ચહાય. ૧૪-૧૫.**

**અર્થ** :—જે શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ તજીને અન્ય કાર્યને કરવા ઈચ્છે છે, તે દુર્બુદ્ધિ ચિંતામણિ રત્ન તજીને પથ્થરનું ગ્રહણ કરવા ચાહે છે. ૧૪.

આત્મચિંતનથી સ્વાધીન સુખ અને ઉત્કૃષ્ટ જ્ઞાન થાય છે. મોહથી તે તજીને તેનાથી વિપરીત મેળવવા જીવ ઈચ્છે છે. ૧૫.

यावन्मोहो बली पुंसि दीर्घसंसारतापि च।
न तावत् शुद्धचिद्रूपे रुचिरत्यंतनिश्चला॥१६॥

**મોહ હોય બલવાન જીવને ને જો દીર્ઘ હજુ સંસાર,**
**તો ત્યાં સુધી નિશ્ચલરુચિ જાગે નહિ નિર્મલ ચિદ્રૂપ મોઝાર. ૧૬.**

**અર્થ** :—જ્યાં સુધી મનુષ્યમાં મોહ બળવાન છે અને દીર્ઘ-સંસારીપણું પણ છે, ત્યાં સુધી શુદ્ધ ચિદ્રૂપમાં અત્યંત નિશ્ચળ રુચિ થતી નથી. ૧૬.

अंधे नृत्यं तपोऽज्ञे गदविधिरतुला स्वायुषो वाऽवसाने
गीतं बाधिर्ययुक्ते वपनमिह यथाऽप्यूषरे वार्यतृष्णे।
स्निग्धे चित्राण्यभव्ये रुचिविधिरनघः कुंकुमं नीलवस्त्रे
नात्मप्रीतौ तदाख्या भवति किल वृथा निः प्रतीतौ सुमंत्रः।।१७।।

**નૃત્ય નકામું અંધ પાસ, તપ અજ્ઞાનીનું ગણ વિપરીત,**
**વ્યર્થ ઔષધિ આયુષ્ય અંતે, બહેરાં આગળ સુર સંગીત;**
**ઉખર ભૂમિમાં બી શું વાવે? તૃષા નહિ ત્યાં જળ શું કામ?**
**કથન અભવિને ધર્મરુચિનું, ચીકણી વસ્તુ પર ચિત્રામ;**
**કાળા વસ્ત્રે રંગ ન બેસે, મંત્ર ફળે ના વિણ શ્રદ્ધાન,**
**આત્મામાં પ્રીતિ નહિ જેને, શું તેની પાસે આખ્યાન? ૧૭.**

**અર્થ** :—આ લોકમાં જેમ આંધળા આગળ નૃત્ય, અજ્ઞાનીમાં તપ, પોતાના આયુષ્યના અંતે અતુલ ઔષધપ્રયોગ, બહેરા મનુષ્ય પાસે ગાયેલું ગીત અને ઉખર જમીનમાં બીની વાવણી, તરસ્યો ન હોય તેની આગળ ધરેલું પાણી, ચીકણી વસ્તુ ઉપર ચિત્રો, અભવ્ય પાસે ધર્મની રુચિનું કથન, નીલરંગના વસ્ત્રો ઉપર કંકુનો રંગ, શ્રદ્ધાહીનને (આપેલ) ઉત્તમ મંત્ર ખરેખર નકામો જાય છે, તેવી રીતે આત્મામાં જેને પ્રેમ નથી એવા મનુષ્ય પાસે તેની કથા નિષ્ફળ જાય છે. ૧૭.

स्मरंति परद्रव्याणि मोहान्मूढाः प्रतिक्षणं।
शिवाय स्वं चिदानंदमयं नैव कदाचन।।१८।।

**પરદ્રવ્યોને ક્ષણ ક્ષણ સમરે મોહમૂઢ થઈ જીવ સદાય,**
**ચિદાનંદમય નિજ ચિદ્રૂપને મોક્ષાર્થે ના સ્મરે કદાય. ૧૮.**

**અર્થ** :—મૂઢ જીવો, મોહને લીધે પ્રતિક્ષણ પર દ્રવ્યોને તો યાદ કરે છે, પરંતુ મોક્ષ માટે ચિદાનંદરૂપ પોતાને કદાપિ યાદ કરતા નથી. ૧૮.

मोह एव परं वैरी नान्यः कोऽपि विचारणात्।
ततः स एव जेतव्यो बलवान् धीमताऽऽदरात्।।१६।।

**મોહ એ જ શત્રુ બલવન્તો, વિચારતાં નહિ અન્ય મહાન;**
**માત્ર એ જ જય કરવો યત્ને, ધીમંતે થઈ અતિ બલવાન. ૧૯.**

**અર્થ** :—મોહ એ જ મોટો વેરી છે, વિચાર કરતાં બીજો કોઈ પણ નથી, (માટે) બુદ્ધિમાને તે જ બળવાનને પ્રયત્ન કરીને જીતવા યોગ્ય છે. ૧૯.

भवकूपे महामोहपंकेऽनादिगतं जगत्।
शुद्धचिद्रूपसद्ध्यानरज्जवा सर्वं समुद्धरे।।२०।।

**અનાદિથી ભવકૂપે ખૂંચ્યું જગત મોહ કાદવ મોઝાર;**
**નિર્મલ ચિદ્રૂપ ધ્યાન રજ્જુએ એ સઘળાનો કરું ઉદ્ધાર. ૨૦.**

**અર્થ** :—સંસારરૂપ કૂવામાં, મહામોહરૂપ કાદવમાં અનાદિથી પડેલા સર્વ જગતને શુદ્ધ ચિદ્રૂપના સદ્ધ્યાનરૂપ દોરડા વડે સારી રીતે બહાર કાઢું. ૨૦.

शुद्धचिद्रूपसद्ध्यानादन्यत्कार्यं हि मोहजं।
तस्माद् बंधस्ततो दुःखं मोह एव ततो रिपुः।।२१।।

**નિર્મલ ચિદ્રૂપ ધ્યાન વિના જે અવર કાર્ય તે મોહજનિત;**
**તેથી બંધન ને દુઃખ તેથી મોહ શત્રુ ગણ તેથી ખચિત. ૨૧.**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપના સદ્ધ્યાનથી બીજું કામ ખરેખર મોહજન્ય છે, તેથી બંધ થાય છે, તેથી દુઃખ થાય છે માટે મોહ જ શત્રુ છે. ૨૧.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



मोहं तज्जातकार्याणि संगं हित्वा च निर्मलं।
शुद्धचिद्रूपसद्ध्यानं कुरु त्यक्त्वान्यसंगतिं ॥२२॥

(વસંતતિલકા)

**રે મોહને સકલ મોહજનિત કામો!**
**સાથે સમસ્ત તજી સંગ હવે વિરામો;**
**ચિદ્રૂપ નિર્મલતણું શુચિ ધ્યાન ધારો,**
**સૌ અન્ય સંગતિ તજી નિજ કાર્ય સારો. ૨૨.**

**અર્થ** :—મોહ તથા તેનાથી થતા કાર્યોને, સંગને છોડીને તેમજ બીજાની સંગતિ તજીને નિર્મળ, શુદ્ધચિદ્રૂપનું સદ્ધ્યાન તું ધારણ કર. ૨૨.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ૧૦ મો

[શુદ્ધ ચિદ્રૂપનાં ધ્યાનાર્થે અહંકાર મમકારના
ત્યાગનો ઉપદેશ]

निरंतरमहंकारं मूढाः कुर्वंति तेन ते।
स्वकीयं शुद्धचिद्रूपं विलोकंते न निर्मलं।।१।।

**મોહમૂઢ જન મગ્ન નિરંતર અહંકારમાં રહે સદાય,**
**ત્યાં નિર્મલ નિજ ચિદ્રૂપ પ્રત્યે દ્રષ્ટિ દે નહિ અહા જરાય! ૧.**

**અર્થ** :—મૂઢજનો નિરંતર અહંકાર કરે છે તેથી તેઓ પોતાનાં શુદ્ધ ચિદ્રૂપને અન્ય દ્રવ્યોથી ભિન્ન શુદ્ધ જોતા નથી. ૧.

देहोऽहं कर्मरूपोऽहं मनुष्योऽहं कृशोऽकृशः।
गौरोऽहं श्यामवर्णोऽहमद्विऽजोहं द्विजोऽथवा।।२।।

अविद्वानप्यहं विद्वान् निर्धनो धनवानहं।
इत्यादि चिंतनं पुंसामहंकारो निरुच्यते।।३।।युग्मं।।

**કાયા હું આ કર્મરૂપ હું, હું માનવ હું કૃશ હું સ્થૂલ,**
**હું ગોરો, હું શ્યામ વર્ણ હું, દ્વિજ અદ્વિજ વિચારો ભૂલ;**
**અભણ અરે! હું, પંડિત હું તો, હું નિર્ધન હું ધનિક મહાન,**
**ઇત્યાદિ ચિંતન માનવનું અહંકાર ભાખે વિદ્વાન. ૨–૩.**

**અર્થ** :—હું શરીર છું, હું કર્મરૂપ છું, હું મનુષ્ય છું, હું દૂબળો કે જાડો છું, હું ગોરો છું, શ્યામવર્ણવાળો છું, હું અદ્વિજ છું અથવા હું દ્વિજ છું. ૨.

વળી હું વિદ્વાન્–અવિદ્વાન્, નિર્ધન–ધનવાન છું—આ પ્રકારનું મનુષ્યનું ચિંતન અહંકાર કહેવાય છે. ૩.

ये नरा निरहंकारं वितन्वंति प्रतिक्षणं।
अद्वैतं ते स्वचिद्रूपं प्राप्नुवंति न संशयः ।।४।।

**ક્ષણ ક્ષણ નિરહંકાર ભાવની વૃદ્ધિ કરે જે જન મતિમાન;**
**તે અદ્વૈત સ્વરૂપ નિજ ચિદ્રૂપને પામે નિઃસંશય દ્યુતિમાન. ૪.**

**અર્થ** :—જે મનુષ્યો ક્ષણે ક્ષણે અહંકારરહિત ભાવ વધારે છે, તેઓ અદ્વૈતસ્વરૂપ પોતાના ચિદ્રૂપને પામે છે, તેમાં સંશય નથી. ૪.

न देहोऽहं न कर्माणि न मनुष्यो द्विजोऽद्विजः।
नैव स्थूलो कृशो नाहं किंतु चिद्रूपलक्षणः ।।५।।

चिंतनं निरहंकारो भेदविज्ञानिनामिति।
स एव शुद्धचिद्रूपलब्धये कारणं परं ।।६।। युग्मं ।।

**શરીર નહીં હું કર્મ નહીં હું ના હું દ્વિજ અદ્વિજ મનુષ્ય,**
**સ્થૂળ કૃશ પણ હું નહિં કિંતુ ચિદ્રૂપ લક્ષણ હું પ્રત્યક્ષ;**
**ચિંતન નિરહંકાર ગણ્યું એ ભેદજ્ઞાનીનું ભૂષણ જાણ,**
**તે જ શુદ્ધ ચિદ્રૂપ લબ્ધિનું કારણ શ્રેષ્ઠ લહો વિદ્વાન. ૫-૬.**

**અર્થ** :—હું દેહ નથી, કર્મો નથી, મનુષ્ય નથી, દ્વિજ કે અદ્વિજ નથી, સ્થૂળ, કૃશ નથી; પરંતુ હું ચિદ્રૂપ લક્ષણવાળો છું. ૫.

ભેદજ્ઞાનીઓનું આ જાતનું ચિંતન નિરહંકાર છે. શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે તે જ ઉત્તમ કારણ છે. ૬.

ममत्वं ये प्रकुर्वंति परवस्तुषु मोहिनः।
शुद्धचिद्रूपसंप्राप्तिस्तेषां स्वप्नेऽपि नो भवेत् ।।७।।

**મોહવશે મમતા વિસ્તારે પર વસ્તુમાં જન જે કોય;**
**કદી શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ સ્વપ્ને પણ નહિ તેને હોય. ૭.**

**અર્થ** :—જે મોહીજીવો પર વસ્તુઓમાં મમતા કરે છે, તેમને શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ સ્વપ્નમાં પણ થતી નથી. ૭.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



शुभाशुभानि कर्माणि मम देहोऽपि वा मम।
पिता माता स्वसा भ्राता मम जायात्मजात्मजः ।।८।।

गौरश्वोऽजो गजो रा विरापणं मंदिरं मम।
पूः राजा मम देशश्च ममत्वमिति चिंतनम् ।।९।।युग्मं।।

**કર્મ શુભાશુભ તે સૌ મારાં, શરીર પણ મુજ, મારું નામ,**
**માતપિતાદિ ભગિની ભ્રાતા સ્ત્રી પુત્રાદિ મુજ તમામ;**
**ગાય અશ્વ અજ ગજ ધન, પક્ષી દુકાન મંદિર મારાં ધામ,**
**મારાં દેશ નગર નૃપ આદિ મમત્વ એ ચિંતનનું નામ. ૮-૯**

**અર્થ** :—શુભાશુભ કર્મ તે મારાં છે, અથવા શરીર પણ મારું છે. માતા-પિતા, ભાઈ-બહેન મારાં છે. પુત્ર-પુત્રી-સ્ત્રી મારાં છે. ગાય, અશ્વ, બકરો, હાથી, ધન, પક્ષી, દુકાન, મકાન વગેરે મારાં છે. નગર મારું છે. રાજા, દેશ મારાં છે; એવું ચિંતવન તે મમત્વ છે. ૮-૯.

निर्ममत्वेन चिद्रूपप्राप्तिर्जाता मनीषिणां।
तस्मात्तदर्थिना चिंत्यं तदेवैकं मुहूर्मुहुः ।।१०।।

**નિર્મમતાથી ચિદ્રૂપ પ્રાપ્તિ પામ્યા પૂર્વે બહુ મતિમાન;**
**તેથી નિર્મમતા ચિંતવવા ક્ષણક્ષણ આત્માર્થી દે ધ્યાન. ૧૦.**

**અર્થ** :—વિદ્વાનોને નિર્મમત્વભાવ વડે ચિદ્રૂપની પ્રાપ્તિ થઈ છે, માટે તેના અર્થીએ તે જ એકેને વારંવાર ચિંતવવું જોઈએ. ૧૦.

शुभाशुभानि कर्माणि न मे देहोऽपि नो मम।
पिता माता स्वसा भ्राता न मे जायात्मजात्मजः ।।११।।

गौरश्वो गजो रा विरापणं मंदिरं न मे।
पू राजा मे न देशो निर्ममत्वमिति चितनं।।१२।।युग्मं।।

**કર્મ શુભાશુભ તે નહિ મારાં, શરીર પણ નહિ મારું કાંઈ,**
**માત પિતા કે ભગિની ભ્રાતા, સ્ત્રી પુત્રાદિ મારાં નાંહિ;**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ગાય અશ્વ ગજ ધન પક્ષી દુકાન મંદિર નહિ મુજ ધામ,**
**દેશ નગર નૃપ પણ મારાં નહિ નિર્મમત્વ ચિંતન એ પામ. ૧૧-૧૨.**

**અર્થ** :—શુભાશુભ કર્મો મારાં નથી, શરીર પણ મારું નથી. પિતા, માતા, બહેન, ભાઈ, સ્ત્રી, પુત્ર, પુત્રી મારાં નથી. ગાય, અશ્વ, હાથી, ધન, પક્ષી, બજાર, ઘર મારાં નથી. નગર, રાજા, દેશ મારાં નથી; એવું ચિંતવન તે નિર્મમત્વ છે. ૧૧-૧૨

**ममेति चिंतनाद् बंधो मोचनं न ममेत्यतः।**
**बंधनं द्व्यक्षराभ्यां च मोचनं त्रिभिरक्षरैः॥१३॥**

**निर्ममत्वं परं तत्त्वं ध्यानं चापि व्रतं सुखं।**
**शीलं खरोधनं तस्मान्निर्ममत्वं विचिंतयेत्॥१४॥**

**'મારું' એ ચિંતનથી બંધન, મોક્ષ 'ન મારું' જો દૃઢ થાય,**
**બંધન બે અક્ષરથી, મુક્તિ ત્રણ અક્ષરથી એમ સધાય;**
**નિર્મમતા એ પરમતત્ત્વ છે, ધ્યાન વળી વ્રત એ સુખસાર,**
**શીલ પરમ ઇન્દ્રિયનિગ્રહ એ, તેથી ચિંતન એ ઉર ધાર. ૧૩-૧૪.**

**અર્થ** :—મારું એવા ચિંતવનથી બંધન અને મારું નહિ એવા ચિંતવનથી મોક્ષ થાય છે, માટે બે અક્ષરો વડે બંધન અને (ન મમ) ત્રણ અક્ષરોથી મોક્ષ થાય છે. ૧૩.

નિર્મમતા તે શ્રેષ્ઠ તત્ત્વ છે, (તે જ) ધ્યાન અને વ્રત, સુખ, શીલ, (તેમ જ) ઈન્દ્રિયનિરોધ છે, માટે નિર્મમતાનું ચિંતવન કર્તવ્ય છે. ૧૪.

**याता ये यांति यास्यंति भदंता मोक्षमव्ययं।**
**निर्ममत्वेन ते तस्मान्निमर्मत्वं विचिंतयेत्॥१५॥**

**निर्ममत्वे तपोऽपि स्वादुत्तमं पंचमं व्रतं।**
**धर्मोऽपि परमस्तस्मान्निर्ममत्वं विचिंतयेत्॥१६॥**

**પામ્યા અવ્યય મુક્તિ પામે, વળી પામશે મુનિ ત્રિકાળઃ**
**તે સૌ નિર્મમતાથી, માટે નિર્મમતા–ચિંતન ઉર ધાર.**

**નિર્મમતાથી તપ ને પંચમવ્રત પરિગ્રહ ત્યાગ ઉદાર;**
**પરમ ધર્મ પણ પ્રગટે માટે નિર્મમતા–ચિંતન ઉર ધાર. ૧૫-૧૬.**

**અર્થ** :—જે મુનિઓ અવિનાશી મોક્ષપદ પામ્યા છે, પામે છે (અને) પામશે, તેઓ નિર્મમત્વથી (પામ્યા છે, પામે છે અને પામશે), માટે (મોક્ષાભિલાષીઓએ) નિર્મમત્વનું જ ચિંતવન કરવું યોગ્ય છે. ૧૫.

નિર્મમતામાં ઉત્તમ તપ અને પાંચમું અપરિગ્રહ વ્રત પણ આવી જશે તેમ જ પરમધર્મ પણ આવી જશે, માટે નિર્મમત્વનું જ ચિંતવન કરવું. ૧૬.

निर्ममत्वाय न क्लेशो नान्ययांचा न चाटनं।
न चिंता न व्ययस्तस्मान्निर्ममत्वं विचिंतयेत्॥१७॥

नास्त्रवो निर्ममत्वेन न बंधोऽशुभकर्मणां।
नासंयमो भवेत्तस्मान्निर्मभत्वं विचिंतयेत्॥१८॥

**ક્લેશ નહીં નિર્મમતા માટે, યાચન અવર ખુશામત નાંહિ;**
**નહિ ચિંતા નહિ ધન કંઈ બેસે નિર્મમતા ચિંતવ ઉર માંહિ.**
**નિર્મમતાથી આસ્રવ નાંહી, અશુભ કર્મ કંઈ ના બંધાય;**
**નહીં અસંયમ પણ કંઇ તેથી નિર્મમતા ચિંતવ ઉરમાંય. ૧૭-૧૮**

**અર્થ** :—નિર્મમત્વભાવનું ચિંતવન કરવામાં ક્લેશ થતો નથી, બીજાની પાસે યાચના કરવી પડતી નથી, કોઈની ખુશામદ કરવી પડતી નથી, કાંઈ ચિંતા થતી નથી, કાંઈ ખર્ચ થતું નથી; માટે નિર્મમત્વભાવનું ચિંતવન કરવું. ૧૭.

નિર્મમત્વથી કર્મના આગમનરૂપ આસ્રવ થતો નથી, અશુભકર્મનો બંધ થતો નથી, અસંયમ થતો નથી, માટે નિર્મમત્વભાવનું ચિંતવન કરવું. ૧૮.

सद्दृष्टिर्ज्ञानवान् प्राणी निर्ममत्वेन संयमी।
तपस्वी च भवेत् तस्मान्निर्ममत्वं विचिंतयेत्॥१९॥

रागद्वेषादयो दोषा नश्यंति निर्ममत्वतः।
शाम्यार्थी सततं तस्मान्निर्ममत्वं विचिंतयेत्॥२०॥

**નિર્મમતાથી સમ્યગ્દષ્ટિ ને જ્ઞાની સંયમી જીવ થાય;**
**થાય તપસ્વી પણ તે તેથી, નિર્મમતા ચિંતવ સુખદાય,**
**સર્વ રાગ-દ્વેષાદિ દોષો, નિર્મમતાથી થાય વિનાશ;**
**શામ્યાર્થીએ તેથી સતત આ નિર્મમતા ચિંતવવી ખાસ. ૧૯-૨૦.**

અર્થ :–નિર્મમત્વ વડે, જીવ સમ્યગ્દષ્ટિ, યથાર્થ જ્ઞાની, સંયમી અને તપસ્વી થાય છે, માટે નિર્મમત્વને જ ચિંતવવું. ૧૯.

નિર્મમત્વથી રાગ-દ્વેષ આદિ દોષોનો નાશ થઈ જાય છે, માટે સામ્ય ઈચ્છનારાઓએ નિર્મમત્વનું સતત ચિંતવન કરવું. ૨૦.

विचार्यत्थमहंकारममकारौ विमुंचति।
यो मुनिः शुद्धचिद्रूपध्यानं स लभते त्वरा॥२१॥

(ત્રોટક)

**મુનિ એમ વિચારી અહંકૃતિને,**
**મમકાર અનાદિ અજાગૃતિને;**
**તજી આત્મિક જાગૃતિ શીઘ્ર ધરે,**
**નિજ નિર્મલ ચિદ્રૂપ ધ્યાન વરે. ૨૧.**

**અર્થ** :—જે મુનિ આ પ્રમાણે વિચારીને અહંકાર અને મમકારનો ત્યાગ કરે છે, તે ત્વરાથી શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ધ્યાન પામે છે. ૨૧.

# અધ્યાય ૧૧ મો

[શુદ્ધ ચિદ્રૂપના ઉપાસકોની વિરલતાનું વર્ણન]

**शांताः पांडित्ययुक्ता यमनियमबलत्यागरैवृत्तवंतः।**
**सद्वोशीलास्तपोर्चानुतिनतिकरणा मौनिनः संत्यसंख्याः।**
**श्रोतारश्चाकृतज्ञा व्यसनखजयिनोऽत्रोपसर्गेऽपिधीराः**
**निःसंगाः शिल्पिनः कश्चन तु विरलः शुद्धचिद्रूपरक्तः॥१॥**

**ઘણા જગતમાં યમ નિયમ બલ દાન વિત્ત વ્રતવંતાજી,**
**પંડિત શાંત અસંગી તપ શીલ પૂજા નતિ નુતિ યુક્તાજી,**
**મૌની શ્રોતા વિષયિવિજેતા, ધીર અકૃતઘ્ન પ્રવક્તાજી,**
**કિંતુ કોઈ વિરલ જીવ જગતમાં, નિર્મલ ચિદ્રૂપ રક્તાજી. ૧.**

**અર્થ** :—આ સંસારમાં શાંત ચિત્તવાળા, પંડિતાઈવાળા, યમ, નિયમ, બળ, ત્યાગ અને ચારિત્રવાળા, ઉત્તમવાણીવાળા, શીલવાન, તપ, પૂજા, સ્તુતિ, પ્રણામ કરનારા, મૌન પાળનારા, શ્રવણ કરનારા, ઉપકારને ન ભૂલનારા, વ્યસનો અને ઇન્દ્રિયોને જીતનારા, ઉપસર્ગના સમૂહને સહન કરવામાં ધીર, પરિગ્રહ રહિત અને કળાકારો અગણિત છે; પરંતુ શુદ્ધ ચિદ્રૂપમાં અનુરક્ત કોઈક જ ભાગ્યે જ હોય છે. ૧.

**ये चैत्यालयचैत्यदानमहसद्‌यात्रा कृतौ कौशला**
**नानाशास्त्रविदः परीषहसहा रक्ताः परोपकृतौ।**
**निःसंगाश्च तपस्विनोपि बहवस्ते संति ते दुर्लभा**
**रागद्वेषविमोहवर्जनपराश्चित्तत्त्वलीनाश्च ये॥२॥**

**મંદિર પ્રતિમા સ્થાપન તીરથ યાત્રા દાન પ્રવીણાજી,**
**ઘણા શાસ્ત્રના જ્ઞાતા પરિષહજય પરહિતમાં લીનાજી;**

**ઘણા દીસે નિઃસંગી તપસ્વી પણ કો વિરલ વિલીનાજી,**
**રાગ-દ્વેષ વિમોહ વર્જને, નિજ ચિદ્રૂપ તલ્લીનાજી. ૨.**

**અર્થ** :—જેઓ દેવ મંદિર, પ્રતિમા, દાન, ઉત્સવ, તીર્થયાત્રા આદિ કાર્યોમાં પ્રવીણ છે, અનેક શાસ્ત્રોના જાણકાર છે, પરિષહ સહન કરવામાં સમર્થ છે, પરોપકારના કામમાં રત છે, પરિગ્રહ રહિત છે અને તપસ્વીઓ પણ છે એવા ઘણા છે અને જે રાગ-દ્વેષ-મોહને તજવામાં કુશળ થયેલા તેમ જ આત્મતત્ત્વમાં લીન તે દુર્લભ છે. ૨.

**गणकचिकित्सकतार्किकपौराणिकवास्तु शब्दशास्त्रज्ञाः।**
**संगीतादिषु निपुणाः सुलभा न हि तत्त्ववेत्तारः॥३॥**
**सुरूपबललावण्यधनापत्यगुणान्विताः।**
**गांभीर्यधैर्यधौरेयाः संत्यसंख्या न चिद्रताः॥४॥**

**જ્યોતિષી, વૈદ્યક, ન્યાય, પુરાણો, શબ્દશાસ્ત્ર વિખ્યાતાજી,**
**સંગીત કે વિજ્ઞાન નિપુણ બહુ, વિરલ તત્ત્વના જ્ઞાતાજી. ૩.**

**સુંદર રૂપ લાવણ્ય કનક બલ અપત્ય ગુણગણયુક્તાજી,**
**ધીર વીર ગંભીર ઘણાયે, પણ નહિ ચિદ્રૂપ રક્તાજી. ૪.**

**અર્થ** :—ગણિતશાસ્ત્રી, જ્યોતિષી, વૈદ્ય, નૈયાયિક, પુરાણોના જ્ઞાતા, વાસ્તુશાસ્ત્રના જ્ઞાતા (ઈજનેર), વ્યાકરણ શાસ્ત્રના જાણનાર, સંગીત આદિમાં નિપુણ મળવા સહેલા છે, પરંતુ તત્ત્વને જાણનારા મળવા સહેલા નથી. ૩.

સારું રૂપ, બળ, લાવણ્ય, ધન, સંતાન, ગુણાદિથી યુક્ત, ગાંભીર્ય અને ધૈર્યના ધારક, અસંખ્ય છે પણ આત્મસ્વરૂપમાં રક્ત ઘણા નથી. ૪.

**जलद्यूतवनस्त्रीवियुद्धगोलकगीतिषु।**
**क्रीडंतोऽत्र विलोक्यंते घनाः कोऽपि चिदात्मनि॥५॥**

सिंहसर्पगजव्याघ्राहितादीनां वशीकृतौ।
रताः संत्यत्र बहवो न ध्याने स्वचिदात्मनः।।६।।

**જલ વન વનિતા દ્યુત પંખી કે યુદ્ધકળા સંગીતેજી;**
**દીસે ઘણા રમતા પણ વિરલા ચિદ્રૂપમાં દ્રઢ પ્રીતેજી,**
**સિંહ સર્પ ગજ વ્યાઘ્ર અહિતકર અરિ વશ કરવા વર્તેજી,**
**બહુ અહા! અહીં પણ નિજ ચિદ્રૂપ-ધ્યાને વિરલ પ્રવર્તેજી. ૫-૬.**

**અર્થ** :—જળ, જુગાર, વન, સ્ત્રી, પક્ષી, યુદ્ધ, ગોળીથી નિશાન વિંધવાની વિદ્યા અને સંગીતમાં ઘણા આ જગતમાં રમતા દેખાય છે, પરંતુ ચૈતન્યમય આત્મામાં રમતા કોઈક જ છે. ૫.

અહીં સિંહ, સર્પ, હાથી, વાઘ, શત્રુ આદિને વશ કરવામાં રક્ત ઘણા છે, (પણ) ચિદાત્માના ધ્યાનમાં રક્ત નથી. ૬.

जलाग्निरोगराजाहिचौरशत्रुनभस्वतां।
दृश्यंते स्तंभने शक्ताः नान्यस्य स्वात्मचिंतया।।७।।

प्रतिक्षणं प्रकुर्वंति चिंतनं परवस्तुनः।
सर्वे व्यामोहिता जीवाः कदा कोऽपि चिदात्मनः।।८।।

**અગ્નિ રોગ જલ નૃપ અરિ વાયુ ચોર થંભવા શૂરાજી;**
**બહુ અહા! પણ આત્મધ્યાનથી કર્મ ન કરતા ચૂરાજી.**
**મોહવશે નિજ ભાન ભૂલેલા, ક્ષણક્ષણ ચિંતન કરતાજી;**
**સર્વ અન્ય વસ્તુનું, વિરલ કો, નિજ ચિંતન મન ધરતાજી. ૭-૮.**

**અર્થ** :—(જીવો) જળ, અગ્નિ, રોગ, રાજા, સર્પ, ચોર, શત્રુ અને પવનને રોકવામાં સમર્થ જણાય છે, (પણ) સ્વાત્મધ્યાનથી પરને (કર્મને) રોકવામાં સમર્થ જણાતા નથી. ૭.

સર્વે વ્યામોહ પામેલા જીવો પરવસ્તુના ચિંતનને ક્ષણે ક્ષણે કરે છે, પરંતુ ચિદાત્માનું ચિંતન કોઈ વાર કોઈક જ કરે છે. ૮.

दृश्यंते बहवो लोके नानागुणविभूषिताः।
विरलाः शुद्धचिद्रूपे स्नेहयुक्ता व्रतान्विताः॥९॥

**દીસે જગતમાં બહુજન નાના ગુણગણ ભૂષિત આજેજી,**
**પણ નિર્મલ ચિદ્રૂપમાં પ્રેમી, વ્રતયુત વિરલ વિરાજેજી. ૯.**

**અર્થ** :—લોકમાં અનેક પ્રકારના ગુણોથી શોભતા ઘણા દેખાય છે પણ શુદ્ધ આત્મસ્વરૂપમાં પ્રીતિવાળા, વ્રતવાળા સંયમીઓ વિરલા જ દેખાય છે. ૯.

एकेन्द्रियादसंज्ञाख्यापूर्णपर्यंतदेहिनः।
अनंतानंतमाः संति तेषु न कोऽपि तादृशः॥१०॥
पंचाक्षिसंज्ञिपूर्णेषु केचिदासन्नभव्यतां।
नृत्वं चालभ्य तादृक्षा भवंत्यार्याः सुबुद्धयः॥११॥

**એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યંતાજી;**
**જીવ અનંતાનંત છતાં ના કોઈ સ્વરૂપ રુચિવંતાજી.**
**પંચેન્દ્રિય મનસહિત જીવોમાં નિકટભવી નરદેહેજી;**
**આર્ય કોઈ વિરલા સદ્‌બુદ્ધિ વર્તે ચિદ્‌રૂપ સ્નેહેજી. ૧૦-૧૧.**

**અર્થ** :—એકેન્દ્રિય જીવોથી માંડીને અસંજ્ઞિ (મનરહિત) નામથી ઓળખાતા પર્યાપ્ત જીવો સુધી અનંતાનંત છે, તેમાં તેવો (–આત્મ-રુચિવાળો) કોઈ પણ (જીવ) નથી. ૧૦.

મનવાળા પંચેન્દ્રિય પર્યાપ્ત જીવોમાં કેટલાક આસન્નભવ્યપણું (તરત મોક્ષ પામવાની યોગ્યતા) અને નરભવ ન પામીને તેવા (અયોગ્ય) છે. આર્ય, સમ્યક્, બુદ્ધિવાળા કોઈક જ તેવી યોગ્યતાવાળા થાય છે. ૧૧.

शुद्धचिद्रूपसंलीनाः सव्रता न कदाचन।
नरलोकबहिर्भागेऽसंख्यातद्वीपवार्धिषु॥१२॥

**અઢી દ્વીપ નર લોક મૂકીને દ્વીપ સમુદ્ર અગણિતાજી;**
**કદી કોઈ ત્યાં નિર્મલ ચિદ્રૂપ તલ્લીન નહિ વ્રત સહિતાજી. ૧૨.**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપમાં તલ્લીન વ્રતસહિત એવા જીવો મનુષ્યલોકથી બહારના ભાગમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં કદાપિ હોતા નથી. ૧૨.

अधोलोके न सर्वस्मिन्नूर्ध्वलोकेऽपि सर्वतः।
ते भवंति न ज्योतिष्के हा हा क्षेत्रस्वभावतः॥१३॥

**સર્વ ઊર્ધ્વ કે અધોલોકમાં કોઈ સ્થળે નહિ તેવાજી;**
**ક્ષેત્ર સ્વભાવે મળે ન હા! હા! જ્યોતિષ્કે પણ એવાજી. ૧૩.**

**અર્થ** :—અત્યંત ખેદની વાત છે કે ક્ષેત્રનો એવો જ સ્વભાવ હોવાથી સમસ્ત અધોલોકમાં અને સમસ્ત ઊર્ધ્વલોકમાં પણ તે (તેવી યોગ્યતાવાળા) નથી અને જ્યોતિષ લોકમાં (સૂર્ય, ચંદ્રાદિ છે તે ક્ષેત્રમાં) પણ તે હોતા નથી. ૧૩.

नरलोकेपि ये जाता नराः कर्मवशाद् घनाः।
भोगभूम्लेच्छखंडेषु ते भवंति न तादृशः॥१४॥

**નરલોકે પણ મ્લેચ્છ ખંડ કે જન્મ્યા ભોગભૂમિમાંજી;**
**કર્મવશે હા! ઘણા જીવો પણ કોઈ ન તેવા તેમાંજી. ૧૪.**

**અર્થ** :—મનુષ્ય લોકમાં પણ જે ઘણા મનુષ્યો કર્મવશે ભોગભૂમિ કે અનાર્ય ખંડોમાં જન્મ્યા છે, તે તેવા (આત્મલીનતાને યોગ્ય) હોતા નથી. ૧૪.

आर्यखंडभवाः केचिद् विरलाः संति तादृशाः।
अस्मिन् क्षेत्रे भवा द्वित्राः स्युरद्य न कदापि वा॥१५॥

**આર્યખંડ ઉત્પન્ન વિષે પણ તેવા વિરલ પ્રવર્તેજી;**
**આ ક્ષેત્રે આજે બે ત્રણ તો કદી કોઈના વર્તેજી. ૧૫.**

**અર્થ** :—આર્યખંડમાં જન્મેલા તેવા કોઈક વિરલ હોય છે. આ ભરતક્ષેત્રમાં જન્મેલા આજે બે કે ત્રણ હોય અથવા કદાચ ન પણ હોય. ૧૫.

अस्मिन् क्षेत्रेऽधुना संति विरला जैनपाक्षिकाः।
सम्यक्त्वसहितास्तत्र तत्राणुव्रतधारिणः ॥१६॥

महाव्रतधरा धीराः संति चात्यंतदुर्लभाः।
तत्त्वातत्त्वविदस्तेषु चिद्रक्तोऽत्यंतदुर्लभः ॥१७॥

**આ ક્ષેત્રે આજે છે કોઈક પાક્ષિક જૈનો વિરલાજી;**
**સદ્દષ્ટિ ત્યાં વિરલા, તેમાં અણુવ્રતધારી વિરલાજી. ૧૬.**

**તેમાં અતિ દુર્લભ તો મહાવ્રતધારી ધીર વિરક્તાજી;**
**દુર્લભ તત્ત્વાતત્ત્વ વિજ્ઞાની, અતિ દુર્લભ ચિદ્રક્તાજી. ૧૭.**

**અર્થ** :—આ ક્ષેત્રે હમણાં જૈનમાર્ગ સત્ય છે એવા નિશ્ચયપૂર્વક પક્ષ કરનાર થોડા છે, તેમાં સમ્યક્ત્વ સહિત થોડા છે, તેમાં ગૃહસ્થના અણુવ્રત ધારણ કરનારા થોડા છે, તેના કરતાં પણ મહાવ્રતને ધારણ કરનારા ધીર અત્યંત દુર્લભ છે, તેઓમાં પણ તત્ત્વ અને અતત્ત્વને જાણનાર બહુશ્રુત જ્ઞાની દુર્લભ છે, તેઓમાં પણ ચિદ્રૂપમાં રક્ત અત્યંત દુર્લભ છે. ૧૬-૧૭.

तपस्विपात्रविद्वत्सु गुणिसद्गतिगामिषु।
वंद्यस्तुत्येषु विज्ञेयः स एवोत्कृष्टतां गतः ॥१८॥

**સર્વ તપસ્વી પાત્ર વિબુધ કે સદ્ગુણી સદ્ગતિગામીજી;**
**વંદ્ય સ્તુત્ય સર્વેમાં જાણો શ્રેષ્ઠ એ જ ચિદ્રામીજી. ૧૮.**

**અર્થ** :—તપસ્વી, પાત્ર અને વિદ્વાનોમાં, ગુણવાન અને સદ્ગતિગામીઓમાં, વંદનીય અને સ્તુત્ય પુરુષોમાં તે જ ઉત્કૃષ્ટતા પામેલ જાણવા. ૧૮.

उत्सर्पिण्यवसर्पिणकालेऽनाद्यंतवर्जिते स्तोकाः।
चिद्रक्ता व्रतयुक्ता भवंति केचित्कदाचिच्च ॥१९॥

**ઉત્સર્પિણી અવસર્પિણી સર્વે કાળ અનાદિ અનંતાજી;**
**તેમાં અલ્પ કોઈ કદી થાતા ચિદ્રૂપરત વ્રતવંતાજી. ૧૯.**

**અર્થ** :—અનાદિ અનંત એવા ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં આત્મપ્રેમી અને વ્રત સહિત કોઈ જ કોઈ કાળમાં જ થોડા થાય છે. ૧૯.

मिथ्यात्वादिगुणस्थानचतुष्के संभवंति न।
शुद्धचिद्रूपके रक्ता व्रतिनोपि कदाचन॥२०॥

पंचमादिगुणस्थानदशके तादृशोंऽगिनः।
स्युरिति ज्ञानिना ज्ञेयं स्तोकजीवसमाश्रिते॥२१॥

**મિથ્યાત્વાદિ પ્રથમ ચાર ગુણસ્થાને જે જે વર્તેજી;**
**ત્યાં ન કદી તે ચિદ્રૂપ ધ્યાને કે વ્રતમાંહી પ્રવર્તેજી. ૨૦.**

**પંચમથી ગુણસ્થાન ચતુર્દશમાં વ્રત ધ્યાન વિરાજેજી;**
**જ્ઞાની જાણે અલ્પ જીવો તો તે ગુણસ્થાને રાજેજી. ૨૧.**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપમાં તલ્લીન અને વ્રત–સંયમવાળા એવા જીવો મિથ્યાત્વ આદિ ચાર ગુણસ્થાનમાં કદી પણ થવા સંભવતા નથી. ૨૦.

થોડા જીવ જેમાં વર્તે છે એવા પાંચમાથી ચૌદમા સુધીના દશ ગુણસ્થાનમાં તેવા જીવો હોય છે, એમ જ્ઞાનીઓએ જાણવા યોગ્ય છે. ૨૧.

दृश्यंते गंधनादावनुजसुतसुताभीरुपित्रंबिकासु
ग्रामे गेहे खभोगे नगनगरखगे वाहने राजकार्ये।
आहार्येऽगे वनादौ व्यसनकृषिमुखेकूपवापीतडागे
रक्ताश्चप्रेषणादौ यशसि पशुगणे शुद्धचिद्रूपके न॥२२॥


**દિસે રક્ત ઘણા જ્યાં જગમાં વિષય વાસના ગંધેજી,**
**લઘુ ભ્રાતા સુત સુતા વનિતા માતપિતા સંબંધેજી;**
**ગ્રામ ધામ ને ગગન વિહારે, પર્વ પક્ષી નગરેજી,**
**રાજકાર્ય વન વાહનમાં વળી ખાનપાન કે શરીરેજી;**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વ્યસન–રંગ વાણિજ્ય કૃષિ કે કૂવા વાવ તલાવેજી,
પશુ યશ રક્ષમાં રાચ્યા ત્યાં ચિદ્રૂપે ચિત્ત ન લાવેજી. ૨૨.

**અર્થ** :—સુગંધી પદાર્થો આદિમાં, ભાઈ, પુત્ર, પુત્રી, સ્ત્રી, પિતા તથા માતામાં, ગામમાં, ઘરમાં, ઇન્દ્રિયના વિષયભોગમાં, પર્વત, નગર, પક્ષીમાં, વાહનમાં, રાજ્યના કામમાં, ખાનપાન આદિ પદાર્થોમાં, શરીરમાં, વન આદિમાં, વ્યસન, ખેતી આદિમાં, કૂવા–વાવ–તળાવમાં, ધંધામાં, દલાલીમાં, યશમાં અને પશુના સમૂહમાં જીવો રાચી રહેલા દેખાય છે પણ શુદ્ધ આત્મસ્વરૂપમાં રક્ત દેખાતા નથી. ૨૨.



સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ૧૨ મો

## [ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિનું અસાધારણ કારણ રત્નત્રય ]

रत्नत्रयोपलंभेन विना शुद्धचिदात्मनः।
प्रादुर्भावो न कस्यापि श्रूयते हि जिनागमे॥१॥

**રત્નત્રયની પ્રાપ્તિ વિના તો કોઈને તત્ત્વ અનૂપ;**
**પ્રગટ થયું સુણ્યું નહિ જિનશાસ્ત્રે શુદ્ધ ચિદાત્મસ્વરૂપ રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧.**

**અર્થ** :—રત્નત્રયની પ્રાપ્તિ વિના શુદ્ધ ચૈતન્યમય આત્માની પ્રગટતા કોઈને પણ થઈ નથી, એમ જિનશાસ્ત્રમાં સાંભળ્યું છે. ૧.

विना रत्नत्रयं शुद्धचिद्रूपं न प्रपन्नवान्।
कदापि कोऽपि केनापि प्रकारेण नरः क्वचित्॥२॥

**કોઈ પ્રકારે ક્યાંય કદાચિત્ પામ્યા નહિ નર કોય;**
**રત્નત્રય વિણ નિર્મળ નિજ ચિદ્-રૂપ પ્રગટ નહિ હોય.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૨.**

**અર્થ** :—કોઈ પણ કાળે, કોઈ પણ મનુષ્ય, ક્યાંય કોઈ પણ પ્રકારે, રત્નત્રય વગર શુદ્ધ ચિદ્રૂપને પામ્યો નથી. ૨.

रत्नत्रयाद्विना चिद्रूपोपलब्धिर्न जायते।
यथर्द्धिस्तपसः पुत्री पितुर्वृष्टिर्बलाहकात्॥३॥

**તાત વિના જેમ પુત્રી ન જન્મે, તપ વિણ જેમ ન ઋદ્ધિ;**
**મેઘ વિના વૃષ્ટિ ન, રત્નત્રય,-વિણ ચિદ્રૂપની લબ્ધિ રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૩.**

**અર્થ** :—જેમ તપ વિના ઋદ્ધિ પ્રગટતી નથી, પિતા વિના પુત્રી પ્રગટતી નથી અને વાદળાં વિના વરસાદ થતો નથી, તેમ રત્નત્રય વિના ચિદ્રૂપની પ્રાપ્તિ થતી નથી. ૩.

दर्शनज्ञानचारित्रस्वरूपात्मप्रवर्तनं।
युगपद् भण्यते रत्नत्रयं सर्वजिनेश्वरैः ।।४।।

**દર્શનજ્ઞાન ચારિત્રસ્વરૂપે આત્મા યુગપદ્ વર્તે;**
**આત્મપ્રવર્તન તે રત્નત્રય, જિનવર વચન પ્રવર્તેરે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૪.**

**અર્થ** :—દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપે આત્માનું એકસાથ જે પ્રવર્તન તેને સર્વ જિનેશ્વરો રત્નત્રય કહે છે. ૪.

निश्चयव्यवहाराभ्यां द्विधा तत्परिकीर्तितं।
सत्यस्मिन् व्यवहारे तन्निश्चयं प्रकटीभवेत्।।५।।

**નિશ્ચય ને વ્યવહાર રત્નત્રય, બે ભેદે એ ભાખ્યું,**
**એ વ્યવહાર હોય ત્યાં નિશ્ચય, પ્રગટે કારણ દાખ્યું રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૫.**

**અર્થ** :—તે રત્નત્રય નિશ્ચય અને વ્યવહાર એમ બે ભેદે વર્ણવ્યું છે. જ્યાં એ વ્યવહારરૂપ રત્નત્રય હોય ત્યાં તે નિશ્ચય રત્નત્રય પ્રગટ થાય છે. ૫.

श्रद्धानं दर्शनं सप्ततत्त्वानां व्यवहारतः।
अष्टांगं त्रिविधं प्रोक्तं तदौपशमिकादितः।।६।।

**સાત તત્ત્વની શ્રદ્ધા જાણો, સદ્દર્શન વ્યવહારે;**
**આઠ અંગયુત ને વળી ઉપશમ આદિ ત્રણ પ્રકારે રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૬.**

**અર્થ** :—સાત તત્ત્વોની શ્રદ્ધાને વ્યવહારથી દર્શન કહ્યું છે, તે આઠ અંગયુક્ત છે. તેને ઉપશમ આદિ ભેદથી ત્રણ પ્રકારનું કહ્યું છે. ૬.

सता वस्तूनि सर्वाणि स्याच्छब्देन वचांसि च।
चिता जगति व्याप्तानि पश्यन् सद्दृष्टिरुच्यते॥७॥

**સત્ રૂપે વસ્તુ સૌ શ્રદ્ધે, સ્યાદ્વાદે સૌ વાણી;**
**જ્ઞાનદષ્ટિથી જગ સૌ જોતાં, તે સદ્દષ્ટિ જ્ઞાની રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૭.**

**અર્થ** :—સર્વ વસ્તુઓને અસ્તિત્વ સ્વરૂપે જોતાં–શ્રદ્ધતા અને (તેના વાચક) વચનોને સ્યાદ્વાદ એટલે અનેકાંતદૃષ્ટિએ (અને) જગતમાં વ્યાપેલ સર્વ પદાર્થોને જ્ઞાનદૃષ્ટિએ જોનાર સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. ૭.

स्वकीये शुद्धचिद्रूपे रुचिर्या निश्चयेन तत्।
सद्दर्शनं मतं तज्ज्ञैः कर्मेंधनहुताशनं॥८॥

**સહજ આત્મ નિજ રૂપ વિષે જે, રુચિ તે સદ્દર્શનને;**
**નિશ્ચયથી જ્ઞાનીઓ માને, બાળે કર્મ ઇંધનને રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૮.**

**અર્થ** :—પોતાના શુદ્ધ ચિદ્રૂપમાં જે રુચિ તેને તેના જાણનારા જ્ઞાનીઓ નિશ્ચયથી કર્મરૂપ ઈંધનને બાળનાર અગ્નિ સમાન સમ્યગ્દર્શન કહે છે. ૮.

यदि शुद्धं चिद्रूपं निजं समस्तं त्रिकालगं युगपत्।
जानन् पश्यन् पश्यति तदा स जीवः सुदृक् तत्त्वात्॥९॥

**ત્રણે કાલવર્તી નિજ ચિદ્રૂપ શુદ્ધ સર્વ એક સાથે;**
**જાણે દેખે જે શ્રદ્ધે તે સદ્દષ્ટિ પરમાર્થે રે;**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૯.**

**અર્થ** :—જ્યારે પોતાનાં ત્રિકાળવર્તી શુદ્ધ ચિદ્રૂપને એકસાથે જાણતાં, દેખતાં જુએ છે–શ્રદ્ધે છે ત્યારે તે જીવ પરમાર્થે સમ્યગ્દષ્ટિ છે. ૯.

ज्ञात्वाष्टांगानि तस्यापि भाषितानि जिनागमे।
तैरमा धार्यते तद्धि मुक्तिसौख्याभिलाषिणा ।।१०।।

**સદ્દર્શનનાં આઠ અંગ જે જિન શાસ્ત્રો વિસ્તરતાં,**
**મુક્તિ–સુખ–વાંછક તે જાણી, દર્શન તે યુત ધરતા રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૦.**

**અર્થ** :—જિનાગમમાં કહેલાં સમ્યગ્દર્શનના આઠ અંગોને જાણીને મોક્ષ સુખના અભિલાષીએ તે સમ્યગ્દર્શનને તે અંગો સાથે ધારણ કરવું. ૧૦.

अष्टधाचारसंयुक्तं ज्ञानमुक्तं जिनेशिना।
व्यवहारनयात् सर्वतत्त्वोद्भासो भवेद् यतः ।।११।।

स्वस्वरूपपरिज्ञानं तज्ज्ञानं निश्चयाद् वरं।
कर्मरेणूच्चये वातं हेतुं विद्धि शिवश्रियः ।।१२।।

**અષ્ટવિધ આચાર સહિત જે જ્ઞાન જિનેન્દ્ર વખાણે,**
**તે વ્યવહારનયે, જીવ તેથી, સર્વ તત્ત્વને જાણે રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૧.**

**સ્વસ્વરૂપનું જ્ઞાન યથાતથ્ય, તે નિશ્ચયે વર જ્ઞાન;**
**પવન કર્મ–રજ દૂર કરવા તે, મુક્તિલક્ષ્મી નિદાન રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૨.**

**અર્થ** :—જિનેન્દ્રદેવે વ્યવહારનયથી આઠ પ્રકારના આચાર સહિત જ્ઞાનનું કથન કર્યું છે, જેનાથી સર્વ તત્ત્વનું જ્ઞાન થાય છે. ૧૧.

પોતાના સ્વરૂપનું જ્ઞાન તે (જ્ઞાન) નિશ્ચયથી શ્રેષ્ઠ છે.

(તેને) તું કર્મરજને ઉડાડવા માટે પવન સમાન મોક્ષલક્ષ્મીનું કારણ જાણ. ૧૨.

यदि चिद्रूपेऽनुभवो मोहाभावे निजे भवेत्तत्वात्।
तत्परमज्ञानं स्याद् बहिरंतरसंगमुक्तस्य ॥१३॥

**બહિરંતર સૌ સંગ ત્યાગીને મોહક્ષયે જ્યાં થાયે,**
**નિજ ચિદ્રૂપ અનુભવ નિશ્ચે, પરમ જ્ઞાન કહેવાયે રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૩.**

**અર્થ** :—બાહ્ય અને અંતરસંગથી રહિત પુરુષને જ્યારે મોહનો ક્ષય થાય (છે) ત્યારે પોતાના ચિદ્રૂપમાં અનુભવ થાય (છે) અને નિશ્ચયથી તે પરમજ્ઞાન થાય છે. ૧૩.

निर्वृत्तिर्यत्र सावद्यात् प्रवृत्तिः शुभकर्मसु।
त्रयोदशप्रकारं तच्चारित्रं व्यवहारतः ॥१४॥

**અશુભ કર્મથી જ્યાં નિવૃત્તિ શુભમાં પ્રવૃત્તિ ધારે;**
**તે ચારિત્ર કહ્યું વ્યવહારે, જ્ઞાનીએ તેર પ્રકારે રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૪.**

**અર્થ** :—જ્યાં પાપથી નિવૃત્તિ અને શુભ કર્મોમાં પ્રવૃત્તિ છે. તે તેર પ્રકારનું વ્યવહારથી ચારિત્ર છે. ૧૪.

मूलोत्तरगुणानां यत्पालनं मुक्तये मुनेः।
दृशा ज्ञानेन संयुक्तं तच्चारित्रं न चापरं ॥१५॥

**સમ્યગ્દર્શન જ્ઞાન સહિત જે, મૂલોત્તર ગુણ પાલે;**
**તે ચારિત્ર, અવર નહિ, મુનિને, મુક્તિશ્રી સુખ આલે રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૫.**

**અર્થ** :—જે દર્શન અને જ્ઞાનસહિત મૂળ અને ઉત્તર ગુણોનું પાલન છે, તે ચારિત્ર મુનિની મુક્તિનું કારણ છે પણ બીજું નહિ. ૧૫.

संगं मुक्त्वा जिनाकारं धृत्वा साम्यं दृशं धियं।
यः स्मरेत् शुद्धचिद्रूपं वृत्तं तस्य किलोत्तमं॥१६॥

**સંગ તજી જિનમુદ્રા ધારી, સમતા દર્શન જ્ઞાને;**
**ચિદ્રૂપ શુદ્ધ સ્મરે ત્યાં તેને, ચારિત્ર ઉત્તમ ધ્યાને રે,**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૬.**

**અર્થ** :—જે જીવ સંગ (પરિગ્રહ) છોડીને, વીતરાગ મુદ્રા ધારણ કરી, સમતાભાવ (ચારિત્ર), દર્શન, જ્ઞાન ધારણ કરીને શુદ્ધ ચિદ્રૂપનું ચિંતવન કરે છે તેનું ચારિત્ર ખરેખર ઉત્તમ છે. ૧૬.

ज्ञप्त्या दृष्ट्या युतं सम्यक् चारित्रं तन्निरुच्यते।
सतां सेव्यं जगत्पूज्यं स्वर्गादिसुखसाधनं॥१७॥

**દર્શન જ્ઞાન સંયુત તે સમ્યક્ ચારિત્ર જ્ઞાની વખાણે;**
**સેવ્ય સંતને જગત પૂજ્ય એ સ્વર્ગ મોક્ષ સુખ આણે રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૭.**

**અર્થ** :—જે જ્ઞાન અને દર્શન સહિત હોય તે સમ્યક્ચારિત્ર કહેવાય છે. તે સંતોએ સેવવા યોગ્ય, જગતમાં પૂજ્ય અને સ્વર્ગાદિ સુખનું સાધન છે. ૧૭.

शुद्धे स्वे चित्स्वरूपे या स्थितिरत्यंतनिश्चला।
तच्चारित्रं परं विद्धि निश्चयात् कर्मनाशकृत्॥१८॥

**નિજ સહજાત્મ સ્વરૂપે અતિ જે નિશ્ચલ સ્થિતિ પમાય;**
**નિશ્ચયથી ચારિત્ર પરમ તે કર્મનાશ ત્યાં થાય રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૧૮.**

**અર્થ** :—પોતાના સહજ ચૈતન્યસ્વરૂપમાં જે અત્યંત નિશ્ચળ સ્થિતિ, તેને નિશ્ચયનયથી શ્રેષ્ઠ ચારિત્ર, કર્મનો નાશ કરનાર તું જાણ. ૧૮.

यजि चिद्रूपे शुद्धे स्थितिर्निजे भवति दृष्टिबोधबलात्।
परद्रव्यास्मरणं शुद्धनयादंगिनो वृत्तं ॥१६॥

તત્ત્વદૃષ્ટિ ને બોધ બળે જો નિજ સહજાત્મસ્વરૂપે;
સ્થિતિ થાય, પરદ્રવ્ય સ્મરણ ના, નિશ્ચયે ચરણ અનૂપ રે.
ભવિકા રત્નત્રય આદરિયે. ૧૯.

**અર્થ** :—દર્શન અને જ્ઞાનના બળથી જ્યારે નિજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિ થાય છે, ત્યારે પરદ્રવ્યનું વિસ્મરણ તે શુદ્ધનયથી પ્રાણીને ચારિત્ર છે.

रत्नत्रयं किल ज्ञेयं व्यवहारं तु साधनं।
सद्भिश्च निश्चयं साध्यं मुनीनां सद्विभूषणं ॥२०॥

એ વ્યવહાર રત્નત્રય સાધન નિશ્ચયનું જન જાણો;
સાધ્ય સંતને નિશ્ચય તે તો મુનિનું ભૂષણ વખાણો રે.
ભવિકા રત્નત્રય આદરિયે. ૨૦.

**અર્થ** :—વ્યવહાર રત્નત્રય માત્ર સાધન અને મુનિઓનું સત્ વિભૂષણરૂપ નિશ્ચય તે સાધ્ય છે, એમ વિદ્વાનોએ જાણવું. ૨૦.

रत्नत्रयं परं ज्ञेयं व्यवहारं च निश्चयं।
निदानं शुद्धचिद्रूपस्वरूपात्मोपलब्धये ॥२१॥

આ વ્યવહાર નિશ્ચય રત્નત્રય પરમ હેતુરૂપ જાણે;
નિર્મલ ચિદ્રૂપ સ્વરૂપ પ્રગટવા, તે આત્મિક સુખ માણે રે.
ભવિકા રત્નત્રય આદરિયે. ૨૧.

**અર્થ** :—શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માની પ્રાપ્તિ માટે વ્યવહાર અને નિશ્ચય રત્નત્રયને શ્રેષ્ઠ કારણ જાણવું. ૨૧.


स्वशुद्धचिद्रूपपरोपलब्धि कस्यापि रत्नत्रयमंतरेण।
क्वचित्कदाचिन्न च निश्चयो दृढोऽस्ति चित्ते मम सर्वदैव ॥२२॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**નિજ સહજાત્મસ્વરૂપની પ્રાપ્તિ રત્નત્રય વિણ કદિયે,**
**થાય ન ક્યાંય કોઈને દ્રઢ એ નિશ્ચય મુજ હૃદયે રે.**
**ભવિકા રત્નત્રય આદરિયે. ૨૨.**

**અર્થ** :—તેથી મારા ચિત્તમાં સર્વદા દ્રઢ નિશ્ચય છે કે રત્નત્રય વિના કોઈને પણ ક્યાંય કદી પણ સ્વશુદ્ધ ચિદ્રૂપની સર્વોત્કૃષ્ટ પ્રાપ્તિ થતી નથી. ૨૨.



સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ૧૩ મો

[શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે વિશુદ્ધિની ઉપયોગિતા]

विशुद्धं वसनं श्लाघ्यं रत्नं रूप्यं च कांचनं।
भाजनं भवनं सर्वैर्यथा चिद्रूपकं तथा।।१।।

रागादिलक्षणः पुंसि संक्लेशोऽशुद्धता मता।
तन्नाशो येन चांशेन तेनांशेन विशुद्धता।।२।।

**વસ્ત્ર કનકભાજન ગૃહ રૂપું રત્ન શુદ્ધ તો જગ વખણાય;**
**ચિદ્રૂપ તેમ વિશુદ્ધ હોય તો જગમાં તે ઉત્કૃષ્ટ ગણાય.**
**રાગાદિક સંક્લેશ જીવમાં અશુદ્ધતા તે તો દેખાય;**
**જે અંશે તે નાશ થાય ત્યાં તે અંશે શુદ્ધિ લેખાય. ૧-૨**

**અર્થ** :—જેમ વસ્ત્ર, રત્ન, રૂપું, સોનું, વાસણ અને ઘર શુદ્ધ હોય તો સર્વજનો વડે વખણાય છે, તેમ સંપૂર્ણ શુદ્ધ ચિદ્રૂપ સર્વથી પ્રશંસાપાત્ર બને છે. ૧.

આત્મામાં રાગ, દ્વેષ આદિ લક્ષણવાળો સંક્લેશભાવ અશુદ્ધતા ગણાય છે. જેટલા અંશે તેનો નાશ તેટલા અંશે વિશુદ્ધતા પ્રગટે છે. ૨.

येनोपायेन संक्लेशश्चिद्रूपाद्याति वेगतः।
विशुद्धिरेति चिद्रूपे स विधेयो मुमुक्षुणा।।३।।

**જે ઉપાયથી ચિદ્રૂપમાંથી સત્વર એ સંક્લેશ પલાય;**
**ચિદ્રૂપ જેમ વિશુદ્ધિ પામે મુમુક્ષુ સાધે એ જ ઉપાય. ૩.**

**અર્થ** :—જે ઉપાય વડે આત્મામાંથી સંક્લેશ સત્વર જતો રહે, ચિદ્રૂપમાં વિશુદ્ધિ આવે તે ઉપાય મુમુક્ષુએ કર્તવ્ય છે. ૩.

सत्पूज्यानां स्तुतिनतियजनं षट्कर्मावश्यकानां
वृत्तादीनां दृढतरधरणं सत्तपस्तीर्थयात्रा।
संगादीनां त्यजनमजननं क्रोधमानादिकाना–
माप्तैरुक्तं वरतरकृपया सर्वमेतद्धि शुद्ध्यै।।४।।

**સ્તુતિ પ્રણતિ પૂજા સંતોની તપ તીરથ યાત્રા ઉલ્લાસ,**
**ષટ્ આવશ્યક નિત્ય કર્મ ને વૃત્ત આદિમાં દૃઢ અભ્યાસ;**
**ત્યાગ સકલ સંગાદિ તણો ને ક્રોધાદિક કષાય વિરામ,**
**પરમ કૃપા કરી આપ્તજનોએ શુદ્ધિ હેતુ એ કહ્યા તમામ. ૪.**

**અર્થ** :—સત્‌ના કારણે પૂજવાયોગ્ય સત્પુરુષોની સ્તુતિ, પ્રણામ, પૂજા, આવશ્યકોના ષટ્કને (છ આવશ્યકને), વૃત્ત આદિને દૃઢપણે ધારણ કરવા તે સત્ ને અર્થે તપ, તીર્થયાત્રા, સંગપ્રસંગ આદિ પરિગ્રહનો ત્યાગ, ક્રોધ, માનાદિ કષાયોનો અભાવ આ સર્વ શુદ્ધિને માટે કારણરૂપ આપ્ત પુરુષોએ પરમ કૃપા કરીને કહ્યું છે. ૪.

रागादिविक्रियां दृष्ट्वांगिनां क्षोभादि मा व्रज।
भवे तदितरं किं स्यात् स्वच्छं शिवपदं स्मर।।५।।

**હે! જીવ ક્ષોભ ધરીશ નહિ દેખી જીવોના રાગાદિ વિકાર;**
**ભવમાં એ વિણ હોય અવર શું? નિજનિર્મળ શિવપદ સંભાર. ૫.**

**અર્થ** :—જીવોની રાગાદિ વિક્રિયા જોઈને ક્ષોભ (અસ્વસ્થતા) ન કર. સંસારમાં તે સિવાય બીજું શું હોય? નિર્મળ મોક્ષપદને યાદ કર. ૫.

विपर्यस्तो मोहादहमिह विवेकेन रहितः
सरोगो निःस्वो वा विमतिरगुणः शक्तिविकलः।।
सदा दोषी निंद्योऽगुरुविधिरकर्मा हि वचनं
वदन्नंगी सोऽयं भवति भुवि वैशुद्ध्यसुखभाग्।।६।।

**મોહવશે વિપરીતમતિ હું, મળે ન મુજમાં કાંઈ વિવેક,**
**હું રોગી, નિર્ધન, મતિહીણો, બલવિહીન, સદ્‌ગુણ નહિ એક;**
**સદા દોષયુક્ત હીન આચારી, નિંદ્ય, પ્રમાદી, હું દીનમાત્ર,**
**એમ ભાવના ભાવે જગમાં, વિશુદ્ધિ સુખનો તે સત્પાત્ર. ૬.**

**અર્થ** :—હું સંસારમાં મોહથી વિપરીત મતિને પામેલો છું, વિવેકરહિત છું, ભવરોગયુક્ત છું, ધનરહિત છું, ચિદ્રૂપની પ્રાપ્તિ વગરનો છું અથવા વિપરીત બુદ્ધિવાળો છું, ગુણરહિત છું, શક્તિરહિત છું, સદા દોષવાળો, નિંદ્ય, તુચ્છ કાર્ય કરનારો, પ્રમાદી છું. આવી ભાવના કરનારો જીવ જગતમાં વિશુદ્ધિથી પ્રગટતા સુખનો ભાગી (પાત્ર) થાય છે. ૬.

राज्ञो ज्ञातेश्च दस्योर्ज्वलनजलरिपोरीतितो मृत्युरोगात्
दोषोद्‌भूतेरकीर्त्तेः सततमतिभयं रैनृगोमंदिरस्य।
चिंता तन्नाशशोको भवति च गृहीणां तेन तेषां विशुद्धं
चिद्रूपध्यानरत्नं श्रुतिजलधिभवं प्रायशो दुर्लभंस्यात्॥७॥

(સવૈયા)

**રાજા જ્ઞાતિ ચોર અગ્નિ જલ અરિ મૃત્યુ વ્યાધિ દુઃખદાય,**
**દોષજનિત અપયશ આદિથી ગ્હસ્થને ભય સતત સદાય;**
**જ્યાં પશુ નર ધન ધામની ચિંતા તેના નાશે શોક અપાર,**
**ત્યાં બોધાબ્ધિ જ શુદ્ધ રત્ન સમ ચિદ્રૂપધ્યાન સુલભ નહિ ધાર. ૭**

**અર્થ** :—ગૃહસ્થોને રાજા તરફથી, જ્ઞાતિ તરફથી તથા ચોરથી, અગ્નિ, પાણી અને શત્રુથી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડનો ઉપદ્રવ, ઉંદરનો ઉપદ્રવ, પોપટ આદિ પક્ષીઓનો ઉપદ્રવ, સ્વસૈન્યનો ઉપદ્રવ, પરસૈન્યનો ઉપદ્રવ વગેરેથી, મૃત્યુથી, રોગથી, દોષની ઉત્પત્તિથી, અપયશથી, નિરંતર અત્યંત ભય, ધન, મનુષ્ય, પશુ, મકાન આદિની ચિંતા તેના નાશમાં શોક થાય છે; તેથી તેમને શ્રુતસાગરમાંથી જન્મેલું, નિર્મળ આત્મધ્યાનરૂપ (વિશુદ્ધ) રત્ન ઘણું કરીને દુર્લભ હોય છે. ૭.

पठने गमने संगे चेतनेऽचेतनेऽपि च।
किंचित्कार्यकृतौ पुंसा चिंता हेया विशुद्धये।।८।।

**હે આત્મન્! જો વિશુદ્ધિ ચાહે તો ચિંતા તજ શીઘ્ર તમામ,**
**કરવા પઠન, ગમન, જડચેતન, સંગ પ્રસંગ કે કંઈ પણ કામ. ૮**

**અર્થ** :—મનુષ્યે વિશુદ્ધિની પ્રાપ્તિ માટે પઠનમાં, ગમનમાં, ચેતન–અચેતન સંગમાં તથા કંઈ પણ કાર્ય કરવામાં ચિંતા તજી દેવી જોઈએ. ૮.

शुद्धचिद्रूपकस्यांशो द्वादशांगश्रुतार्णवः।
शुद्धचिद्रूपके लब्धे तेन किं मे प्रयोजनं।।९।।

**બાર અંગ શ્રુતસાગર તે પણ નિર્મળ ચિદ્રૂપ અંશ ગણાય,**
**ચિદ્રૂપ શુદ્ધ મળ્યું ત્યાં મુજને, તે શ્રુતનું શું કામ જરાય? ૯.**

**અર્થ** :—બાર અંગરૂપ શ્રુતસમુદ્ર શુદ્ધ આત્માનો અંશ છે. જ્યાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ ત્યાં તેનું મારે શું કામ છે? ૯.

शुद्धचिद्रूपके लब्धे कर्तव्यं किंचिदस्ति न।
अन्यकार्यकृतौ चिंता वृथा मे मोहसंभवा।।१०।।

वपुषां कर्मणां कर्महेतूनां चिंतनं यदा।
तदा क्लेशो विशुद्धिः स्याच्छुद्धचिद्रूपचिंतनं।।११।।

**ચિદ્રૂપ શુદ્ધ મળ્યું ત્યાં મુજને કંઈ નહિ મુજ કર્તવ્ય ગણાય,**
**અન્ય કાર્ય કરવાની ચિંતા મોહજન્ય તે વ્યર્થ મનાય;**
**શરીર કર્મ કે કર્મહેતુનું ચિંતન ત્યાં છે ક્લેશ નિવાસ,**
**નિર્મલ ચિદ્રૂપનું ચિંતન ત્યાં વિશુદ્ધિ પ્રગટે આત્મિક ખાસ. ૧૦-૧૧.**

**અર્થ** :—શુદ્ધ આત્માની પ્રાપ્તિ થતાં કંઈ કરવાનું છે નહિ. અન્ય કાર્ય કરવાની ચિંતા મોહજન્ય છે, તેથી મારે તે કરવી નકામી છે. ૧૦.

જ્યારે શરીરનું, કર્મનું, કર્મના કારણોનું ચિંતન હોય છે, ત્યારે ક્લેશ થાય છે અને જ્યારે શુદ્ધ આત્માનું ચિંતન થાય છે, ત્યારે વિશુદ્ધિ થાય છે. ૧૧.

गृही यतिर्न यो वेत्ति शुद्धचिद्रूप लक्षणं।
तस्य पंचनमस्कारप्रमुखस्मरणं वरं॥१२॥

**ગૃહસ્થ કે મુનિ જો જાણે નહિ નિર્મલ ચિદ્રૂપ લક્ષણ સાર,**
**પંચ નમસ્કૃતિ આદિ તેને સ્મરણ શ્રેષ્ઠ તો ગણ્યું હિતકાર. ૧૨.**

**અર્થ** :—જે ગૃહસ્થ કે મુનિ શુદ્ધ ચિદ્રૂપનું લક્ષણ જાણતા નથી, તેને પંચનમસ્કાર આદિનું સ્મરણ શ્રેષ્ઠ છે. ૧૨.

संक्लेशस्य विशुद्धेश्च फलं ज्ञात्वा परीक्षणं।
तं त्यतेत्तां भजत्यंगी योऽत्रामुत्र सुखी स हि॥१३॥

**આ સંક્લેશ અને શુદ્ધિફળ જાણે કરી પરીક્ષા સાર,**
**તજી સંક્લેશ વિશુદ્ધિ ભજે તે ઉભય લોકમાં સુખ અપાર. ૧૩.**

**અર્થ** :—જે જીવ સંક્લેશ અને વિશુદ્ધિનું ફળ પરીક્ષાપૂર્વક જાણીને સંક્લેશને તજે છે અને વિશુદ્ધિને ભજે છે, તે (જીવ) આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય છે. ૧૩.

संक्लेशे कर्मणां बंधोऽशुभानां दुःखदायिनां।
विशुद्धौ मोचनं तेषां बंधो वा शुभकर्मणां॥१४॥

**અશુભકર્મ અતિશય દુઃખદાયી બાંધે જ્યાં સંક્લેશ ભજાય;**
**વિશુદ્ધિ ભજતાં કર્મ છૂટે સૌ અથવા માત્ર શુભ બંધાય. ૧૪.**

**અર્થ** :—સંક્લેશમાં દુઃખદાયક અશુભકર્મનો બંધ થાય છે, વિશુદ્ધિમાં તે કર્મનું છૂટવું થાય છે અથવા શુભકર્મનો બંધ થાય છે. ૧૪.

विशुद्धेः शुद्धचिद्रूपसद्ध्यानं मुख्यकारणं।
संक्लेशस्तद्विघाताय जिनेनेदं निरूपितं॥१५॥

**ઉત્તમ ધ્યાન વિમલ ચિદ્રૂપનું, વિશુદ્ધિનું એ કારણ મુખ્ય,**
**તેના ઘાત બને સંક્લેશે, ભાખે એમ જિનેન્દ્ર પ્રમુખ. ૧૫.**

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપનું ઉત્તમધ્યાન વિશુદ્ધિનું મુખ્ય કારણ છે તેના ઘાત માટે સંક્લેશ કારણ થાય છે, જિન ભગવાને આમ કહ્યું છે. ૧૫.

**अमृतं च विशुद्धिः स्यान्नान्यल्लोकप्रभाषितं।**
**अत्यंतसेवने कष्टमन्यस्यास्य परं सुखं।।१६।।**

**લોક કહે અમૃત તે તો નહિ, વિશુદ્ધિ એ અમૃત પ્રધાન,**
**લૌકિક અતિ સેવન દુઃખદાયી, વિશુદ્ધિ અમૃત સુખદ મહાન. ૧૬.**

**અર્થ** :—લોકમાં જે અમૃત કહેવાય છે તે કોઈ અમૃત નથી, આત્મવિશુદ્ધિ જ અમૃત છે. અન્ય (અમૃત)ના અત્યંત સેવનમાં કષ્ટ થાય છે, જ્યારે આ વિશુદ્ધિના સેવનથી પરમ સુખ થાય છે. ૧૬.

**विशुद्धिसेवनासक्ता वसंति गिरिगह्वरे।**
**विमुच्यानुपमं राज्यं खसुखानि धनानि च।।१७।।**

**અનુપમ રાજ્ય વિષય સુખ વૈભવ ધન આદિ તજી થયા વિરક્ત,**
**ગિરિ ગુફામાં જઈ તે વસતા, વિશુદ્ધિ સેવનમાં આસક્ત. ૧૭.**

**અર્થ** :—વિશુદ્ધિના સેવનમાં આસક્ત થયેલા જીવો અનુપમ રાજ્ય, ઈન્દ્રિય સુખ તથા ધન તજીને પર્વતની ગુફાઓમાં વસે છે. ૧૭.

**विशुद्धेश्चित्स्वरूपे स्यात् स्थितिस्तस्या विशुद्धता।**
**तयोरन्योन्यहेतुत्वमनुभूय प्रतीयतां।।१८।।**

**विशुद्धिः परमो धर्मः पुंसि सैव सुखाकरः।**
**परमाचरण सैव मुक्तेः पंथाश्च सैव हि।।१९।।**

**વિશુદ્ધિથી ચિદ્રૂપમાં સ્થિરતા સ્થિરતાથી વળી શુદ્ધિ સધાય,**
**એમ પરસ્પર કારણતાનો અનુભવ કરી ધર શ્રદ્ધામાંય. ૧૮.**

**અહો! વિશુદ્ધિ પરમધર્મ છે, એ જ જીવોને સૌખ્ય–નિધાન,**
**પરમ આચરણ પણ એ જાણો, મુક્તિમાર્ગ પણ એ જ પ્રધાન. ૧૯.**

**અર્થ** :—વિશુદ્ધિથી આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે અને તેનાથી (આત્મસ્થિરતાથી) વિશુદ્ધતા થાય છે. આમ તે બન્ને એક બીજાનું કારણપણું અનુભવ કરીને શ્રદ્ધો. ૧૮.

વિશુદ્ધિ પરમધર્મ છે, તે જ મનુષ્યને સુખની ખાણ છે, તે જ સર્વોત્તમ આચરણ છે અને તે જ મોક્ષનો માર્ગ છે. ૧૯.

तस्मात् सैव विधातव्या प्रयत्नेन मनीषिणा।
प्रतिक्षणं मुनीशेन शुद्धचिद्रूपचिंतनात्।।२०।।

**તેથી મુનિવર અતિ મતિવંતા, સેવો એ જ કરી પુરુષાર્થ,**
**ક્ષણ ક્ષણ ચિંતન નિર્મળ ચિદ્રૂપનું કરીને સાધો પરમાર્થ. ૨૦.**

**અર્થ** :—તેથી વિદ્વાન મુનિવરે દરેક ક્ષણે શુદ્ધ આત્માના ચિંતનથી પ્રયત્નપૂર્વક તે વિશુદ્ધતા જ કરવાયોગ્ય છે. ૨૦.

यावद्बाह्यांतरान् संगान् न मुंचंति मुनीश्वराः।
तावदायाति नो तेषां चित्स्वरूपे विशुद्धता।।२१।।

**મુનીશ્વરો ત્યાગે નહિ જ્યાં સુધી બાહ્ય અને અંતર સૌ સંગ,**
**ત્યાં સુધી પામે નહિ તેઓ, ચિદ્રૂપમાં વિશુદ્ધિ પ્રસંગ. ૨૧.**

**અર્થ** :—જ્યાં સુધી મુનીશ્વરો બાહ્ય અને અંતર સંગ (પરિગ્રહ)નો ત્યાગ કરતા નથી, ત્યાં સુધી તેમને આત્મસ્વરૂપમાં વિશુદ્ધતા આવતી નથી. ૨૧.

विशुद्धिनावमेवात्र श्रयंतु भवसागरे।
मज्जंतो निखिला भव्या बहुना भाषितेन किं।।२२।।

**ભવસાગરમાં ડૂબકાં ખાતા સર્વ ભવ્ય, આ બચવા દાવ,**
**ઘણું કહ્યું શું? ભજો નિરંતર સત્વર આ વિશુદ્ધિ નાવ. ૨૨.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અર્થ** :—ભવસાગરમાં ડૂબતા સર્વ ભવ્યજીવો વિશુદ્ધતારૂપ નૌકાનો જ અહીં આશ્રય લ્યો; અધિક કહેવાથી શું (લાભ)? ૨૨.

आदेशोऽयं सद्गुरूणां रहस्यं सिद्धांतानामेतदेवाखिलानां।
कर्तव्यानां मुख्यकर्तव्यमेतत्कार्या यत्स्वे चित्स्वरूपे विशुद्धिः ॥२३॥

**નિજ ચિદ્રૂપ વિશુદ્ધિ સાધો, સર્વ કાર્યમાં એ જ પ્રશસ્ય,**
**સદ્‌ગુરુનો આદેશ એ જ ને, એ જ સર્વ સિદ્ધાંત રહસ્ય. ૨૩.**

**અર્થ** :—આ સદ્‌ગુરુઓની આજ્ઞા છે, સમસ્ત સિદ્ધાંતોનો આ જ સાર છે, કર્તવ્યોમાં મુખ્ય કર્તવ્ય આ છે કે પોતાના ચિદ્રૂપ આત્મામાં વિશુદ્ધિ કરવી. ૨૩.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ૧૪ મો

[અન્ય કાર્યો કરવા છતાં પણ
શુદ્ધ ચિદ્રૂપના સ્મરણનો ઉપદેશ]

नीहाराहारपानं खमदनविजयं स्वापमौनासनं च
यानं शीलं तपांसि व्रतमपि कलयन्नागमं संयमं च।
दानं गानं जिनानां नुतिनतिजपनं मंदिरं चाभिषेकं
यात्रार्चे मूर्तिमेवं कलयति सुमतिः शुद्धचिद्रूपकोऽहं॥१॥

(ઝૂલણા)

**જ્યાં મતિમાન આહાર નીહારમાં,**
**વિષય–કામાદિ–જયમાં પ્રવર્તે,**
**શયન આસન ગમન મૌન તપ શીલ જપ,**
**શ્રુત વ્રત સંયમે સ્થિર વર્તે;**
**દાન જિન-સ્તવન વંદન અભિષેક કે,**
**મૂર્તિ મંદિર, પૂજા વગેરે,**
**જે કરે તે સદા પ્રેમથી પ્રથમ ત્યાં,**
**શુદ્ધ ચિદ્રૂપ હું સતત સમરે. ૧.**

**અર્થ** :—સમ્યગ્જ્ઞાની આહાર, નીહાર, પાન, ઈન્દ્રિય અને કામનો વિજય તથા નિદ્રા, મૌન, આસન વગેરે કરતાં, વાહન, શીલ, વ્રત, શાસ્ત્રસ્વાધ્યાય, સંયમ વગેરે કરતાં, દાન, ગાન, જિન ભગવાનની સ્તુતિ, નમસ્કાર, જાપ કરતાં, મંદિર–મૂર્તિની સ્થાપના, અભિષેક, યાત્રા, પૂજા કરતાં, પ્રતિષ્ઠા આદિ કરતાં—(દરેક કાર્ય કરતાં) હું શુદ્ધ ચિદ્રૂપ છું; એમ ભાવે છે. ૧.

कुर्वन् यात्रार्चनाद्यं खजयजपतपोऽध्यापनं साधुसेवां
दानौघान्योपकारं यमनियमधरं स्वापशीलं दधानः।
उद्धीभावं च मौनं व्रतसमितितितिं पालयन् संयमौघं
चिद्रूपध्यानरक्तो भवति च शिवभाग् नापरः स्वर्गभाक् च।।२।।

**સાધુસેવા કરે વિષયજય મન ધરે,**
**પૂજના પઠન પાઠન કરે ત્યાં,**
**દાન જપ શીલ તપ મૌન યાત્રા કરે,**
**ભય તજે વ્રત સમિતિ ધરે ત્યાં;**
**પરહિતે રક્ત યમ નિયમ સંયમ ધરે,**
**ત્યાં બધાં કાર્ય કરતાં યદિ તે,**
**રક્ત ચિદ્રૂપ ધ્યાને રહે તો વરે,**
**મુક્તિ, નહિ તો સુરાદિ ગતિ તે. ૨.**

**અર્થ** :—યાત્રા પૂજા આદિ કરતાં, ઇન્દ્રિયજય, તપ અને પાઠન કરતાં, સાધુસેવા, દાન અને અન્ય ઉપકાર કરતાં, યમ નિયમ ધરતાં, શીલ ધારણ કરતાં, નિર્ભયપણું, મૌન કે વ્રતસમિતિપણું ધારણ કરતાં, સંયમસમૂહનું પાલન કરતાં (આ બધા કાર્યો વખતે પણ) જે જીવ આત્મધ્યાનમાં રક્ત રહે છે તે મોક્ષનું પાત્ર બને છે, બીજો નહિ. (બીજો) સ્વર્ગની પ્રાપ્તિ કરે છે. ૨.

चित्तं निधाय चिद्रूपे कुर्याद् वागंगचेष्टितं।
सुधीर्निरंतरं कुंभे यथा पानीयहारिणी।।३।।

**ચિત્ત ચિદ્રૂપમાં સ્થાપી નિશદિન બધાં,**
**કાર્ય તન વચનથી સુજ્ઞ કરતા;**
**શીર્ષ પર કુંભમાં ચિત્ત પનિહારીનું**
**જેમ હસતાં, જતાં, વાત કરતાં. ૩.**

**અર્થ** :—જેમ પનિહારી ઘડામાં ચિત્ત રાખીને ગમન, વચનોચ્ચાર આદિ ક્રિયા કરે છે, તેમ સુજ્ઞજન નિરંતર આત્મામાં ચિત્ત સ્થાપીને વાણી અને શરીરની ક્રિયા કરે છે. ૩.

वैराग्यं त्रिविधं प्राप्य संगं हित्वा द्विधा ततः।
तत्त्वविद्गुरुमाश्रित्य ततः स्वीकृत्य संयमं॥४॥

अधीत्य सर्वशास्त्राणि निर्जने निरुपद्रवे।
स्थाने स्थित्वा विमुच्यान्यचिंतां धृत्वा शुभासनं॥५॥

पदस्थादिकमभ्यस्य कृत्वा साम्यावलंबनं।
मानसं निश्चलीकृत्य स्वं चिद्रूपं स्मरंति ये॥६॥त्रिकलं॥

पापानि प्रलयं यांति तेषामभ्युदयप्रदः।
धर्मो विवर्द्धते मुक्तिप्रदो धर्मश्च जायते॥७॥

પામી વૈરાગ્ય મન વચનને કાયથી,
બાહ્ય અંતર તજી સંગ જ્યારે,
તત્ત્વજ્ઞાની ગુરુના શરણમાં જઈ,
સંયમાદિ સ્વહિતને સ્વીકારે. ૪.

સર્વ શાસ્ત્રો ભણી, નિરુપદ્રવ નિર્જને,
સ્થાનમાં સ્થિરતાને કરીને,
અન્ય ચિંતા તજી દ્રઢ શુભાસન ધરી,
ધ્યાન ઉત્તમ પદસ્થાદિ ધરીને; ૫.

સામ્ય અવલંબને અચલ મનને કરી,
જે સ્મરે નિજ ચિદ્રૂપ તેને,
પાપક્ષય થાય ને અભ્યુદય ધર્મની
વૃદ્ધિ, વળી મુક્તિપ્રદ ધર્મ જન્મે. ૬-૭.

**અર્થ** :—જે પુરુષો મન, વચન, કાયાથી ત્રણ પ્રકારે વૈરાગ્ય પામીને પછી બાહ્ય અને અંતર એમ બે પ્રકારના સંગને તજીને, તત્ત્વજ્ઞ સદ્ગુરુનું શરણ ગ્રહણ કરીને પછી સંયમ અંગીકાર કરી, સર્વ શાસ્ત્રોનું અધ્યયન કરીને, નિર્જન ઉપદ્રવરહિત સ્થાનમાં રહીને, ચિંતા ત્યજીને શુભ દ્રઢ આસન ધારણ કરી, પદસ્થ, પિંડસ્થ આદિ ધ્યાનનો અભ્યાસ કરીને, સમતાનું અવલંબન લઈને, મનને નિશ્ચળ કરીને પોતાના શુદ્ધ

આત્મ-સ્વરૂપને સ્મરે છે તેમનાં પાપનો નાશ થાય છે, સ્વર્ગ આદિ સંપત્તિ આપનાર ધર્મ વધે છે અને મુક્તિ આપનાર ધર્મ પ્રગટ થાય છે. ૪-૫-૬-૭.

वार्वाताग्न्यमृतोषवज्रगरुडज्ञानौषधेभारिणा
सूर्येण प्रियभाषितेन च यथा यांति क्षणेन क्षयं।
अग्न्यब्दागविषं मलागफणिनोऽज्ञानं गदेभव्रजाः
रात्रिर्वैरमिहावनावघचयश्चिद्रूपसंचिंतया ॥८॥

**નષ્ટ ક્ષણમાં કરે જેમ જલ અનલને,**
**મેઘને પવન, અગ્નિ તરુને,**
**વેરને પ્રિયભાષણ, સુધા વિષને,**
**સર્પને ગરુડ કે વજ્ર ગિરિને;**
**જ્ઞાન અજ્ઞાનને, ઔષધિ રોગને,**
**રાત્રિને રવિ હણે, સિંહ ગજને,**
**તેમ ચિદ્રૂપ–ચિંતન અહા વિશ્વમાં!**
**ક્ષય કરે શીઘ્ર સૌ અઘસમૂહને. ૮.**

**અર્થ** :—જેમ આ પૃથ્વી ઉપર પાણી અગ્નિને, પવન મેઘને, અગ્નિ વૃક્ષને, અમૃત વિષને, સાબુ (ક્ષાર) મેલને, વજ્ર પર્વતને, ગરુડ સર્પને, જ્ઞાન અજ્ઞાનને, ઔષધ રોગને, સિંહ હાથીઓને, સૂર્ય રાત્રિને અને પ્રિયભાષણ વેરને એક ક્ષણમાં નષ્ટ કરી નાંખે છે તે પ્રમાણે આત્માના શાંત ચિંતવનથી પાપનો સંચય ક્ષણમાત્રમાં ક્ષય પામે છે.

वर्द्धंते च यथा मेघात्पूर्वं जाता महीरुहाः।
तथा चिद्रूपसद्ध्यानात् धर्मश्चाभ्युदयप्रदः ॥९॥

**તરુવરો પ્રથમથી હોય ઉગેલ તે**
**મેઘવૃષ્ટિ થતાં વૃદ્ધિ પામે,**
**તેમ ચિદ્રૂપ સદ્ધ્યાનથી ધર્મ જે**
**અભ્યુદયદાયી તે વૃદ્ધિ પામે. ૯.**

**અર્થ** :—જેમ પહેલાં ઉગેલાં વૃક્ષો મેઘવૃષ્ટિથી વધી જાય છે, તેમ શુદ્ધ આત્માના ધ્યાનથી કલ્યાણ આપનાર ધર્મ વૃદ્ધિ પામે છે. ૯.

यथा बलाहकवृष्टेर्जायंते हरितांकुराः।
तथा मुक्तिप्रदो धर्मः शुद्धचिद्रूपचिंतनात्॥१०॥

મેઘવૃષ્ટિ થતાં ભૂમિમાંથી યથા,
નવીન અંકુર બહુ ઉગી નીકળે,
શુદ્ધ ચિદ્રૂપ ચિંતન થકી ઉપજે,
મુક્તિપ્રદ ધર્મ ત્યમ ચિત્ત વિમલે. ૧૦.

**અર્થ** :—જેમ મેઘ વૃષ્ટિ થતાં (ભૂમિમાંથી) લીલા અંકુરો ઉગી નીકળે છે, તેમ શુદ્ધ આત્માના ચિંતવનથી મુક્તિ આપનાર ધર્મ પ્રગટ થાય છે. ૧૦.

व्रतानि शास्त्राणि तपांसि निर्जने निवासमंतर्बहिः संगमोचनं।
मौनं क्षमातापनयोगधारणं चिच्चिंतयामा कलयन् शिवं श्रयेत्॥११॥

શાસ્ત્ર વ્રત તપ ક્ષમા, વાસ નિર્જન સ્થળે,
બાહ્ય અંતર તજી સંગને જો;
મૌન આતાપના યોગ ધરતાં ય જો,
ચિંતવે સ્વરૂપમુક્તિ વરે તો. ૧૧.

**અર્થ** :—વ્રતો પાળતાં, શાસ્ત્રો વાંચતાં, તપ કરતાં, નિર્જન સ્થાનમાં વસતાં, અંતરંગ અને બાહ્ય સંગનો ત્યાગ કરતાં, મૌન પામતાં, ક્ષમા આતાપન યોગ ધારણ કરતાં, આત્મચિંતન સાથે આ બધાં કાર્યો કરવામાં આવતાં (જીવ) મોક્ષ પામે છે. ૧૧.

शुद्धचिद्रूपके रक्तः शरीरादिपराङ्मुखः।
राज्यं कुर्वन्न बंधेत कर्मणा भरतो यथा॥१२॥

દેહ ગેહાદિથી થઈ ઉદાસીન જે
શુદ્ધ ચિદ્રૂપમાં રક્ત નિત્યે,

તે ન કર્મોથી બંધાય ભરતાદિવત્
રાજ્ય કરતાંય નહિ લિપ્ત ચિત્તે. ૧૨.

**અર્થ** :—શરીરાદિથી ઉદાસીન, શુદ્ધાત્મામાં પ્રેમ કરનાર રાજ્ય કરતાં (છતાં) ભરત (ચક્રવર્તી)ની જેમ કર્મથી બંધાતો નથી. ૧૨.

स्मरन् स्वशुद्धचिद्रूपं कुर्यात्कार्यशतान्यपि।
तथापि न हि बध्यते धीमानशुभकर्मणा॥१३॥

શુદ્ધ ચિદ્રૂપ નિજ સ્મરણ કરતાં જતાં,
કાર્ય યદિ સેંકડો પણ કરાયે,
તોય નહિ અશુભ કર્મો તણો લેશ પણ,
સન્મતિમાનને બંધ થાયે. ૧૩.

**અર્થ** :—સમ્યગ્જ્ઞાની પોતાના શુદ્ધ આત્માને યાદ કરતાં સેંકડો કાર્યો કરે, તોપણ તે અશુભ કર્મથી બંધાય નહિ. ૧૩.

रोगेण पीडितो देही यष्टिमुष्ट्यादिताडितः।
बद्धो रज्ज्वादिभिर्दुःखी न चिद्रूपं निजं स्मरन्॥१४॥

बुभुक्षया च शीतेन वातेन च पिपासया।
आतपेन भवेन्नार्तो निजचिद्रूपचिंतनात्॥१५॥

હોય કદી રોગ પીડિત જીવ કે કદી,
યષ્ટિ મુષ્ટિ વડે કોઈ મારે,
બદ્ધ કદી રજ્જુ આદિથી પણ દુઃખી ન તે,
ભિન્ન ચિદ્રૂપ જે સ્મરણ ધારે. ૧૪.

તે ક્ષુધા કે તૃષાથી દુઃખી ના બને,
પવન કે શીત પીડે નહીં ત્યાં,
કદી આતપ વડે આર્ત પણ ના બને,
શુદ્ધ ચિદ્રૂપ નિજ ચિંતના જ્યાં. ૧૫.

**અર્થ** :—રોગથી પીડાયેલો, લાકડી મુષ્ટિ આદિ વડે પ્રહાર

કરાયેલો, દોરડા આદિથી બંધાયેલો (જીવ પણ) પોતાના આત્માનું સ્મરણ કરતાં દુઃખી થતો નથી. પોતાના આત્માના ચિંતનથી ક્ષુધા વડે, ઠંડીથી, તૃષાથી, તાપથી વ્યાકુળ ચિત્તવાળો જીવ પણ દુઃખી થતો નથી. ૧૪-૧૫.

हर्षो न जायते स्तुत्या विषादो न स्वनिंदया।
स्वकीयं शुद्धचिद्रूपमन्वहं स्मरतोऽगिनः ।।१६।।

લોક નિજ સ્તુતિ કરે, હર્ષ ના થાય ત્યાં,
ખેદ નહિ કોઈ નિંદા કરે ત્યાં,
શુદ્ધ ચિદ્રૂપ નિજ ભિન્ન એ સર્વથી,
એમ મતિમાન નિશદિન સ્મરે જ્યાં. ૧૬.

**અર્થ** :—પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પ્રતિદિન સ્મરતા જીવોને પોતાની પ્રશંસાથી હર્ષ થતો નથી, પોતાની નિંદાથી ખેદ થતો નથી. ૧૬.

रागद्वेषो न जायेते परद्रव्ये गतागते।
शुभाशुभेंऽगिनः शुद्धचिद्रूपासक्तचेतसः ।।१७।।

न संपदि प्रमोदः स्यात् शोको नापदि धीमतां।
अहो स्वित्सर्वदात्मीयशुद्धचिद्रूपचेतसां ।।१८।।

સર્વ પરદ્રવ્ય જે શુભ અશુભ કાંઈ પણ,
પ્રાપ્તિ અપ્રાપ્તિ તેની થતાં તો;
શુદ્ધ ચિદ્રૂપમાં ચિત્ત આસક્તને,
રાગ કે દ્વેષ નહિ જન્મતા જો. ૧૭.

અહો! સંપત્તિમાં હર્ષ જેને નહિ,
તેમ નહિ શોક આપત્તિમાંહી;
નિત્ય નિજ વિમલ ચિદ્રૂપમાં ચિત્ત તે,
સર્વ ધીમંત કૃતકૃત્ય ત્યાંહી. ૧૮.

**અર્થ** :—શુદ્ધ ચિદ્રૂપમાં જેમનું ચિત્ત આસક્ત છે એવા જીવોને

સારા કે ખરાબ પર દ્રવ્યના જવા–આવવાથી (સંયોગ કે વિયોગ થવાથી) રાગ-દ્વેષ થતા નથી. ૧૭.

પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં ચિત્તને સર્વદા એકાગ્ર કરનાર બુદ્ધિમાનોને અહો આશ્ચર્યની વાત છે, કે સંપત્તિમાં હર્ષ થતો નથી (કે) આપત્તિમાં શોક થતો નથી. ૧૮.

स्वकीयं शुद्धचिद्रूपं ये न मुंचंति सर्वदा।
गच्छंतोऽप्यन्यलोकं ते सम्यगभ्यासतो न हि।।१९।।

तथा कुरु सदाभ्यासं शुद्धचिद्रूपचिंतने।
संक्लेशे मरणे चापि तद्विनाशं यथैति न।।२०।।

જે જનો સ્વકીય ચિદ્રૂપ નિર્મલ કદી,
ના તજે પણ ભજે સર્વદા તે,
અચલ અભ્યાસ સમ્યક્ થકી ના છૂટે,
જાય પરલોકમાં પણ યદા તે.

શુદ્ધ ચિદ્રૂપ–ચિંતન વિષે સર્વદા,
તેથી અભ્યાસ એવો કરો કે;
દુઃખ સંક્લેશ કે મરણ પણ આવતાં,
તે ચળે ના અચળતા ધરો એ. ૧૯-૨૦.

**અર્થ** :—જે જીવો પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને હંમેશાં છોડતાં નથી, તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ ખરેખર છોડતા નથી. ૧૯.

શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરો કે સંક્લેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ. ૨૦.

वदन्नन्यैर्हसन् गच्छन् पाठयन्नागमं पठन्।
आसनं शयनं कुर्वन् शोचनं रोदनं भयं।।२१।।

भोजनं क्रोधलोभादि कुर्वन् कर्मवशात् सुधीः।
न मुंचति क्षणार्द्धं स शुद्धचिद्रूपचिंतनं॥२२॥

અન્યની સાથે કંઈ વાત કરતાં જતાં,
પઠન પાઠન તથા હાસ્ય કરતાં;
કર્મને વશ વળી ખાનપાનાદિ કે,
ક્રોધ લોભાદિ પરભાવ ભજતાં;
શુદ્ધ ચિદ્રૂપ–ચિંતન કદી પણ નહીં,
અર્ધ ક્ષણ માત્ર ધીમંત તજતા. ૨૧-૨૨.

**અર્થ** :—સમ્યક્જ્ઞાની બીજાઓ સાથે બોલતાં, હસતાં, જતાં, (બીજાઓને) શાસ્ત્ર ભણાવતાં કે ભણતાં, આસન શયન કરતાં, કર્મવશે શોક, રુદન, ભય, ભોજન કે ક્રોધ લોભાદિ કરતાં (છતાં પણ) શુદ્ધ ચિદ્રૂપનાં ચિંતનને તે અર્ધી ક્ષણ માટે પણ છોડતો નથી. ૨૧-૨૨.



# અધ્યાય ૧૫ મો

[ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે
પર દ્રવ્યોનાં ત્યાગનો ઉપદેશ ]

गृहं राज्यं मित्रं जनकअननीं भ्रातृपुत्रं कलत्रं
सुवर्णं रत्नं वा पुरजनपदं वाहनं भूषणं वै।
खसौख्यं क्रोधाद्यं वसनमशनं चित्तवाक्कायकर्म-
त्रिधा मुंचेत् प्राज्ञः शुभमपि निजं शुद्धचिद्रूपलब्ध्यै ।।१।।

(હરિગીત છંદ)

**ગૃહ રાજ્ય પુત્ર કલત્ર મિત્રો ભ્રાત માત પિતા ભલાં,**
**આહાર વાહન વસ્ત્રભૂષણ રત્ન પુરજન નિજ મળ્યાં;**
**ઇન્દ્રિય સુખ ક્રોધાદિ ભાવો વચન તન મનથી ત્રિધા,**
**તે સર્વ ચિદ્રૂપ પ્રાપ્તિ માટે પ્રાજ્ઞ ત્યાગે સર્વથા. ૧.**

**અર્થ** :—જ્ઞાની અનુકૂળ છતાં પોતાનાં ઘર, રાજ્ય, મિત્ર, પિતા માતા, ભાઈ, પુત્ર, સ્ત્રી, સુવર્ણ, રત્ન તથા નગર, દેશ, વાહન, ભૂષણ, ઈન્દ્રિયસુખ, ક્રોધાદિ કષાય ભાવ, વસ્ત્ર, ભોજનનો મન, વચન, કાયાએ કરી (ત્રણ પ્રકારે) શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે ત્યાગ કરે છે. ૧.

सुतादौ भार्यादौ वपुषि सदने पुस्तक धने
पुरादौ मंत्रादौ यशसि पठने राज्यकदने।
गवादौ भक्तादौ सुहृदि दिवि वाहे खविषये
कुधर्मे वांछा स्यात् सुरतरुमुखे मोहवशतः ।।२।।

**સ્ત્રી, પુત્ર પુત્રી શરીર પુસ્તક ધામ ધન આદિ વિષે,**
**પુર મંત્ર યશ પાઠન પઠન કે રાજ્ય વિગ્રહમાં દીસે;**

**આહાર વાહન મિત્ર સુર કે વિષયસુખ સુરદ્રુમમાં,**
**વાંછા થતી તે મોહવશથી, તેમ વળી કુધર્મમાં. ૨.**

**અર્થ** :—મોહને વશ થવાથી પુત્ર–પુત્રી આદિમાં, સ્ત્રી આદિમાં, શરીરમાં, મકાનમાં, પુસ્તકોના સમૂહમાં, નગર આદિમાં, મંત્ર આદિમાં, યશમાં, ભણવામાં, રાજ્યમાં, યુદ્ધમાં, ગાય–બળદ આદિ પશુમાં, ભોજન આદિમાં, મિત્રમાં, સ્વર્ગમાં, વાહનમાં, ઈન્દ્રિયના વિષયોમાં, મિથ્યાત્વયુક્ત કુધર્મમાં, કલ્પવૃક્ષ આદિમાં વાંછા થાય (છે). ૨.

**किं पर्यायैविभावैस्तव हि चिदचित्तां व्यंजनार्थाभिधानैः**
**रागद्वेषाप्तिबीजैर्जगति परिचितैः कारणैः संसृतेश्च।**
**मत्वैवं त्वं चिदात्मन् परिहर सततं चिंतनं मंक्षु तेषां**
**शुद्धे द्रव्ये चिति स्वे स्थितिमचलतयांतर्दृशा संविधेहि॥३॥**

**સૌ દ્રવ્ય ગુણ પર્યાય જડ ચેતનતણા વિભાવ જે,**
**રાગાદિને ભવહેતુનું શું કામ? જગ પરિચિત એ;**
**એ માન્ય કરી તજ શીઘ્ર ચિંતન રે! ચિદાત્મન્ ચિત્તથી!**
**નિજ શુદ્ધ ચિદ્દ્રવ્યે સ્થિતિ કર અચળ અંતરદ્રષ્ટિથી. ૩.**

**અર્થ** :—ચૈતન્ય અને જડના વ્યંજન અને અર્થ (પર્યાય) નામના અવસ્થાઓથી—(કે જે) રાગ-દ્વેષ થવાનાં મૂળ કારણો છે, એમનાથી જગતમાં ચિર પરિચિત અને સંસારના કારણરૂપ એવા વિભાવ પર્યાયોથી તારે શું પ્રયોજન છે? આમ જાણીને હે ચિદાત્મન્! તું તેમનું નિરંતર ચિંતન શીઘ્ર તજી દે. (અને) પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં અંતર્દષ્ટિથી અચળપણે સ્થિરતા ધારણ કર. ૩.

**स्वर्णैरत्नैर्गृहैः स्त्रीसुतरथशिविकाश्वेभमृत्यैरसंख्यै–**
**र्भूषावस्त्रैः स्त्रगाद्यैर्जनपदनगरैश्चाभरैः सिंहपीठैः।**
**छत्रैरस्त्रैर्विचित्रैर्वरतरशयनैर्माजनैर्भोजनैश्च**
**लब्धैः पांडित्यमुख्यैर्न भवति पुरुषो व्याकुलस्तीव्रमोहात्॥४॥**

**રથ અશ્વ ગજ કિંકર કનક, ગ્રહ રત્ન સ્ત્રી સુત શિબિકા,**
**ચામર સિંહાસન છત્ર ભૂષણ–વસ્ત્ર જનપદ નગરી વા;**
**સ્ત્રગ અસ્ત્ર સુંદર શયન ભોજન, વિદ્વતા, ફાંસી મહા,**
**ત્યાં પુરુષ વ્યાકુલ ના બને, શું તીવ્ર મોહ મહાત્મ્ય હા! ૪.**

**અર્થ** :—પુરુષ (જીવ) તીવ્ર મોહને કારણે સુવર્ણ, રત્નો, મકાનો, સ્ત્રી, પુત્ર, રથ, પાલખી, અશ્વ, ગજ, નોકરો, અસંખ્ય વસ્ત્રાભૂષણો, માળા આદિ દેશ, નગર આદિ, ચામરો, સિંહાસનો, છત્રો, વિધવિધ અસ્ત્રો, ઉત્તમ શયનો, ભોજનો, વાસણો તથા પાંડિત્ય વગેરેની પ્રાપ્તિ કરવામાં વ્યાકુળ થતો નથી. ૪.

रैगोभार्याः सुताश्वा गृहवसनरथाः क्षेत्रदासीभशिष्याः
कर्पूराभूषणाद्यापणवनशिबिका बंधुमित्रायुधाद्याः।
मंचा वाप्यादि भृत्यातपहरणखगाः सूर्यपात्रासनाद्याः
दुःखानां हेतवोऽमी कलयति विमतिः सौख्यहेतून् किलैतान्॥५॥

**ધન ધેનુ સ્ત્રીસુત અશ્વ ગૃહ રથ વસ્ત્ર દાસી શિષ્ય વા,**
**કર્પૂર ભૂષણ શિબિકા ઉદ્યાન આસન વ વાપિકા;**
**આયુધ છત્ર પલંગ ભાજન ભૃત્ય મિત્ર દુકાનને,**
**સુખહેતુ મૂઢ મતિ ગણે હા! સર્વ દુઃખ–નિદાનને. ૫.**

**અર્થ** :—ધન, સુવર્ણ, ગાય અને સ્ત્રી, પુત્ર, પુત્રી તથા અશ્વો, ગૃહ, વસ્ત્ર અને રથ, જમીન, દાસી, હાથી, શિષ્યો, કપૂર, ભૂષણ, દુકાન, વન, ઉપવન, પાલખી, ભાઈ, મિત્ર, આયુધાદિ, મંડપ–પલંગ, વાવ આદિ નોકર, છત્રી, છત્ર, પક્ષી, સૂર્ય, પાત્ર, આસન આદિ; આ (બધા) દુઃખોનાં કારણ છે (તોપણ) વિપરીત બુદ્ધિવાળો (અજ્ઞાની) એ સઘળાને ખરેખર સુખનાં કારણ માને છે. ૫.

हंस! स्मरसि द्रव्याणि पराणि प्रत्यहं यथा।
तथा चेत् शुद्धचिद्रूपं मुक्तिः किं ते न हस्तगा॥६॥

लोकस्य चात्मनो यत्नं रंजनाय करोति यत्।
तच्चेन्निराकुलत्वाय तर्हि दूरे न तत्पदं।।७।।

રે હંસ! પરદ્રવ્યો સ્મરે તું જેમ નિશદિન યત્નથી,
જો તેમ ચિદ્રૂપ શુદ્ધ સ્મર તો મુક્તિ દૂર શું હસ્તથી?
જે યત્ન નિજ પર રંજને કરતા સદા સર્વે જના,
તેવો નિરાકુલત્વ માટે જો કરે, પદ દૂર ના. ૬-૭.

**અર્થ** :—હે આત્મન્! જેમ તું પરદ્રવ્યોનું પ્રતિદિન સ્મરણ કરે છે, તેમ જો શુદ્ધ આત્મસ્વરૂપનું સ્મરણ કરે તો શું મોક્ષ તને હસ્તગત ન થાય? (અવશ્ય થાય.) ૬.

લોકના અને પોતાના રંજન માટે જે યત્ન કરે છે તેવો પ્રયત્ન જો નિરાકુળતા માટે કરે, તો તે મુક્તિ પદ દૂર રહે નહિ. ૭.

रंजने परिणामः स्याद् विभावो हि चिदात्मनि।
निराकुले स्वभावः स्यात् तं बिना नास्ति सत्सुखं।।८।।

संयोगविप्रयोगौ च रागद्वेषौ सुखासुखे।
तद्भवेऽत्रभवे नित्यं दृश्येते तद्भवं त्यज।।९।।

રંજન કરે ત્યાં, ચિદ્રૂપે પરિણામ થાય વિભાવનાં,
હોયે સ્વભાવ નિરાકુલત્વે નહીં સત્સુખ તે વિના,
સંયોગ ને વિયોગ સુખ દુઃખ, રાગદ્વેષ ભળાય જ્યાં,
નિશદિન આ ભવ પરભવે હા! ભવ હવે તું ત્યાગ ત્યાં. ૮–૯.

**અર્થ** :—રંજન કરવામાં આત્માના ભાવ થાય તે ચિદ્રૂપ આત્મામાં વિભાવ જ છે. નિરાકુળતામાં સ્વભાવ હોય (છે). તેના (સ્વભાવ) વિના સાચું સુખ નથી. ૮.

સંયોગ અને વિયોગ, રાગ અને દ્વેષ, સુખ તથા દુઃખ (ના દ્વંદ્વો) પરભવમાં અને આ ભવમાં સદા દેખવામાં આવે છે, માટે તું સંસારને તજી દે. ૯.

शास्त्राद् गुरोः सधर्मादेर्ज्ञानमुत्पाद्य चात्मनः।
तस्यावलंबनं कृत्वा तिष्ठ मुंचान्यसंगतिं ॥१०॥
अवश्यं च परद्रव्यं नश्यत्येव न संशयः।
तद्विनाशे विधातव्यो न शोको धीमता क्वचित् ॥११॥

**પ્રગટાવ આતમજ્ઞાન સદ્‌ગુરુ, શાસ્ત્ર ધર્મી સુસંગથી,**
**તેનું જ અવલંબન કરી સ્થિર થા છૂટી પરસંગથી;**
**પરદ્રવ્ય નાશ અવશ્ય પામે ત્યાં શું સંશય છે ખરો?**
**તેના વિનાશે શોક તેથી સુજ્ઞ કદીયે ના ધરો. ૧૦-૧૧.**

**અર્થ** :—શાસ્ત્રથી, ગુરુથી, સાધર્મીજનો આદિથી આત્મજ્ઞાન પ્રગટ કરીને તેનો આશ્રય લઈને તું સ્થિર થા, બીજો સંગ છોડી દે. ૧૦.

તથા પરદ્રવ્ય અવશ્ય નાશ પામે છે જ, એમાં સંશય નથી, તેના વિનાશમાં જ્ઞાનીજને ક્યાંય શોક કર્તવ્ય નથી. ૧૧.

त्यक्त्वा मां चिदचित्संगा यास्यंत्येव न संशयः।
तानहं वा च यास्मामि तत्प्रीतिरिति मे वृथा ॥१२॥
पुस्तकैर्यत्परिज्ञानं परद्रव्यस्य मे भवेत्।
तद्धेयं किं न हेयानि तानि तत्त्वावलंबिनः ॥१३॥

**નક્કી જશે મુજને તજી સૌ સંગ જડ ચેતન કદી,**
**કે સર્વ તજી મારે જવું ત્યાં પ્રીતિ મુજ શી દુઃખદા?**
**જે જ્ઞાન પુસ્તકથી થતું પરદ્રવ્યનું તે ત્યાજ્ય જ્યાં,**
**તો ત્યાજ્ય શું પરદ્રવ્ય નહિ, તત્ત્વાવલંબી હું થતાં. ૧૨-૧૩.**

**અર્થ** :—ચેતન અને જડ સંગ મને તજીને જશે જ, એમાં સંશય નથી અથવા હું તે સંગોને તજીને જઈશ, તેથી મારે (માટે) તેમની પ્રીતિ (કરવી) નકામી છે. જેણે તત્ત્વનું અવલંબન લીધું છે, એવા મને જે પરદ્રવ્યનું પરિજ્ઞાન પુસ્તકોથી થાય (છે) તે (પણ) ત્યાજ્ય છે, તો પછી શું તે પરદ્રવ્યો હેય ન હોય? (હોય જ). ૧૨-૧૩.

स्वर्णैरत्नैः कलत्रैः सुतगृहवसनैर्भूषणैं राज्यखार्थे—
गौहस्त्यश्वैश्च पद्गैः स्थवरशिविकामित्रमिष्टान्नपानैः।
चिंतारत्नैर्निधानैः सुरतरुनिवहैः कामधेन्वा हि शुद्ध-
चिद्रूपाप्तिं विनांगी न भवति कृतकृत्यः कदा क्वापि काऽपि॥१४॥

**સુત મિત્ર વસ્ત્ર કલત્ર કંચન રત્ન ભૂષણ સંગ્રહ્યાં,**
**રથ અશ્વ ગજ ગૃહ રાજ્ય સુખ મિષ્ટાન્ન પાન ઘણાં લહ્યાં;**
**ચિંતામણિ નિધાન સુરતરુ કામધેનુ મળ્યા છતાં,**
**નહિ કોઈ જીવ કૃતકૃત્ય ચિદ્રૂપ પ્રાપ્તિ વિણ કદી થતા. ૧૪.**

**અર્થઃ**—શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના કોઈ પણ જીવ ક્યાંય પણ, ક્યારેય, સુવર્ણ અને રત્નો (ની પ્રાપ્તિ)થી, સ્ત્રીથી, પુત્ર, ગૃહ, વસ્ત્રોથી, આભૂષણોથી, રાજ્ય અને ઈન્દ્રિયના વિષયોથી તથા ગાય, હાથી, ઘોડાથી, પદાતિઓથી, રથ, ઉત્તમ પાલખી, મિત્રો કે મિષ્ટાન્ન ભોજનોથી, ચિંતામણિ રત્નોથી, ધનના ભંડારોથી, કલ્પવૃક્ષના સમૂહોથી, કામધેનુથી, ખરેખર કૃતકૃત્ય થતો નથી. ૧૪.

परद्रव्यासनाभ्यासं कुर्वन् योगी निरंतरं।
कर्मांगादिपरद्रव्यं मुक्त्वा क्षिप्रं शिवी भवेत्॥१५॥

कारणं कर्मबन्धस्य परद्रव्यस्य चिंतनं।
स्वद्रव्यस्य विशुद्धस्य तन्मोक्षस्यैव केवलं॥१६॥

**પરદ્રવ્યને તજવા કરે અભ્યાસ સતત સ્વચિંતને,**
**તે યોગી કર્મ શરીર આદિ ત્યાગી સત્વર શિવ બને;**
**પરદ્રવ્યનું ચિંતન ખરેખર કર્મ-બંધ-નિદાન છે,**
**ચિંતન વિમલ નિજ દ્રવ્યનું, શિવ હેતુ એ જ પ્રધાન છે. ૧૫-૧૬.**

**અર્થ** :—યોગી નિરંતર પરદ્રવ્યના ત્યાગનો અભ્યાસ કરતો થકો કર્મ શરીર આદિ પરદ્રવ્યોને છોડીને શીઘ્ર શિવપદ પામે છે. ૧૫.

પરદ્રવ્યનું ચિંતન કર્મબંધનું કારણ છે. વિશુદ્ધ આત્મદ્રવ્યનું ચિંતન તે કેવળ મોક્ષનું જ કારણ છે. ૧૬.

प्रादुर्भवंति निःशेषा गुणाः स्वाभाविकाश्चितः।
दोषा नश्यंत्यहो सर्वे परद्रव्यवियोजनात्॥१७॥

समस्तकर्मदेहादिपरद्रव्यविमोचनात्।
शुद्धस्वात्मोपलब्धिर्या सा मुक्तिरिति कथ्यते॥१८॥

**ચિદ્રૂપના નિઃશેષ સ્વાભાવિક ગુણો પ્રગટે બધા,**
**તે દોષ ક્ષય થાયે સકલ પરદ્રવ્યે ત્યાગ્યે સર્વથા;**
**નિઃશેષ કર્મ શરીર આદિ અન્ય દ્રવ્યો ત્યાગતાં,**
**નિજ સહજ આત્મસ્વરૂપ પ્રાપ્તિ તે જ મુક્તિ કથાય ત્યાં. ૧૭-૧૮.**

**અર્થ** :—આશ્ચર્યની વાત છે કે પરદ્રવ્યના ત્યાગથી આત્માના સમસ્ત સ્વાભાવિકગુણો પ્રગટ થાય છે (અને) સર્વ દોષો નાશ પામી જાય છે. ૧૭.

સર્વ કર્મ દેહ આદિ પરદ્રવ્યના ત્યાગથી જે શુદ્ધ સ્વ આત્માની પ્રાપ્તિ તે જ મોક્ષ કહેવાય છે. ૧૮.

अतः स्वशुद्धचिद्रूपलब्धये तत्त्वविन्मुनिः।
वपुषा मनसा वाचा परद्रव्यं परित्यजेत्॥१९॥

(વસંતતિલકા છંદ)

**તેથી સ્વ શુદ્ધ સહજાત્મ સ્વરૂપ પ્રાપ્તિ,**
**જે તત્ત્વજ્ઞાની મુનિવર્ય ચહે સદાપિ;**
**તે તો શરીર મનને વચને ત્રિયોગે,**
**દ્રવ્યો અનાત્મ સઘળાં અતિ શીઘ્ર ત્યાગે. ૧૯.**


**અર્થ** :—તેથી આત્મજ્ઞાની મુનિ નિજ શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે શરીરથી, મનથી અને વચનથી પરદ્રવ્યને તજી દે છે. ૧૯.

दिक्चेलैको हस्तपात्रो निरीहः
साम्यारूढस्तत्त्ववेदी तपस्वी।
मौनी कर्मौघेभसिंहो विवेकी
सिद्धयै स्यात्स्वे चित्स्वरूपेऽभिरक्तः ॥२०॥

દિગ્ વસ્ત્ર માત્ર કરપાત્ર, તપસ્વી, મૌની,
નિસ્પૃહ, સામ્યપદ આરૂઢ, તત્ત્વજ્ઞાની;
તે કર્મહસ્તી પ્રતિ સિંહ, વિવેકબુદ્ધિ,
આત્મીય ચિદ્સ્વરૂપ રક્ત, વરે સ્વસિદ્ધિ. ૨૦.

**અર્થ** :—દિશાઓ જેમનું વસ્ત્ર છે, જેમને હાથ એ જ (ભોજન પાન માટેનું એક) પાત્ર છે, જે નિસ્પૃહ છે, સમતાશ્રેણી ઉપર ચઢેલા છે, આત્મજ્ઞાની, તપસ્વી, મૌની, કર્મોના સમૂહરૂપ હાથીઓને હણવાને સિંહ સમાન છે, ભેદજ્ઞાની અને પોતાના આત્મસ્વરૂપમાં તલ્લીન છે, તે જ મોક્ષ મેળવવાને યોગ્ય થાય છે.

સહજ ચિદાનંદ.



# અધ્યાય ૧૬ મો

[શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે નિર્જન સ્થાનની આવશ્યકતા]

**सद्‌बुद्धेः परंरंजनाकुलविधित्यागस्य साम्यस्य च**
**ग्रंथार्थग्रहणस्य मानसवचोरोधस्य बाधाहतेः।**
**रागादित्यजनस्य काव्यजमतेश्चेतोविशुद्धेरपि**
**हेतु स्वोत्थसुखस्य निर्जनमहो ध्यानस्य वा स्थानकं॥१॥**

(સવૈયા)

**સદ્‌બુદ્ધિ, સમતા, રાગાદિ–ત્યાગ, શાસ્ત્રના અર્થ ગ્રહાય,**
**પરરંજન–આકુળતા જાયે, મન વાણીનો રોધ કરાય;**
**બુદ્ધિ કાવ્ય વિષે જોડાયે, ચિત્તવિશુદ્ધિ વળી પમાય,**
**આત્મિક સુખ ને ધ્યાન પ્રાપ્તિનો, નિર્જન સ્થાનક હેતુ મનાય. ૧.**

**અર્થ** :—અહો! એકાંત સ્થાન સમ્યક્‌બુદ્ધિરૂપ વિવેકજ્ઞાનનું અન્યને રંજન કરવામાં થતી આકુળતાના ત્યાગનું તથા સમતાનું, શાસ્ત્રના અર્થના ગ્રહણનું, મન, વચનના નિરોધનું, બાધાને હણવાનું, રાગાદિના ત્યાગનું, કાવ્યમાં મતિ એકાગ્ર થવાનું, ચિત્તવિશુદ્ધિનું પણ, આત્મામાંથી ઉત્પન્ન થતા સુખનું અથવા ધ્યાનનું કારણ થાય છે. ૧.

**पार्श्ववर्त्यंगिना नास्ति केनचिन्मे प्रयोजनं।**
**मित्रेण शत्रुणा मध्यवर्त्तिना ता शिवार्थिनः॥२॥**

**સમીપવર્તી શત્રુ મિત્ર કે મધ્યવર્તી પ્રાણી સંભ્રાન્ત,**
**કોઈ અન્યનું કામ ન મારે, શિવ અર્થી હું ચહું એકાન્ત. ૨.**

**અર્થ** :—મોહના અર્થી એવા મને કોઈનું પણ મિત્ર, શત્રુ કે મધ્યસ્થનું, નજીકમાં વર્તતા પ્રાણીનું પ્રયોજન (કામ) નથી. ૨.

**इंदोर्वृद्धौ समुद्रः सरिदमृतबलं वर्द्धते मेघवृष्टे-**
**र्मोहानां कर्मबंधो गद इव पुरुषस्याभुक्तेरवश्यं।**
**नानावृत्ताक्षराणामवनिवरतले छंदसां प्रस्तरश्च**
**दुःखौघागो विकल्पास्त्रववचनकुलं पार्श्ववर्यगिनां हि।।३।।**

**ચન્દ્ર વધે ત્યાં જલધિ વધતો, વૃષ્ટિ વધ્યે નદી નીર અથાગ,**
**મોહવૃદ્ધિથી કર્મ વધે, વળી અપક્વ અન્ને વ્યાધિ-વિપાક,**
**વિવિધ છંદ અક્ષર વૃદ્ધિથી વધે છંદ પ્રસ્તાર વિશેષ,**
**તેમ સમીપવાસી સંગે બહુ વચન વિકલ્પ વધે દુઃખ દોષ. ૩.**

**અર્થ** :—જેવી રીતે ચંદ્રની વૃદ્ધિ થતાં સમુદ્ર વધે છે (ભરતી આવે છે), મેઘવૃષ્ટિની વૃદ્ધિથી નદીનાં પાણીનું બળ વધે છે, મોહની વૃદ્ધિમાં કર્મબંધ વધે છે, મનુષ્યને કાચા ભોજનથી અવશ્ય રોગની માફક, પૃથ્વીના સુંદર તળમાં જુદા જુદા છંદમાં અક્ષરોની વૃદ્ધિ થતાં છંદોનો પ્રસ્તાર વધે છે, તેમ નજીકમાં રહેલા પ્રાણીઓની સંગતિ વધવાથી નિશ્ચયથી દુઃખોનો સમૂહ અને દોષ, વિકલ્પના આગમનના કારણરૂપ વચનોનો સમૂહ વધે છે. ૩.

**वृद्धिं यात्येधसो वन्हिर्वृद्धौ धर्मस्य वा तृषा।**
**चिन्ता संगस्य रोगस्य पीडा दुःखादि संगतेः।।४।।**

**અગ્નિ જેમ વધે ઇન્ધનથી, તૃષા તાપથી વધતી જાય,**
**ચિંતા સંગથી, વ્યથા વ્યાધિથી, દુઃખાદિ સંગતિથી થાય. ૪.**

**અર્થ** :—ઈન્ધનની વૃદ્ધિથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે અને ઉકળાટની વૃદ્ધિથી તરસ વધે છે, સંગની વૃદ્ધિથી ચિંતા વધે છે, રોગની વૃદ્ધિથી પીડા વધે છે, તેમ ચેતન–અચેતન પદાર્થોની સંગતિની વૃદ્ધિથી દુઃખાદિ વધે છે. ૪.

**विकल्पः स्याज्जीवे निगडनगजंबालजलधि–**
**प्रदावाग्न्यातापप्रगदहिमताजालसदृशः।**

वरं स्थानं छेत्रीपविरविकरागस्ति जलदा–
गदज्वालाशस्त्रीसममतिभिदे तस्य विजनं।।५।।

**વિકલ્પ તો જનને ગિરિ કર્દમ જલધિ દાવાનલ આતાપ,**
**બેડી, જાલ, શીતલતા વ્યાધિ સર્દશ કરે સદા સંતાપ;**
**તે છેદવા વજ્ર રવિકર, અગસ્ત્ય, જલધર, છીણી સાર,**
**છરી, અગ્નિ, ઔષધ સમ જાણો નિર્જન સ્થાન પરમહિતકાર. ૫.**

**અર્થ** :—જીવમાં વિકલ્પ (થાય) છે તે બેડી, પર્વત, કાદવ, સમુદ્ર, પ્રબળ દાવાનળનો તાપ, વ્યાધિ, શીતળતા, અને જાળ જેવા છે તેને અત્યંત ભેદવામાં ઉત્તમ એકાંતસ્થાન છે તે છીણી, વજ્ર, સૂર્યકિરણ, સમુદ્રને શોષી જનાર અગસ્ત્ય ઋષિ, મેઘ, ઔષધ, અગ્નિ અને છરી સમાન થાય છે. ૫.

तपसां बाह्य भूतानां विविक्तशयनासनं।
महत्तपो गुणोद्भूतेरागत्यागस्य हेतुतः।।६।।

**રાગત્યાગરૂપ ગુણ પ્રગટાવા, કારણ એ જાણે મતિમાન;**
**બાહ્ય તપોમાં વિવિક્ત શય્યા, સન તપ તેથી કહ્યું મહાન. ૬.**

**અર્થ** :—ગુણની ઉત્પત્તિનું અને રાગના ત્યાગનું કારણ હોવાથી એકાંત શયન, આસન આદિ, બાહ્યભૂત તપમાં મહાન તપ છે. ૬.

काचिच्चिंता संगतिः केनचिच्च रोगादिभ्यो वेदना तीव्रनिद्रा।
प्रादुर्भूतिः क्रोधमानादिकानां मूर्च्छा ज्ञेया ध्यानविध्वंसिनी च।।७।।

**કંઈ પણ ચિંતા, સંગ કોઈના, વ્યાધિ–વેદના નિદ્રા તીવ્ર,**
**ક્રોધાદિ ઉદ્ભવ, મૂર્છા, એ ધ્યાન વિનાશક જાણો જીવ. ૭.**

**અર્થ** :—કાંઈ પણ ચિંતા તથા કોઈની સાથે પરિચયરૂપ સંગતિ, રોગાદિથી થતી પીડા, તીવ્ર નિદ્રા, કોપ, માન, માયા આદિનું પ્રગટ થવું અને મોહની આસક્તિ; એમને ધ્યાનના નાશ કરનાર જાણવા. ૭.

संगत्यागो निर्जनस्थानकं च तत्त्वज्ञानं सर्वचिंताविमुक्तिः।
निर्बाधत्वं योगरोधो मुनीनां मुक्त्यै ध्याने हेतवोऽमी निरुक्ताः॥८॥

સંગ ત્યાગ નિર્જન સ્થળ તત્ત્વજ્ઞાન સર્વ ચિંતા દૂર થાય;
નિર્બાધત્વ યોગરોધ એ ધ્યાન હેતુથી મુનિ શિવ જાય. ૮.

**અર્થ** :—સંગનો ત્યાગ, એકાંતસ્થાન, તત્ત્વજ્ઞાન, સર્વ (પ્રકારની) ચિંતાનો ત્યાગ, ઉપદ્રવનો અભાવ, મન, વચન, કાયારૂપ યોગનો સંયમ મુનિઓને માટે ધ્યાનમાં આ હેતુઓ કહ્યા છે. ૮.

विकल्पपरिहाराय संगं मुंचंति धीधनाः।
संगतिं च जनैः सार्द्धं कार्यं किंचित् स्मरंति न॥९॥

વિકલ્પને તજવાને માટે સંગ તજે સૌ મતિ–સમૃદ્ધ,
જન સંગતિ કે કાર્ય કાંઈ પણ તેનાં સ્મરે નહીં તે બુદ્ધ. ૯.

**અર્થ** :—જ્ઞાન જેમનું ધન છે એવા જ્ઞાનીઓ વિકલ્પના ત્યાગ માટે સંગને છોડે છે, માણસોની સાથે તેમના માર્ગોને તથા કોઈ પણ કાર્યને યાદ કરતા નથી. ૯.

वृश्चिका युगपत्स्पृष्टाः पीडयंति यथांगिनः।
विकल्पाश्च तथात्मानं तेषु सत्सु कथं सुखं॥१०॥

बाह्यसंगतिसंगस्य त्यागे चेन्मे परं सुखं।
अंतः संगतिसंगस्य भवेत् किं न ततोऽधिकं॥११॥

એક સાથ વીંછી બહુ ડંખે પ્રાણી પીડા લહે અપાર,
તેમ વિકલ્પો પીડે પ્રાણીને તે હોતાં સુખ ક્યાંથી લગાર?

બાહ્યસંગતિ સંગ ત્યાગથી મુજને યદિ પરમ સુખ થાય,
અંતરસંગતિ સંગ ત્યાગથી તેથી અધિક સુખ શું ન પમાય? ૧૦-૧૧.

**અર્થ** :—જેમ એક સાથે ડંખ મારતા વીંછીઓ પ્રાણીઓને પીડા આપે છે, તેમ વિકલ્પો આત્માને પીડે છે તથા તે વિદ્યમાન હોતાં સુખ કેવી રીતે થાય? ૧૦.

બાહ્ય એવા લોકમાર્ગો તથા સંગપ્રસંગના ત્યાગમાં જો મને પરમ સુખ થાય છે, તો અંતરસંગતિ સંગના ત્યાગમાં તેનાથી અધિક સુખ કેમ ન થાય? ૧૧.

**बाह्यसंगतिसंगेन सुखं मन्यते मूढधीः।**
**तत्त्यागेन सुधीः शुद्धचिद्रूपध्यानहेतुना॥१२॥**

**अवमौदर्यात्साध्यं विविक्तशय्यासनाद्विशेषेण।**
**अध्ययनं साध्यानं मुमुक्षुमुख्याः परं तपः कुर्युः॥१३॥**

**મૂઢ મતિ તો બાહ્ય સંગતિ સંગ વડે સુખ ગણે પ્રધાન;**
**તેનો ત્યાગ વિમલ ચિદ્રૂપનો ધ્યાન હેતુ સુખ ગણે ધીમાન. ૧૨.**

**શ્રેષ્ઠ મુમુક્ષુ ઉણોદરીને વિવિક્ત શય્યાસનથી સાધ્ય;**
**ધ્યાન સહિત સ્વાધ્યાય આદરે ઉત્તમ તપ એ તો આરાધ્ય. ૧૩.**

**અર્થ** :—અજ્ઞાની જીવ બાહ્ય સંગતિના સંગથી સુખ માને છે, (જ્યારે) સમ્યક્‌બુદ્ધિવાળા–જ્ઞાની શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનનો હેતુ (હોવાથી) તે સંગના ત્યાગથી સુખ માને છે. ૧૨.

મુમુક્ષુઓમાં મુખ્યજનો ઊણોદરી તપથી સાધવા યોગ્ય, વિશેષે કરીને નિર્જન સ્થાનમાં (શુદ્ધાત્માના) ધ્યાન સહિત સ્વાધ્યાયરૂપ પરમ તપ કરે છે. ૧૩.

**ते वंद्याः गुणिनस्ते च ते धन्यास्ते विदांवराः।**
**वसंति निर्जने स्थाने ये सदा शुद्धचिद्रताः॥१४॥**

**निर्जनं सुखदं स्थानं ध्यानाध्ययनसाधनं।**
**रागद्वेषविमोहानां शातनं सेवते सुधीः॥१५॥**

**તે ગુણવંતા વંદ્ય ગણાતા ધન્ય જ્ઞાનીમાં પ્રવર મનાય,**
**નિર્જન સ્થાને ને જઈ વસતા ચિદ્રૂપમાં અતિ રક્ત સદાય;**
**નિર્જનસ્થાન અતિ સુખદાયી ધ્યાન તથા સ્વાધ્યાય નિદાન,**
**રાગ દ્વેષ વિમોહ વિનાશક સેવે તેને અતિ મતિમાન. ૧૪-૧૫.**

**અર્થ** :—જેઓ હંમેશાં શુદ્ધ ચિદ્રૂપમાં રક્ત નિર્જન સ્થાનમાં વસે છે તે વંદવાયોગ્ય છે, તે ગુણવાન છે, તે ધન્ય છે અને તે તત્ત્વોમાં શ્રેષ્ઠ છે. ૧૪.

જ્ઞાની મનુષ્ય ધ્યાન અને સ્વાધ્યાયના કારણરૂપ રાગ-દ્વેષ-મોહનો નાશ કરનાર સુખદાયક નિર્જન સ્થાનનું સેવન કરે છે. ૧૫.

सुधाया लक्षणं लोका वदंति बहुधा मुधा।
बाधाजंतुजनैर्मुक्तं स्थानमेव सतां सुधा॥१६॥

भूमिगृहे समुद्रादितटे पितृवने वने।
गुहादौ वसति प्राज्ञः शुद्धचिद्ध्यानसिद्धये॥१७॥

**લોક સુધાનું લક્ષણ બહુધા ભાખે તે તો વ્યર્થ તમામ,**
**સંતા–સુધા તો બાધા જંતુ જન વિણ નિર્જન સ્થાનનું નામ.**
**ભૂમિગૃહ વર સિંધુ તટ પર, સ્મશાન વન ગિરિ–ગહ્વરમાંય,**
**ચિદ્રૂપ ધ્યાનની સિદ્ધિ કાજે પ્રાજ્ઞ વસે નિર્જન સ્થળમાંય. ૧૬-૧૭.**

**અર્થ** :—લોકો સુધાનું લક્ષણ અનેક પ્રકારે કહે છે, પરંતુ તે વૃથા છે. સત્પુરુષોને તો બાધારહિત, જંતુરહિત અને મનુષ્ય રહિત એવું સ્થાન તે જ અમૃત છે. ૧૬.

તત્ત્વજ્ઞાની શુદ્ધ આત્માના ધ્યાનની સિદ્ધિ કરવા માટે ભોંયરામાં સમુદ્ર આદિના કાંઠે, સ્મશાનમાં; અરણ્યમાં કે ગુફા આદિમાં વસે છે. ૧૭.

विविक्तस्थानकाभावात् योगिनां जनसंगमः।
तेषामालोकनेनैव वचसा स्मरणेन च॥१८॥

जायते मनसः स्पंदस्ततो रागादयोऽखिलाः।
तेभ्यः क्लेशो भवेत्तस्मान्नाशं याति विशुद्धता॥१९॥

तया विना न जायेत शुद्धचिद्रूपचिंतनं।
विना तेन न मुक्तिः स्यात् परमाखिलकर्मणां॥२०॥


શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तस्माद्विविक्तसुस्थानं ज्ञेयं क्लेशनाशनं।
मुमुक्षुयोगिनां मुक्तेः कारणं भववारणं॥२१॥

**અર્થ** :—એકાંત સ્થાનકના અભાવથી યોગીઓને મનુષ્યોનો સંગ થાય, (તેથી) તેમને જોવાથી, (તેમનાં) વચનોથી તથા સ્મરણથી તથા મનની ચંચળતાથી થાય છે, તે (ના)થી રાગાદિ સમસ્ત દોષો થાય છે, તેનાથી સંક્લેશ થાય છે, તેનાથી વિશુદ્ધતા નાશ પામે છે, વિશુદ્ધતા વિના આત્મસ્વરૂપનું ચિંતન થાય નહિ અને આત્મચિંતન વિના પરમ અખિલ કર્મથી છૂટવારૂપ મુક્તિ થતી નથી. ૧૮-૧૯-૨૦.

માટે મોક્ષાર્થી યોગીઓએ એકાંત નિર્વિકાર સ્થાનને સંક્લેશનો નાશ કરનારી સંસારી ભ્રમણને અટકાવનાર મોક્ષનું કારણ જાણવું.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અધ્યાય ૧૭ મો

## [શુદ્ધ ચિદ્રૂપમાં પ્રેમ વધે તે માટે વાસ્તવિક સુખનું પ્રતિપાદન]

मुक्ताविद्रुमरत्नधातुरसभूवस्त्रान्नरुग्भूरुहां
स्त्रीभाश्वाहिगवां नृदेवविदुषां पक्षांबुगानामपि।
प्रायः संतिपरीक्षकाः भुवि सुखस्यात्यल्पका हा यतो
दृश्यंते खभवे रताश्च बहुवः सौख्ये च नातींद्रिये।।१।।

**મોતી પ્રવાલ રત્ન ધાતુ રસ ભૂમિ વસ્ત્ર સુરનર વ્યાધિ,**
**અન્ન વૃક્ષ સ્ત્રી નાગ અશ્વ કે પશુ પક્ષી વિદ્વાનાદિ;**
**બહુ પરીક્ષક એના જગમાં ઇન્દ્રિય સુખ આસક્ત દિસે,**
**વિરલા માત્ર પરીક્ષક જગમાં રક્ત અતીન્દ્રિય સૌખ્ય વિષે. ૧.**

**અર્થ** :—મોતી, પરવાળાં, રત્ન, ધાતુ, રસ, પૃથ્વી, વસ્ત્ર, અન્ન, રોગ અને વૃક્ષોના સ્ત્રી, હાથી, ઘોડા, સર્પ, ગાય, બળદના, મનુષ્ય, દેવ અને વિદ્વાનો, પક્ષીઓ તથા જળચર જીવોના જગતમાં પ્રાયે ઘણા પરીક્ષકો છે પણ ખેદની વાત છે, કે સત્સુખના અતિ અલ્પ પરીક્ષકો છે, કારણ કે ઈન્દ્રિયજન્ય સુખમાં મુખ્યત્વે સઘળા રક્ત છે, અતીન્દ્રિયસુખમાં રક્ત દેખાતા નથી. ૧.

निर्द्रव्यं स्ववशं निजस्थमभयं नित्यं निरीहं शुभं
निर्द्वंदं निरुपद्रवं निरुपमं निर्बंधमूहातिगं।
उत्कृष्टं शिवहेत्वदोषममलं यद्दुर्लभं केवलं
स्वात्मोत्थं सुखमीदृशं च स्वभवं तस्माद्विरुद्धं भवेत्।।२।।

**આત્મિક સુખ તો નિજવશ નિરુપમ નિઃસ્પૃહ નિત્ય નિજસ્થ અહો!**
**નિરુપદ્રવ નિર્દ્વવ્ય અબંધક વિણ ભય શુભ અતર્ક્ય લહો;**
**શ્રેષ્ઠ અદોષ અમલ શિવહેતુ દુર્લભ દ્વન્દ્વાતીત ગ્રહો,**
**આવું સુખ સ્વાત્મોત્થ લહો, તે વિરુદ્ધ ઇન્દ્રિય સુખ ન ચહો. ૨.**

**અર્થ** :—ધન (ની અપેક્ષા) રહિત, સ્વાધીન, આત્મામાં રહેલું, ભયરહિત, નિત્ય, નિસ્પૃહ, શુભ, દ્વંદ્વરહિત, ઉપદ્રવરહિત, ઉપમા રહિત, બંધરહિત તર્કથી પર સર્વોત્તમ, મોક્ષનું કારણ, દોષ રહિત, મળ રહિત જે કેવળ દુર્લભ છે; એવું સ્વ આત્મામાંથી ઉત્પન્ન થતું સુખ છે અને ઈન્દ્રિયજન્ય સુખ તેનાથી વિરુદ્ધ છે. ૨.

**वैराग्यं त्रिविधं निधाय हृदये हित्वा च संगे त्रिधा**
**श्रित्वा सद्गुरुमागमं च विमलं धृत्वा च रत्नत्रयं।**
**त्यक्त्वान्यैः सह संगतिं च सकलं रागादिकं स्थानके**
**स्थातव्यं निरुपद्रवेऽपि विजने स्वात्मोत्थसौख्याप्तये।।३।।**

**ભવ તન ભોગ પ્રતિ હૃદયે વૈરાગ્ય ધરી તજી સંગ ત્રિધા,**
**સદ્ગુરુ તે નિર્મલ શ્રુત ભજતાં, રત્નત્રયને ધારી મુદા;**
**અન્ય જીવોની સંગતિ તેમજ રાગાદિ તજી સઘળાને,**
**સુખ સ્વાત્મોત્થ ચહે તે વસતા નિર્જન નિરુપદ્રવ સ્થાને. ૩.**

**અર્થ** :—પોતાના આત્મામાંથી ઉત્પન્ન થતું સુખ મેળવવા માટે હૃદયમાં (સંસાર, શરીર અને ભોગ પ્રત્યે તેમજ મન વચન કાયાથી) ત્રિવિધ વૈરાગ્ય ધારણ કરીને ચેતન, અચેતન, મિશ્ર એમ ત્રણ પ્રકારનો પરિગ્રહ છોડીને સદ્ગુરુનો અને નિર્દોષ સત્શાસ્ત્રનો આશ્રય કરીને, રત્નત્રય ધારણ કરીને, અન્ય સાથેનો સંગ તથા સમસ્ત રાગાદિ ભાવો તજીને ઉપદ્રવરહિત નિર્જન સ્થાનમાં રહેવું જોઈએ. ૩.

**खसुखं न सुखं नृणां किंत्वभिलाषाग्निवेदनाप्रतीकारः।**
**सुखमेव स्थितिरात्मनि निराकुलत्वाद्विशुद्धपरिणामात्।।४।।**

**ઇન્દ્રિયસુખ સુખ નહિ પણ ઇચ્છા-અગ્નિ-વ્યથા એ શાંત કરે,**
**શુદ્ધ પરિણતિ નિરાકુળ જે આત્મસ્થિતિ સુખ તે જ ખરે. ૪.**

**અર્થ** :—ઈન્દ્રિયસુખ એ મનુષ્યોનું સુખ નથી, પરંતુ ઈચ્છારૂપ અગ્નિની વેદનાને શમાવવાનો ઉપાય છે. આત્મામાં (જે) સ્થિતિ છે તે, નિરાકુળતા હોવાથી તથા વિશુદ્ધ પરિણામ હોવાથી સુખ જ છે. ૪.

**नो द्रव्यात्कीर्तितः स्याच्छुभखविषयतः सौधतूर्यत्रिकाद्वा**
**रूपादिष्टागमाद्वा तदितरविगमात् क्रीडनाद्यादृतुभ्यः।**
**राज्यात्संराजमानात् वलवसनसुतात्सत्कलत्रात्सुगीतात्**
**भूषाद् भूजागयानादिह जगति सुखं तात्त्विकं व्याकुलत्वात्॥५॥**

**નહીં દ્રવ્યથી તે સત્સુખ કાંઈ, કે નહિ તે કીર્તિથી મળે,**
**ઇન્દ્રિયરમ્ય વિષયથી નહિ, કે જલસાથી મહેલ તળે;**
**મનોજ્ઞ ઇષ્ટ પ્રાપ્તિથી તે નહિ, તેમ અનિષ્ટ વિયોગે નહીં;**
**સુંદર રૂપ ક્રીડા રમણીય ઋતુ રાજ્ય રાજ સન્માને નહીં**
**વસ્ત્ર પુત્ર સ્ત્રી ભૂષણ ગીતો તરુગિરિ વાહન સેવામાં,**
**નહીં જગતમાં તાત્ત્વિક સુખ તો મળે માત્ર આકુળતા ત્યાં. ૫.**

**અર્થ** :—દ્રવ્યથી, કીર્તિથી, મનોજ્ઞ ઈન્દ્રિયના વિષયોથી અથવા રાજમહેલ, જલસા, નૃત્ય, ગીત, વાજિંત્ર એ ત્રણેથી અથવા સુંદર રૂપથી, ઈષ્ટની પ્રાપ્તિથી અને અનિષ્ટના ત્યાગથી, ક્રીડા આદિ કરવાથી, અનુકૂળ ઋતુઓથી, રાજ્યથી, રાજસન્માનથી, સેના, વસ્ત્ર કે પુત્ર-પુત્રીથી, અનુકૂળ સ્ત્રીથી, મધુર ગીતથી, ભૂષણોથી, વૃક્ષ, પર્વત કે વાહનથી આ જગતમાં તાત્ત્વિક સુખ થતું નથી. કેમ? (કારણ કે) તે સર્વમાં વ્યાકુળતા રહેલી છે તેથી. ૫.

**पूरे ग्रामेऽटव्यां नगरशिरसि नदीशादिसुतटे**
**मठे दर्यां चैत्योकसि सदसि रथादौ च भवने।**
**महादुर्गे स्वर्गे पथनमसि लतावस्त्रभवने**
**स्थितो मोही न स्यात् परसमयरतः सौख्यलवभाक्॥६॥**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અટવી ગ્રામ નગર નગશિખરે જલધિ તરંગિણી તટ વસતા,**
**આશ્રમ ચૈત્ય ગુફા રથ મંદિર સભા આદિમાં સ્થિતિ કરતા;**
**મહાદુર્ગ નભ માર્ગ તંબૂ કે લતા મંડપે જઈ વસતા,**
**છતાં મોહી પરસમય રક્ત તે સત્સુખ લવ નહિ પાત્ર થતા. ૬.**

**અર્થ** :—મોહને વશ થયેલા જીવ નગરમાં, ગામમાં, જંગલમાં, પર્વતની ટોચ ઉપર, સમુદ્રના કાંઠે, મઠમાં, ગુફામાં, દેવાલયના નિવાસમાં, સભામાં, રથ આદિમાં, મકાનમાં, મહાન કિલ્લામાં, સ્વર્ગમાં, માર્ગમાં કે, આકાશમાં, લતામંડપમાં કે તંબૂમાં નિવાસ કરીને રહે; તોપણ પરપદાર્થમાં રસ (હોવાથી) અલ્પાંશે પણ સુખનો ભોક્તા થઈ શકતો નથી. ૬.

**निगोते गूथकीटे पशुनृपतिगणे भारवाहे किराते**
**सरोगे मुक्तरोगे धनवति विधने बाहनस्थे च पद्गे।**
**युवादौ बारवृद्धे भवति हि खसुखं तेन किं यत् कदाचित्**
**सदा वा सर्वदैवैतदपि किल यतस्तन्न चाप्राप्तपूर्वं॥७॥**

**જીવ નિગોદે કે વિષ્ટામાં, પશુ નૃપ, ભીલ કો ભાર વહે,**
**રોગી નિરોગી ધનિક દરિદ્રી પગ કે વાહનથી વિહરે;**
**બાલ યુવાન વૃદ્ધ એ સૌનાં ઇન્દ્રિય સુખ કદી હોય સદા,**
**તોપણ તેનું કામ શું મરે અપૂર્વ નહિ તે સુલભ બધાં. ૭.**

**અર્થ** :—જે ઇન્દ્રિયજન્ય સુખ નિગોદમાં, વિષ્ટાના કીડામાં, પશુ કે નૃપતિના સમૂહમાં, ભાર વહેનાર મજૂરમાં, ભીલમાં, રોગમાં, નીરોગીમાં, ધનવાનમાં, ધનહીનમાં, વાહનમાં ફરનારમાં, પગે ચાલનારમાં, યુવાન આદિમાં, બાળક કે વૃદ્ધમાં કોઈ વાર હોય છે; કદાચ એ સદા સર્વદા હોય તો ય તેથી શું? (તેનાથી મારે શું પ્રયોજન છે?) કારણ કે તે કદી મને મળ્યું ન હોય એવું અપૂર્વ નથી. ૭.

**ज्ञेयावलोकनं ज्ञानं सिद्धानां भविनां भवेत्।**
**आद्यानां निर्विकल्पं तु परेषां सविकल्पकं॥८॥**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**જ્ઞેય પદાર્થો જાણે દેખે સિદ્ધ તથા સંસારી છતાં,**
**સંસારીનું જ્ઞાન વિકલ્પક, સિદ્ધતણું અવિકલ્પક ત્યાં. ૮.**

**અર્થ** :—સિદ્ધ આત્માઓને, સંસારી જીવોને, જ્ઞેય પદાર્થનું દર્શન જ્ઞાન થાય છે, પણ સિદ્ધોને તે જ્ઞાન દર્શન વિકલ્પરહિત હોય છે અને સંસારીઓને (તે) વિકલ્પ સહિત હોય છે. ૮.

व्याकुलः सविकल्पः स्यान्निर्विकल्पो निराकुलः।
कर्मबंधोऽसुखं चाद्ये कर्माभावः सुखं परे॥९॥

**નિર્વિકલ્પ તો નિરાકુલ ને વ્યાકુલ વિકલ્પવંત સદા,**
**કર્મનાશ સત્સૌખ્ય પ્રથમને, કર્મ-દુઃખયુત અન્ય બધા. ૯.**

**અર્થ** :—વિકલ્પ સહિત જીવ દુઃખી હોય છે અને નિર્વિકલ્પ જીવ સુખી હોય છે. પ્રથમ (સવિકલ્પ)ને કર્મનો બંધ થાય છે અને દુઃખ થાય છે. બીજાને (–નિર્વિકલ્પને) કર્મનો અભાવ અને સુખ થાય છે. ૯.

बहून् वारान् मया भुक्तं सविकल्पं सुखं ततः।
तन्नापूर्वं निर्विकल्पे सुखेऽस्तीहा ततो मम॥१०॥

**પૂર્વે એ સવિકલ્પ સૌખ્ય મેં અનુભવ્યું બહુ વાર અહા!**
**તેથી તે ન અપૂર્વ મને તો નિર્વિકલ્પ સુખ વિષે સ્પૃહા. ૧૦.**

**અર્થ** :—સવિકલ્પ સુખ મેં ઘણીવાર ભોગવ્યું છે, તેથી તે (મારા માટે) અપૂર્વ નથી, તેથી મને નિર્વિકલ્પ સુખ પ્રત્યે સ્પૃહા છે. ૧૦.

ज्ञेयज्ञानं सरागेण चेतसा दुःखमंगिनः।
निश्चयश्च विरागेण चेतसा सुखमेव तत्॥११॥

**રાગાદિયુત ચિત્ત સહિત જો જાણે જ્ઞેય વસ્તુ દુઃખ તો;**
**પણ જો જાણે ચિત્ત-વિરાગે નિશ્ચયથી જીવને સુખ તો. ૧૧,**

**અર્થ** :—રાગયુક્ત ચિત્તથી જ્ઞેય પદાર્થનું જ્ઞાન પ્રાણીને દુઃખ

આપે છે અને રાગરહિત મનથી તે જ્ઞાન સુખ જ છે, એ નિશ્ચય છે. ૧૧.

रवेः सुधायाः सुरपादपस्य चिंतामणेरुत्तमकामधेनोः ।
दिवो षिदग्धस्य हरेरखर्वं गर्वं हरन् भो विजयी चिदात्मा ॥१२॥

**સૂર્ય સુધા સુરતરુ સુરમણિ કે સુરધેનુ સુરસદન મહા,**
**વિષ્ણુ આદિના ગર્વ હરે એ પ્રબળ ચિદાત્મા વિજયી અહા! ૧૨.**

**અર્થ** :—હે આત્મન્! ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્મા સૂર્યના, અમૃતના, કલ્પવૃક્ષના, ચિંતામણિ રત્નના, ઉત્તમ કામધેનુના, દેવલોકના, પંડિતના, વિષ્ણુના અખંડિત ગર્વને ચકચૂર કરીને અખંડ પ્રતાપવાન વર્તે છે. ૧૨.

चिंता दुःखं सुखं शांतिस्तस्या एतत्प्रतीयते।
तच्छांतिर्जायते शुद्धचिद्रूपे लयतोऽचला ॥१३॥

**ચિંતા એ દુઃખ સુખ શાંતિ છે એ શાંતિથી પ્રતીત બને;**
**નિર્મલ ચિદ્રૂપમાં લય લાગ્યે અચલ શાંતિ પ્રગટે જીવને. ૧૩.**

**અર્થ** :—ચિંતા એ દુઃખ છે, શાંતિ એ સુખ છે, આ વાત શાંતિથી વિચારતાં પ્રતીતિમાં આવે છે. તે અચળ શાંતિ શુદ્ધ ચિદ્રૂપમાં લય લાગવાથી પ્રગટ થાય છે. ૧૩.

मुंच सर्वाणि कार्याणि संगं चान्यैश्च संगतिं।
भो भव्य! शुद्धचिद्रूपलये वांछास्ति ते यदि ॥१४॥

**નિર્મળ ચિદ્રૂપમાં લયની જો વાંછા છે હે ભવ્ય! તને,**
**તો તજ સર્વ કાર્ય, બહિરંતર સંગ સંગતિ અન્યજને. ૧૪.**

**અર્થ** :—હે ભવ્ય! જો શુદ્ધ ચિદ્રૂપના લયની તને ઇચ્છા હોય, તો સર્વ (બાહ્ય) કાર્યો તથા પરપદાર્થોનો બાહ્ય અને અંતર સંગ તું છોડી દે. ૧૪.

मुक्ते बाह्ये परद्रव्ये स्यात्सुखं चेच्चितो महत्।
सांप्रतं किं तदादोऽतः कर्मादौ न महत्तरं॥१५॥

**મુક્ત થતાં પરદ્રવ્ય બાહ્યથી જો જીવને સુખ અતીવ દીસે,**
**તો પછી કર્માદિથી મુક્તને શ્રેષ્ઠ સૌખ્ય શું ના ઉલ્લસે? ૧૫.**

**અર્થ** :—બાહ્ય પરદ્રવ્યનો ત્યાગ કરતાં જો આત્માને મહાન સુખ થાય છે, તો હવે કર્માદિને છોડતાં આનાથી વિશેષ સુખ આત્માને કેમ થાય? ૧૫.

इन्द्रियैश्च पदार्थानां स्वरूपं जानतोंऽगिनः।
यो रागस्तत्सुखं द्वेषस्तद्दुःखं भ्रांतिजं भवेत्॥१६॥

यो रागादिविनिर्मुक्तः पदार्थानखिलानपि।
जानन्निराकुलत्वं यत्तात्त्विकं तस्य तत्सुखं॥१७॥

**પ્રાણી વસ્તુસ્વરૂપ જાણતાં, માત્ર બાહ્ય ઇન્દ્રિય જ્ઞાને,**
**ત્યાં જે રાગ, ગણે સુખ તેને, દ્વેષ દુઃખ ભ્રમથી માને;**
**રાગાદિથી મુક્ત સંત જે સર્વ વસ્તુ જાણે તોયે,**
**નિરાકુલતા ત્યાં તેઓને, તે જ સૌખ્ય તાત્ત્વિક હો યે. ૧૬-૧૭.**

**અર્થ** :—પદાર્થોનાં સ્વરૂપને ઇન્દ્રિયો વડે જાણતાં જીવને તેમાં જે રાગ છે, તે ભ્રાંતિથી થતું સુખ છે અને જે દ્વેષ છે, તે ભ્રાંતિજન્ય દુઃખ છે. ૧૬.

સર્વ પદાર્થોને જાણવા છતાં પણ જે જીવ રાગાદિથી અત્યંત મુક્ત છે તેને જે નિરાકુળતા છે, તે તાત્ત્વિક (સાચું) સુખ છે. ૧૭.

इंद्राणां सार्वभौमानां सर्वेषां भावनेशिनां।
विकल्पसाधनैः सार्थैर्व्याकुलत्वात्सुखं कुतः॥१८॥

तात्त्विकं च सुखं तेषां ये मन्यंते ब्रुवंति च।
एवं तेषामहं मन्ये महती भ्रांतिरुद्गता॥१९॥

**શક્ર ચક્રી કે ભવનવાસીના ઇન્દ્ર તણા ઇન્દ્રિય વિષયો,**
**વિકલ્પકારક હોવાથી ત્યાં આકુળતા, સુખ ક્યાંથી કહો?**
**તે સુખને તાત્ત્વિક જે માને તથા વર્ણવે તે રૂપે,**
**અહા! ભ્રાન્તિ મોટી તેઓને માનું ભમાવે ભવકૂપે. ૧૮-૧૯.**

**અર્થ** :—ઈન્દ્રોના, ચક્રવર્તીઓના, સર્વ ભવનવાસી દેવોના, ઈન્દ્રોના વિકલ્પના (રાગાદિનાં) સાધન એવા ઈન્દ્રિયવિષયોથી સુખ ક્યાંથી હોય? કેમ કે ત્યાં વ્યાકુળતા છે. ૧૮.

તેઓના સુખને જે તાત્ત્વિક (સાચું) ગણે છે અને કહે છે, તેમને મહાન ભ્રાંતિ ઉપજી છે, એમ હું માનું છું. ૧૯.

**विमुच्य रागादि निजं तु निर्जने**
**पदे स्थिरतानां सुखमत्र योगिनां।**
**विवेकिनां शुद्धचिदात्मचेतसां**
**विदां यदा स्यान्न हि कस्यचित्तथा।।२०।।**

(શિખરણી)

**તજી રાગાદિને વિજન પદમાં સ્થિતિ ધરતા,**
**અહા! જ્ઞાની નિત્યે સ્વકીય પરનો ભેદ કરતા;**
**વિવેકા એ ચિત્તે સહજ નિજરૂપે રત રહે,**
**વરે યોગી તેવું નિજ સુખ કદી અન્ય ન લહે. ૨૦.**

**અર્થ** :—રાગાદિનો ત્યાગ કરી, નિર્જનસ્થળમાં સ્થિતિ કરનારને, યોગીઓને, જડ ચેતનના ભેદજ્ઞાનરૂપ વિવેકવાળાઓને, શુદ્ધ આત્મસ્વરૂપમાં જેમનું ચિત્ત લીન છે એવાઓને, આત્મજ્ઞાનીઓને અહીં જેવું આત્મિક સુખ પ્રગટ થાય છે, તેવું (બીજા) કોઈને પ્રગટવું સંભવતું નથી. ૨૦.



# અધ્યાય ૧૮ મો

## [શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિનો ક્રમ]

श्रुत्वा श्रद्धाय वाचा ग्रहणममपि दृढं चेतसा यो विधाय
कृत्वांतः स्थैर्यबुद्ध्या परमनुभवनं तल्लयं याति योगी।
तस्य स्यात्कर्मनाशस्तदनु शिवपदं च क्रमेणेति शुद्ध-
चिद्रूपोऽहं हि सौख्यं स्वभवमिह सदासन्न भव्यस्य नूनं॥१॥

(મંદાક્રાંતા છંદ)

**'શુદ્ધાત્મા હું, મુજ સ્વરૂપ એ,' સુણી શ્રદ્ધા કરીને,**
**ધારે તેને મન વચનથી એક નિષ્ઠા ધરીને;**
**બુદ્ધિ ઉરે સ્થિર ધરી અતિ અન્યને ભિન્ન જાણે,**
**યોગી તે તો અનુભવ લહે લીનતા તત્ત્વતાને.**
**નિશ્ચે એવા નિકટભવિનાં કર્મ તો નાશ પામે,**
**પ્રાપ્તિ તેને શિવપદતણી, સિદ્ધિમાં તે વિરામે;**
**આવે એના ભવભ્રમણનાં દુઃખનો અંત પૂર્ણ,**
**ને એ સ્વાત્મોત્થિત સુખ સદાસ્વાદ પામે પ્રપૂર્ણ. ૧.**

**અર્થ** :—'હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મા છું' એમ સાંભળીને, નિઃશંકપણે તે સત્ય છે એમ શ્રદ્ધા કરીને વાણીથી અને અંતર્વૃત્તિથી પણ દ્રઢતાથી ગ્રહણ કરીને, અંતરમાં મનની સ્થિરતા કરી, સર્વોત્તમ એવો શુદ્ધાત્માનો અનુભવ કરીને, જે યોગી તે સ્વાનુભવમાં લય પામે છે, તે આસન્નભવ્યના કર્મનો ક્રમે કરીને અવશ્ય નાશ થાય છે અને ત્યાર પછી (તેને) મોક્ષપદની પ્રાપ્તિ અને સદાકાળ રહેતું આત્મિક સુખ અહીં જ પ્રાપ્ત થાય છે. ૧.

गृहिभ्यो दीयते शिक्षा पूर्वं षट्कर्मपालने।
व्रतांगीकरणे पश्चात्संयमग्रहणे ततः ।।२।।
यतिभ्यो दीयते शिक्षा पूर्वं संयमपालने।
चिद्रूपचिंतने पश्चादयमुक्तो बुधैः क्रमः ।।३।।

**શિક્ષા દેવી પ્રથમગૃહીને કર્મ ષટ્ પાલવાની,**
**લેવાં તેણે વ્રત પછી સ્થિતિ સંયમે ધારવાની;**
**શિક્ષા દેવી પ્રથમ યતિને સંયમો પાલવાની,**
**ચિદ્રૂપે ચિંતન પછી કરે એ ક્રમે જ્ઞાની-વાણી. ૨-૩.**

**અર્થ** :—ગૃહસ્થોને પહેલાં છ નિત્યકર્મના પાલનનો બોધ આપવામાં આવે છે, પછી વ્રતો અંગીકાર કરવાની અને ત્યાર પછી સંયમ ગ્રહણ કરવાની શિક્ષા અપાય છે. ૨.

મુનિઓને પ્રથમ સંયમ પાળવાની શિક્ષા અપાય છે અને પછી ચિદ્રૂપનું ધ્યાન કરવાની શિક્ષા આપવામાં આવે છે; આ ક્રમ જ્ઞાનીઓએ કહ્યો છે. ૩.

संसारभीतितः पूर्वं रुचिर्मुक्तिसुखे दृढा।
जायते यदि तत्प्राप्तेरुपायः सुगमोस्ति तत् ।।४।।

युगपज्जायते कर्ममोचनं तात्त्विकं सुखं।
लयाच्च शुद्धचिद्रूपे निर्विकल्पस्य योगिनः ।।५।।

**લાગ્યે ભીતિ ભવતણી, ઉગે, મુક્તિસૌખ્યે સુરુચિ,**
**મુક્તિહેતુ સુગમ અતિ તો આદ્ય તે તીવ્ર રુચિ;**
**પામે યોગી સત્ સુખ અને કર્મ મુક્તિય સાથે,**
**નિર્વિકલ્પી યદિ લય લહે શુદ્ધ ચિદ્રૂપમાં તે. ૪-૫.**

**અર્થ** :—જો સૌથી પ્રથમ સંસારના ભયથી મોક્ષસુખમાં દૃઢ રુચિ ઉત્પન્ન થાય, તો તે મોક્ષસુખની પ્રાપ્તિનો સહેલો ઉપાય છે. ૪.

શુદ્ધ ચિદ્રૂપમાં તલ્લીન થવાથી નિર્વિકલ્પ યોગીને કર્મથી મુક્તિ અને તાત્ત્વિક સુખ એકસાથે પ્રગટે છે. ૫.

अष्टावंगानि योगस्य यमो नियम आसनं।
प्राणायामस्तथा प्रत्याहारो मनसि धारणा।।६।।

ध्यानश्चैव समाधिश्च विज्ञायैतानि शास्त्रतः।
सदैवाभ्यसनीयानि भदंतेन शिवार्थिना।।७।।

(હરિગીત)

**યમ નિયમ આસન તેમ પ્રાણાયામ પ્રત્યાહારને,**
**મનધારણા સદ્ધ્યાને પ્રાંતે સમાધિ સાર જે;**
**સત્શાસ્ત્રથી જાણી યથારથ યોગનાં અષ્ટાંગ એ,**
**અભ્યાસ તેનો નિત્ય કરવો, સર્વ ભવ્ય શિવાર્થીએ. ૬-૭.**

**અર્થ** :—યમ (આખા જીવન માટે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રત અંશે કે પૂર્ણપણે પાળવા તે), નિયમ (શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ધ્યાન અથવા ત્યાગ, મૌન, ઉપવાસ વગેરે થોડા સમય માટે લેવામાં આવે તે નિયમ છે), આસન (યોગનાં અનેક આસનોમાંથી એક આસને બેસવાનો દૃઢ અભ્યાસ), પ્રાણાયામ (શ્વાસજય), વિષયોથી ઇન્દ્રિયને પાછી વાળવી તે, તત્ત્વસ્વરૂપ ધ્યેયને મનમાં ધારણ કરવું તે; ધ્યાન (ધ્યેયમાં વિશેષે એકાગ્રતા), તથા સ્વરૂપમાં નિરંતર સ્થિતિ તે સમાધિ, આ યોગના આઠ અંગ યોગશાસ્ત્રોથી જાણીને મોક્ષાર્થી ભવ્ય જીવે (તેમનો) નિત્ય અભ્યાસ કરવા યોગ્ય છે. ૬-૭.

भावान्मुक्तो भवेच्छुद्धचिद्रूपोहमीतिस्मृतेः।
यद्यात्मा क्रमतो द्रव्यात्स कथं न विधीयते।।८।।

क्षणे क्षणे विमुच्येत शुद्धचिद्रूपचिंतया।
तदन्यचिंतया नूनं बध्येतैव न संशयः।।९।।

**હું શુદ્ધ ચિદ્રૂપ એમ સ્મરતાં ભાવમુક્ત થવાય જ્યાં,**
**આત્મા ક્રમે કરી તો પછી શું દ્રવ્ય મુક્ત ન થાય ત્યાં;**
**ક્ષણ ક્ષણ મુકાયે કર્મથી જીવ શુદ્ધ ચિદ્રૂપ–ચિંતને,**
**બંધાય તે પરદ્રવ્ય–ચિંતનથી ન સંશય સુજ્ઞને. ૮-૯.**

**અર્થ** :—જો આત્મા હું શુદ્ધ ચિદ્રૂપ છું એમ સ્મરણ કરીને ભાવથી મુક્ત થાય, તો ક્રમે ક્રમે તે દ્રવ્યથી મુક્ત કેમ ન થાય? ૮.

શુદ્ધ ચિદ્રૂપના ચિંતનથી (જીવ) ક્ષણે–ક્ષણે મુક્ત થાય (છે) અને તેનાથી બીજી ચિંતા કરવાથી ખરેખર તે બંધાય જ (છે); એમાં સંશય નથી. ૯.

**सयोगक्षीणमिश्रेषु गुणस्थानेषु नो मृतिः ।**
**अन्यत्र मरणं प्रोक्तं शेषत्रिक्षपकैर्विना ।।१०।।**

**मिथ्यात्वेऽविरते मृत्या जीवा यांति चतुर्गतीः ।**
**सासादने विना श्वभ्रं तिर्यगादिगतित्रयं ।।११।।**

**ગુણસ્થાન ત્રીજે બારમે ને તેરમે મૃત્યુ નહીં,**
**ના ક્ષપક શ્રેણીમાં મરણ કહ્યું અન્ય ગુણસ્થાનો મહીં;**
**મિથ્યાત્વ અવિરતિમાં મરણ થાતાં ચતુર્ગતિ જીવ જતા,**
**સાસાદને મૃત્યુ થતાં વિણ નરક ત્રણ ગતિ પામતા. ૧૦-૧૧.**

**અર્થ** :—તેરમા સયોગ કેવળી, બારમા ક્ષીણમોહ અને ત્રીજા મિશ્ર ગુણસ્થાનોમાં મરણ થતું નથી. બીજાં ત્રણ ક્ષપક શ્રેણીના ૮-૯-૧૦ ગુણસ્થાન વિના બાકીના બીજા ગુણસ્થાનોમાં મરણ થાય છે, એમ કહ્યું છે. ૧૦.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાં, ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં, મરણ પામેલા જીવો ચાર ગતિમાંની કોઈ એક ગતિમાં જાય છે, બીજા સાસાદન ગુણસ્થાનમાં મરણ પામેલા જીવ નરક સિવાય, તિર્યંચ, મનુષ્ય ને દેવ એ ત્રણ ગતિમાંની કોઈ એક ગતિમાં જાય છે. ૧૧.

अयोगे मरणं कृत्वा भव्या यांति शिवालयं।
मृत्वा देवगतिं यांति शेषेषु सप्तसु ध्रुवं॥१२॥

ભવ્યો અયોગી ગુણસ્થાને મરણથી શિવ પહોંચતા,
ગુણસ્થાન બાકી સાત તેમાં મરણ કરી સુરગતિ જતા. ૧૨.

**અર્થ** :—ભવ્ય જીવો અયોગી (ચૌદમા) ગુણસ્થાનકે મરણ કરીને મોક્ષસ્થાનમાં જાય છે અને બાકીના સાતમાં મરીને નિશ્ચયથી દેવગતિમાં જાય છે. ૧૨.

शुद्धचिद्रूपसद्ध्यानं कृत्वा यांत्यधुना दिवं।
तत्रेंदियसुखं भुक्त्वा श्रुत्वा वाणीं जिनागतां॥१३॥

जिनालयेषु सर्वेषु गत्वा कृत्वार्चनादिकं।
ततो लब्ध्वा नररत्वं च रत्नत्रय विभूषणं॥१४॥

शुद्धचिद्रूपसद्ध्यानबलात्कृत्वा विधिक्षयं।
सिद्धस्थानं परिप्राप्य त्रैलोक्यशिखरे क्षणात्॥१५॥

साक्षाच्च शुद्धचिद्रूपा भूत्वात्यंतनिराकुलाः।
तिष्ठंत्यनंतकालं ते गुणाष्टक समन्विताः॥१६॥

જન શુદ્ધ ચિદ્રૂપનું કરી સદ્ધ્યાન સુર અધુના થતા;
ઇન્દ્રિય સુખ ત્યાં ભોગવી, જિનવાણી સુણવા પામતા. ૧૩.

ત્યાં સર્વ જિનમંદિર વિષે, વિચરે પૂજાદિ આચરે,
ત્યાંથી ફરી નરભવ અને વળી રત્નત્રય ભૂષણ ધરે;
ત્યાં શુદ્ધ ચિદ્રૂપ ધ્યાનના બળથી કરમનો ક્ષય કરે,
ક્ષણ એકમાં ત્રણ લોક શિખરે સિદ્ધિસ્થાને જઈ ઠરે. ૧૪-૧૫.

અત્યંત નિરાકુળ બની સાક્ષાત્ ચિદ્રૂપ શુદ્ધ તે,
રાજે અનંતા કાળ સુખમાં અષ્ટ ગુણ સમૃદ્ધ તે. ૧૬.

**અર્થ** :—આ વર્તમાન કાળમાં શુદ્ધ ચિદ્રૂપનું સત્ધ્યાન કરીને

જીવ દેવલોકમાં જાય છે, ત્યાં ઇન્દ્રિય સુખ ભોગવીને જિનભગવાનની વાણી સાંભળીને, સર્વ જિનમંદિરોમાં જઈને પૂજા આદિ કરીને, ત્યાર પછી મનુષ્યભવ અને રત્નત્રયરૂપ ભૂષણ પ્રાપ્ત કરીને, શુદ્ધ ચિદ્રૂપના સદ્ધ્યાનના બળથી, કર્મનો નાશ કરીને, ક્ષણમાં ત્રણ લોકના શિખર ઉપર સિદ્ધસ્થાન પામીને તથા સાક્ષાત્ શુદ્ધ ચિદ્રૂપ બનીને આઠ ગુણથી યુક્ત તેઓ અત્યંત નિરાકુળ (સુખમય બનીને) અંતકાળ સુધી વિરાજે છે. ૧૩-૧૪-૧૫-૧૬.

**क्रमतः क्रमतो याति कीटिका शुकवत्फलं।**
**नगस्थं स्वस्थितं ना च शुद्धचिद्रूपचिंतनं।।१७।।**

**ક્રમથી ચઢી કીડી તરુ પર સ્વાદુ ફલ શુકવત્ ગ્રહે,**
**ક્રમથી જનો ચિદ્રૂપ ચિંતન શુદ્ધ સ્વસ્થિત ત્યમ લહે. ૧૭.**

**અર્થ** :—ક્રમે ક્રમે ચઢીને કીડી વૃક્ષ ઉપર રહેલા ફળ પાસે પોપટની માફક પહોંચે છે અને મનુષ્ય પોતામાં રહેલા શુદ્ધ ચિદ્રૂપના ચિંતનને તે જ પ્રમાણે ક્રમે કરીને પામે છે. ૧૭.

**गुर्वादीनां च वाक्यानि श्रुत्वा शास्त्राण्यनेकशः।**
**कृत्वाभ्यासं यदा याति तद्धि ध्यानं क्रमागतं।।१८।।**

**जिनेशागमनिर्यासमात्रं श्रुत्वा गुरोर्वचः।**
**विनाभ्यासं यदा याति तद्ध्यानं चाक्रमागतं।।१९।।**

**ગુરુ આદિનાં બહુ વચન સુણી, વળી ભણી શાસ્ત્ર અનેક જે;**
**અભ્યાસ કરીને ધ્યાન લહીએ, ક્રમાગત કહ્યું ધ્યાન તે. ૧૮.**

**જિન શાસ્ત્ર કેવળ સાર જે ગુરુ-વચન એક સુણી યદા,**
**અભ્યાસવિણ તદ્ધ્યાન પ્રાપ્તિ, અક્રમાગત તે તદા. ૧૯.**

**અર્થ** :—ગુરુ આદિનાં વચનો તથા અનેક પ્રકારના શાસ્ત્રો સાંભળીને, (તેમનો) અભ્યાસ કરીને જ્યારે ધ્યાન પમાય છે, ત્યારે તે ખરેખર ક્રમથી પ્રાપ્ત થયેલું ધ્યાન ગણાય છે. ૧૮.

અને જિનેન્દ્રભગવાનનાં શાસ્ત્રોના સંપૂર્ણ એક સારરૂપ માત્ર સદ્‌ગુરુનું વચન સાંભળીને (અનેક) શાસ્ત્રોના અભ્યાસ વિના જ્યારે જીવ ધ્યાન પ્રાપ્ત કરે છે, ત્યારે તે અક્રમાગત ધ્યાન કહેવાય છે. ૧૯.

**न लाभमानकीर्त्यर्था कृता कृतिरियं मया।**
**किंतु मे शुद्धचिद्रूपे प्रीतिः सेवात्रकारणं॥२०॥**

(ઉપજાતિ)

**ન લાભ માટે, નહિ માન અર્થે,**
**કૃતિ રચી આ નહિ કીર્તિ અર્થે;**
**જે શુદ્ધ ચિદ્રૂપમાં પ્રીતિ મારી,**
**તે માત્ર અત્રે કૃતિ હેતુ ભારી. ૨૦.**

**અર્થ** :—આ (ગ્રંથ રચના રૂપ) કૃતિ મેં કાંઈ પણ મેળવવા માનાર્થે કે કીર્તિ પ્રાપ્ત કરવા માટે કરી નથી, પરંતુ મારી શુદ્ધ ચિદ્રૂપમાં જે પ્રીતિ છે તે માત્ર આ રચનામાં કારણ છે. ૨૦.

**जातः श्रीसकलादिकीर्तिमुनिपः श्रीमूलसंघेग्रणी–**
**स्तत्पट्टोदयपर्वते रविरभूद्भव्यांबुजानंदकृत्।**
**विख्यातो भुवनादिकीर्तिरथ यस्तत्पादपंकजे रतः**
**तत्त्वज्ञानतरंगिणीं स कृतवानेतां हि चिद्‌भूषणः॥२१॥**

**શ્રી મૂલ સંઘે અગ્રણી, શ્રી સકલકીર્તિ મુનિવરા,**
**તે પટ્ટરૂપ ઉદયાચળે, ભવિજન-કમલ-હર્ષિત કરા;**
**રવિ સમ ભુવનકીર્તિ થયા, તેનાં ચરણમાં રતિ ઘણી,**
**તે જ્ઞાનભૂષણની કૃતિ આ, તત્ત્વજ્ઞાન તરંગિણી. ૨૧.**

**અર્થ** :—શ્રી મૂળસંઘમાં અગ્રેસર સકલકીર્તિ નામે આચાર્ય થયા. તેમના પટ્ટરૂપ ઉદયાચળ પર ભવ્યજીવોરૂપ કમળોને વિકસાવી આનંદ આપનાર પ્રખ્યાત ભુવનકીર્તિ સૂર્યસમાન થયા, ત્યાર પછી જે તેમના ચરણકમળમાં રત જ્ઞાનભૂષણ થયા, તેમણે આ તત્ત્વજ્ઞાન તરંગિણી નામનો ગ્રંથ રચ્યો છે. ૨૧.

क्रीडंति ये प्रविश्येनां तत्त्वज्ञानतरंगिणीं।
ते स्वर्गादिसुखं प्राप्य सिद्ध्यंति तदनंतरं॥२२॥

**આ તત્ત્વજ્ઞાન તરંગિણીમાં જે પ્રવેશી ત્યાં રમે,**
**સ્વર્ગાદિ સુખને પામીને સિદ્ધિ વરે તે અનુક્રમે. ૨૨.**

**અર્થ** :—જેઓ આ તત્ત્વજ્ઞાનરૂપ નદીમાં પ્રવેશીને ક્રીડા કરે છે, તેઓ સ્વર્ગાદિ સુખ પામીને પછી સિદ્ધ થાય છે. ૨૨.

यदैव विक्रमातीताः शतपंचदशाधिकाः।
षष्टिः संवत्सरा जातास्तदेयं निर्मिता कृतिः॥२३॥


**જ્યાં વર્ષ પંદરસો અને વળી સાઠ વિક્રમનાં વિત્યાં,**
**શ્રી જ્ઞાનભૂષણ કવિવરે રચી આ કૃતિ અતિ સુખદ ત્યાં. ૨૩.**


**અર્થ** :—જ્યારે વિક્રમ સંવતનાં પંદરસો સાઠ વર્ષો વીતી ગયાં, ત્યારે આ કૃતિ રચાઈ છે. ૨૩.

ग्रंथसंख्यात्र विज्ञेया लेखकैः पाठकैः किल।
षट्त्रिंशदधिका पंचशती श्रोतृजनैरपि॥२४॥

**લેખક પાઠક શ્રોતૃજન, લહે સ્વરૂપ સંભાળ;**
**જાણી સંખ્યા પાંચસો, છત્રીસ શ્લોક રસાળ. ૨૪.**

**અર્થ** :—આ ગ્રંથના લેખક, પાઠકોએ અને શ્રોતાઓએ આ ગ્રંથની શ્લોક સંખ્યા પાંચસો છત્રીસ જાણવી.




अनुभूति तीर्थ महान, स्वर्णपुरी सोहे
यह कहानगुरु वरदान, मंगल मुक्ति मिले.